MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૨-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બેટ્સમેનોનો ફ્લોપ શોઃ ભારત પ્રથમ દિવસના અંતે ૫ વિકેટ ગુમાવી ૧૨૨ રન

5 ભારત હિંદ મહાસાગરમાં છ નવી પરમાણુ સબમરીન શામેલ કરશે

7 આખરે લેવાયો નિર્ણયઃ ટ્રમ્પ ગાંધી આશ્રમની મુલાકાત લેશે

10 નર્મદા જિલ્લા વનવિભાગના રોજમદારો સાથે અન્યાયથી કર્મચારીઓમાં રોષ : ઉગ્ર આંદોલનની વકી

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

સ્મીમેરમાં મહિલા કર્મચારીઓને નિર્વસ્ત્ર કરી શારિરીક તપાસ

કર્મચારી સંઘ દ્વારા કમિશનરને ફરિયાદ કરતા તાત્કાલિક નિવૃત્ત ડીન ડો. કલ્પના દેસાઈના નેતૃત્વમાં તપાસ સમિતિની રચના

સુરત

સુરત મહાનગર પાલિકામાં ફરજ બજાવતી મહિલા ટ્રેની કર્મચારીઓને સ્મીમેર હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટમાં એક સાથે નિર્વસ્ત્ર ઉભી રાખી ગાયનેકોલોજિકલ ફિંગર ટેસ્ટ સહિત અંગત સવાલો પુછવામાં આવ્યા હોવાની ચોંકાવનારી બાબત અંગે સુરત મહાનગર પાલિકા કર્મચારી સંઘ દ્વારા મનપા કમિશનર બચ્છાનિધી પાનીને રજુઆત કરવામાં આવતા ચોંકી ઉઠેલા મનપા કમિશનરે તાબડતોજ નિવૃત્ત ડીન ડૉ. કલ્પના દેસાઈની અધ્યક્ષતામાં આસિ. કમિ. ગાયત્રી જરીવાળા, કાર્યપાલક ઈજનેર તૃમ્મિ કળથિયાની કમિટિ બનાવી આ અંગે ૧૫ દિવસમાં રિપોર્ટ રજૂ કરવા માટેનો આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

હજુ તો ભુજના મહિલા કોલેજની ૬૮ વિદ્યાર્થીઅનીના કપડા ઉતરાવી માસિક ધર્મનું ચેકિંગ કરવામાં આવ્યું હોવાની ઘટનાનો વિવાદ થમ્યો નથી, ત્યાં તો સુરતની મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિટલની ૧૦૦ જેટલી મહિલા કર્મચારીના ફિટનેશ ટેસ્ટ નામિ નિર્વસ્ત્ર કરાયાની ઘટના પ્રકાશમાં આવી છે.

સુરત મહાનગર પાલિકા કર્મચારી સઘં દ્વારા મ્યુનિસિપલ કમિશનરને કરવામાં આવેલ ફરિયાદ મુજબ અંદાજે ૧૦૦ જેટલા કર્મચારીઓ ફિટનેસ ટેસ્ટ માટે સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટુટ ઓફ મેડિકલ એયુકેશન એન્ડ રીસર્ચ હોસ્પિટલમાં પહોંચ્યા ત્યારે ડઘાઈ હતી. કેમ કે ફિટનેસ ટેસ્ટના નામે મહિલા કર્મચારીઓના ૧૦ના ગ્રુપને એક જ રૂમમાં કપડા ઉતરાવી ઉભા રાખી દેવામાં આવ્યા હતા. આ રૂમનો દરવાજો પણ યોગ્ય રીતે બધં કરવામાં નહોતો આવ્યો બહારથી હોસ્પિટલના કોરિડોરમાં આવતા જતા લોકો અને

મહિલા કર્મચારીઓને ગ્રુપમાં નિર્વસ્ત્ર કરી ગાયનેકોલોજીકલ ફિંગર ટેસ્ટ બાદ અંગત સવાલો પણ પૂછવામાં આવ્યા હોવાનો આક્ષેપ

મહિલાઓ વચ્ચે એક માત્ર આછો પડદો હોવાનો પણ આરોપ મુકવામાં આવ્યો છે. આ રીતે મહિલઓની આમાન્યા અને પ્રાઈવસીનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

એટલું જ નહીં વિવાદાસ્પદ ફિંગર ટેસ્ટ તો કરવામાં આવી તેમજ અવિવાહિત મહિલાઓને અણછાજતા પ્રશ્નો કરવામાં આવ્યા કે, તેઓ કયારેય પ્રેગનેન્ટ થયા છે કે નહીં. તેમજ આ ભયંકર માનસિક તાણમાંથી પસાર થયેલી કર્મચારીઓ પૈકી કેટલીક મહિલાએ આરોપ મુકયો કે ટેસ્ટ કરનારી મહિલા ડોકટર પણ ખૂબ જ ખરાબ રીતે વર્તન કરતી હતી.

ટ્રેનીને જનરલ ફિટનેસ અંતર્ગત આંખ, નાક,કાન, ગળા, હૃદય, ફેંફસાની ટેસ્ટ કરવામાં આવી હતી. સામાન્ય રીતે આ ટેસ્ટ ૩ વર્ષનો પ્રોબેશન પીરિયડ પૂર્ણ કરવા પર કાયમી ધોરણે નોકરીમાં નિયુકતી મેળવતા પહેલા કરવામાં આવે છે. આ મુદ્દે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન કર્મચારી સઘં દ્વારા કોર્પોરેશન સામે માગણી મુકતા સંઘના જનરલ સેક્રેટરી એ.એ. શેખે કહ્યું કે, અંદાજે ૪૦૦ પૈકી કેટલીક મહિલા ટ્રેની કર્મચારીઓ કે જેને આ વર્ષે કાયમી નિમણુકં મળવાની છે. તેમને આ આઘાત જનક સ્થિતિમાંથી પસાર થવું પડું હતું. મહિલાઓની મનઃસ્થિતિ અંગે જાણ્યા બાદ અમારી માગણી છે કે તાત્કાલીક ધોરણે આ પ્રકારની અમાનવીય ટેસ્ટને બધં કરવામાં આવે. દુનિયામાં કયાંય નોકરી માટે આ પ્રકારે ટેસ્ટ કરવામાં આવતા હોય તેવું કયાંય અમારા ધ્યાનમાં નથી.

તેમણે વધુમાં ડોકટરો પર આરોપ મુકતા કહ્યું કે, જો ડોકટરને આ મહિલ કર્મચારીઓના આરોગ્ય અંગે કોઈ શંકા હતી તો તેમણે સાયન્ટિફિક રીતે ટેસ્ટ કરવા જોઈતા હતા. તેમજ અવિવાહિત મહિલાઓને તેમના ભૂતકાળની પ્રેગનેન્સી અને બીજા અંગત સવાલો પૂછવા એ મહિલાઓની આમાન્યાનું અપમાન છે.

કૂતરો અને દીપડો ખાલી કૂવામાં પડ્યા... ફોરેસ્ટ વિભાગે રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યા



સુરત

ગુજરાત રાજ્યના અડીને આવેલા નંદુરબાર જિલ્લાના શહાદા તાલુકાના વર્ધે ટેંભે ગામડામાં કૂતરાનો શિકાર કરવા માટે દિપડો દોડી રહ્યો હતો. દરમિયાન ખાલી કૂવામાં કૂતરા સાથે દીપડો પડ્યો પડી ગયો હતો. ફોરેસ્ટ વિભાગ દ્વારા બંનેને સહીસલામત બહાર કાઢ્યા હતા. ચમત્કારી ઘટના બની હતી કે, કૂવામાં કુતરાનો દીપડાએ શિકાર ન કરી બે ખુણામાં બેસી રહ્યા હતા. ત્યારબાદ બન્નેને સુરક્ષિત રીતે ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ દ્વારા સહી-સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાને જોવા માટે આજુબાજુના ગ્રામજનો દોડી આવ્યા હતા અને મોટા પ્રમાણમાં ભીડ ઉમટી હતી. એક ચમત્કારી ઘટના બનતા લોકોમાં આશ્ચર્યમાં પડી ગયા હતા.

વેપારીના ખાતામાંથી ચાર્ટડ એકાઉન્ટન્ટે રૂા. ૨.૯૧ કરોડ ટ્રાન્સફર કરી લીધા

વેપારી પંકજ જૈને સીએ પ્રતિક મેઘાણી સામે ફરિયાદ નોંધાવી

સુરત

વેસુના વેપારી પંકજ જૈન પાસે કોરા કાગળો ઉપર સહીઓ કરાવી એક્સિસ બેન્ક ઘોડદોડ બ્રાન્ચમાં રજૂ કરી અલગ-અલગ બેન્ક એકાઉન્ટમાં કુલ્લે રૂપિયા બે કરોડ એકાણું લાખ બ્યાંસી હજાર ટ્રાન્સફર કરાવનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રતિક લાલજી મેઘાણી સામે વિશ્વાસઘાત છેતરપિંડીની ફરિયાદ ઉમરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેસુ રતન અંશ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારી પંકજ મહાવીર પ્રસાદ જૈને આરોપી ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રતિક લાલજી મેઘાણી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પ્રતિક મેઘાણીએ એક્સિસ બેન્કમાં ફરિયાદી પંકજ જૈન પાસે કોરા કાગળો ઉપર સહી કરાવી મેનેજરશ્રી એક્સિસને ઉદ્દેશીને લખી ફરિયાદીના બેન્ક એકાઉન્ટમાંથી લક્ષ્મી નારાયણ રેયોનના બેન્ક એકઉન્ટમાં બે કરોડ, બીજી વખત આઠ લાખ, અને થર્ડ આઈ ટેક્ષ્ટાઈલ્સના એકાઉન્ટમાં ત્રીસ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. તેમજ બીજી વખત પણ થર્ડ આઈ ટેક્સટાઈલ્સ એકાઉન્ટમાં પચાસ લાખ, લક્ષ્મીનારાયણ ટેક્ષ્ટાઈલ્સના એકાઉન્ટમાં ત્રણ લાખ બ્યાંસી હજાર મળી કુલ્લે રૂપિયા બે કરોડ એકાણુ લાખ બ્યાંસી હજારની રકમ ટ્રાન્સફર કરી ફરિયાદી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી પોસઈ બી.બી. ગોંડલિયાએ તપાસ હાથ ધરી છે.

મહાશિવરાત્રી પર્વ: વહેલી સવારથીજ શિવાલયમાં શ્રદ્ધાળુ ભક્તો ઉમટી પડ્યાં

મંદિરોમાં હર હર મહાદેવનો નાદ ગુજયોઃ શિવાલયોમાં ભજન-કીર્તન તથા પાલખી યાત્રાઃ ભક્તો શિવ ભક્તિમાં તરબોળ

સુરત

મહાશિવરાત્રી નિમિત્તે વહેલી સવારથીજ શહેરના તમામ શિવ મંદિરોમાં શિવ ભક્તો ઉમટી પડ્યા હતા. સવારની આરતીનો હજારો ભક્તોએ લાભ લીધો હતો. શિવ આરાધના, ભજનો, ગીતો, ડમરૂ, તેમજ હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠયા હતા. શિવરાત્રી નિમિત્તે મહાદેવના મંદિરોમાં છેલ્લા ગણા દિવસોથી તૈયારીઓ ચાલી રહી હતી. આજે વહેલી સવારથીજ ભક્તોના ઘોડાતુર શિવ મંદિરોમાં ભેગા મળ્યા હતા. શિવ ભક્તોએ દુધ અને જળથી ભોલેનાથનો અભિષેક કર્યો હતો. તમામ શિવ મંદિરોમાં ભક્તોની લાંબી કતારો સવારથી જોવા મળી હતી. શિવ આરાધના, ભજન, ગીતો અને ડમરૂના નાદથી શિવાલયો ગુંજી ઉઠયા હતા. ભાવી ભક્તો પણ હર હર મહાદેવના નાદ સાથે કતારબદ્ધ ઉભા રહીને દર્શન કર્યા હતા.

મહાશિવરાત્રી નિમિત્તે શિવાલયોમાં ભાંગનો પ્રસાદ પણ વિતરિત કરવામાં આવ્યો હતો. શિવજીને પ્રિય કમલકાકડી અને ઘીના કમળ ભક્તો દ્વારા ચઢાવવામાં આવ્યા હતા. શિવરાત્રી મહોત્સવની શોર-જીલ્લામાં રંગે ચંગે ઉજવણી થઈ હતી. શહેર પોલીસ દ્વારા તમામ ધાર્મિક સ્થળો પર વિશેષ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

હોટલ તથા લોજમાં વિદેશી રોકાણ કરે તો તાકીદે પોલીસને જાણ કરવી

સુરત મદદનીશ પોલીસ કમિશનર ચૌધરીનું જાહેરનામું

સુરત

શહેર સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર શહેરી વિસ્તારમાં આવેલા મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ કે ગેસ્ટ હાઉસોમાં બહારના રાજય કે દેશ બહારથી આવતા વિદેશીઓને માલિકો ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪ કલાકમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાનો હુકમ કર્યો છે. જે અંતર્ગત હોટલ, લોજ કે બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વીઝા અને ભારતમાં આવ્યા અંગેની ડીટેઈલ કોપી સહીતની લેવી. વિદેશી નાગરિક તરીકે નોધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવીને રેકર્ડમાં રાખવી. વિદેશી વિઝીટરનું બુકીગ કરાવનારના નામ,સરનામા, ટેલિફોન સહિતના નક્કર પુરાવા મેળવવા. સુરત શહેરમાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી. કોઈ પણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી. માલિકોએ સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને તેનું રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે. આવા ગેસ્ટ હાઉસમાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજિસ્ટરમાં નોધવાનો રહેશે. જે પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ તથા તેના મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોધ કરવાની રહેશે. આ જાહેરનામું તા.૦૯/૦૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉધનાના ગોડાઉનમાંથી સોડિયમ અલ્જાનેટ પાવડરની ચોરી થઈ

ગોડાઉનને વહીવટ કરતા મેનેજરે પાવડરનો જથ્થો બારોબાર વેચી દીધો

સુરત

ઉધના ખાતે આવેલ કેમિકલ ગોડાઉનમાં ચાર્જ સંભાળનાર કર્મચારીએ અલ્જાનેટ પાવડરની ગુણો સગેવગે કરી હોવાની ફરિયાદ ઉધના પોલીસ મથકે નોંધાવા પામી છે.

ઉધના ખાતે આવેલ વિપ્રા કેમિકલ ગોડાઉનમાંથી ગોડાનનો ચાર્જ સંભાળનાર કર્મચારીએ રૂપિયા ૧,૮૭,૫૦૦ની કિંમતની સોડિયમ અલ્જાનેટ પાવડરની ગુણો સગેવગે કરી દીધી હતી. ઉધના પોલીસ સૂત્રોના જણાવયા મુજબ પાલ ગૌરવપથ શ્રી ભારતી રેસિડેન્સીમાં રહેતા પ્રશાંત જયવંત લોકરે આરોપે મઝર શેખ, મુસ્તાક ભટ્ટી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના ણાવ્યા મુજબ ફરિયાદીની ઉધના દેના બેંકની પાછળ આવેલ વિપ્રા કેમિકલ ગોડાઉનનો ચાર્જ સંભાળનાર મઝર શેખ સોડિયમ અલ્જાનેટની ૩૦ ગુણો કિંમત રૂા. ૧,૮૭,૫૦૦ પૈકી ૨૪ ગુણો આરોપી મુસ્તાક ભટ્ટીને વેચી બાકીની ૬ ગુણો પોતાની પાસે સંતાડી રાખી ગુનો કર્યો હતો. ઉધના પોલીસે ફરિયાદ નોંધાવી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ઉદ્યોગપતિનું અપહરણ કરી ૫૦ લાખની ખંડણી લેનાર ૬ની ધરપકડ



વલસાડ

વાપી ચલા સ્થિત શુભમ ટાવરમાં રહેતા અને જીઆઈડીસી ખાતે અમીત એન્જીનીયર્સના નામે કંપની ચલાવતા ૫૫ વર્ષીય અમીતકુમાર મોહનલાલ શાહ ૯ ફેબ્રુઆરીના રોજ કંપનીથી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ઈંડસ્ટ્રીયલ બોઈલર નામની કંપની સામે પેશાબ કરવા ઉભા રહેતા બાઈક અને કારમાં આવેલા અમીતનું અપહરણ કરી બળજબરીથી તેમની કારની પાછળની સીટ પર સુવડાવી ચુપચાપ રહો અવાજ નહીં કરતા કહીં હાઈવે થઈ ચણોદના ચમોલાઈ ગામે લઈ ગયા હતા. જ્યાં એક રૂમમાં ગોંધી રાખી ચપ્પુ અને લાકડાથી મારી દઈશું કહી જાનથી મારવાની ધમકી અપાઈ હતી. સોપારી મળી છે કહીં આરોપીઓએ પીડિતને જણાવેલ કે, એક માણસના રૂ.૫૦ લાખ બાકી છે અને તે ઉઘરાવવા તેમને સોપારી મળી છે. જેમાંથી ૨૦ ટકા તેમને મળશે કહીં તાત્કાલિક રૂ.૫૦ લાખ મંગાવવા કહેતા તે જ સમયે અમીતભાઈના પિતાએ ફોન કર્યો હતો.

લાઉડસ્પીકર ઓન કરાવી આરોપીઓએ તેમના પાસેથી રૂપિયાની માંગણી કરાવી હતી. પિતાએ દોઢ કલાકમાં રૂ.૨૫ લાખની વ્યવસ્થા કરી ફોન કરતા ફરિયાદીએ તેમના ઘરે પણ ૨૫ લાખ પડેલા છે કહ્યું હતું. રૂપિયા લેવા માટે માણસ મોકલાવું છું કહી આરોપીઓ પૈકી ૨ લોકો તેમના પિતા પાસે ગયા હતા અને રૂપિયા લઈ પરત આવી ફરિયાદીને તેમની બીએમડબ્લ્યુ કારમાં પાછળ બેસાડી ભડકમોરા હનુમાન મંદિર પાસે છોડી ગયા હતા. પોલીસે ૬ આરોપીની ધરપકડ કરી તેમની પાસેથી રોકડા રૂ.૫ લાખ, કાર, બાઈક અને એક ટેમ્પો મળી કુલ ૨૪.૩૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે અન્ય ૫ લોકોને પકડવાની તજવીજ હાથ ધરાઈ છે.

નવસારીમાં આંતર જિલ્લા સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

નવસારી

ગુજરાત રાજય પંચાયત સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન કલબ આયોજીત ૨૯ મી સ્વ.બળવંતરાય મહેતા આંતર જિલ્લા સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ તા.૨૨/૦૨/૨૦૨૦ થી તા.૦૧/૦૩/૨૦૨૦ દરમિયાન નવસારી જિલ્લામાં યોજાનાર છે. આ ટુર્નામેન્ટમાં રાજયકક્ષાની ૩૩ ટીમો ભાગ લેનાર છે. કુલ ૧૦ ક્રિકેટ ગાઉન્ડમાં ૪૧ મેચોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૫૮૨ ખેલાડીઓ ભાગ લેનાર છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉદ્ઘાટન કાર્યક્રમ તા.૨૨/૦૨/૨૦૨૦ ના રોજ સાંજે ૪-૦૦ કલાકે લુન્સીકુઈ ગ્રાઉન્ડ, નવસારી ખાતે રાખવામાં આવ્યો છે. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે રાજયના આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા ઉપસ્થિત રહેશે. તેમની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ ડાલ.અમિતાબેન પટેલ, નવસારી સંસદ સભ્ય શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યો સર્વેશ્રી નવસારીના પિયુષભાઈ દેસાઈ, ગણદેવીના નરેશભાઈ પટેલ, વાંસદાના અનંતભાઈ પટેલ, ભૂતપૂર્વ ઈન્ટરનેશનલ ક્રિકેટ ખેલાડી શ્રી મુનાફ પટેલ સહિત જિલ્લા/તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે. નવસારી જિલ્લાના ક્રિકેટ રસીકોને આ મેચ નિહાળવા જિલ્લા પંચાયત, નવસારી ધ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૨૨-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

મારા સ્વાગતમાં એક કરોડ લોકો હશે તો જ મોદીજી મજા આવશેઃ ટ્રમ્પની ચાહત


પહેલા ૫૦ લાખ પછી ૭૦ લાખ હવે ૧ કરોડઃ ટ્રમ્પ દિલ માંગે મોર

સ્ટેડિયમનું ઉદ્ઘાટન નહીં માત્ર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ જ થશે

ટ્રમ્પ અને મોદીની ૨૪ ફેબ્રુઆરીની અમદાવાદ મુલાકાતને લઈ પૂરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને આજે મીડિયા ટીમ સાથે પોલીસ અધિકારીઓ અને જીસીએના હોદ્દેદારોએ તૈયારીઓનું નિરિક્ષણ કર્યું હતું. જો કે ૨૪ ફેબ્રુઆરીએ સ્ટેડિયમનું ઉદ્ઘાટન થશે નહીં માત્ર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ જ યોજાવાનો છે. આ અંગે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ ધનરાજ નથવાણીએ સ્ટેડિયમના ઉદ્ઘાટન અંગે જણાવ્યું કે, આ કાર્યક્રમ ટ્રમ્પના ભવ્ય સ્વાગત માટે છે સ્ટેડિયમનું ઉદ્ઘાટન થશે નહીં.

ભારતના ઊંચા દરો છતાં અમે વ્યાપાર સંધિ મુદ્દે ચર્ચા કરીશુંઃ ટ્રમ્પે ગણતરીના કલાકોમાં જ ફેરવી તોળ્યું





ન્યુ દિલ્હી

૨૪મીએ ભારતની અને સીધા ગુજરાતની મુલાકાતે આવી રહેલા દુનિયાના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાજકિય પરીક્ષા લઇ રહ્યાં છે કે પછી ઉમ્મીદ સે જ્યાદાની આશા રાખી રહ્યાં છે પોતાના શાહી સ્વાગત માટે..? આ મહત્વનો સવાલ હવે સત્તાની ગલીઓમાં એટલા માટે ચર્ચાઈ રહ્યો છે કેમ કે ટ્રમ્પે આજે ભાજપને પરસેવો છૂટી જાય એવી વાત અમેરિકામાં જાહેર મંચ પરથી કહી કે અમદાવાદમાં તેમના સ્વાગત માટે મોદીજીએ પહેલા તો ૬૦થી ૭૦ લાખ લોકો હાજર રહેવાનું કહ્યું હતું પણ હવે જો એક કરોડ(૧૦ મિલિયન) કરતાં ઓછી ભીડ હશે તો તેઓ સંતુષ્ટ નહીં થાય...! એટલે કે એકાદ કરોડની ભીડ હશે તો જ તેમને સંતોષ થશે કે હાશ સારૂ સ્વાગત થયું...! આજનાતેમના આ વલણ અંગે કેટલાક તેને જીદ્દી બાળક સમાન માની રહ્યાં છે તો બીજી તરફ એવી ચર્ચા પણ છે કે શું ખરેખર વડાપ્રધાને તેમને તેમના સ્વાગત માટે અમદાવાદમાં ૬૦થી ૭૦ લાખ(૬થી ૭ મિલિયન) લોકોની ભીડ હાજર રહેશે એમ કહ્યું છે...? કેમ કે આખા અમદાવાદની કુલ વસ્તી જ ૭૦ લાખની છે અને એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમની વચ્ચે ૧૧ કિ.મી.ના વિસ્તારમાં ૬૦થી ૭૦ લાખ

અનુસંધાન પાના નં. ૫

અબકી બાર પુરા ટ્રમ્પ પરિવાર
ટ્રમ્પની દિકરી ઈવાન્કા અને જમાઇ પણ ભારત આવશે

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪-૨૫ ફેબ્રુઆરીએ ભારતના પ્રવાસે આવી રહ્યા છે. હવે તેમના ભારતના પ્રવાસ દરમિયાન તેમની દીકરી ઈવાન્કા ટ્રમ્પ પણ આવી શકે છે તેવા અહેવાલ આવી રહ્યા છે. ટ્રમ્પ અને તેમની પત્ની મેલનિયા ટ્રમ્પની સાથે તેમની દીકરી ઈવાન્કા ટ્રમ્પ પણ ભારત આવી શકે છે. આ ઈવાન્કા ટ્રમ્પનો બીજો ભારત પ્રવાસ હશે. આ પહેલા ઈવાન્કા વર્ષ ૨૦૧૭માં હૈદરાબાદમાં યોજાયેલા ગ્લોબલ બિઝનેસ સમિટમાં ભાગ લેવા માટે આવી હતી.

આરએસએસના અંગ્રેજી મુખપત્ર ઓર્ગેનાઈઝરમાં ભાજપને સલાહ
મોદી-શાહ હંમેશા ભાજપને જીતાડી ન શકે,સ્થાનિક નેતાઓને તૈયાર કરો

દિલ્હીમાં સ્થાનિક લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે પાર્ટીને નવેસરથી તૈયાર કરવાની જરૂર

ન્યુ દિલ્હી

દિલ્હી ચૂંટણીમાં જીત માટે પૂરી તાકાત લગાવી દીધા બાદ પણ ભાજપને ૭૦માંથી માત્ર ૮ સીટો પર જ જીત પ્રાપ્ત થઇ. હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અંગ્રેજી મુખપત્ર 'ઓર્ગેનાઇઝર'માં દિલ્હી ચૂંટણીમાં ભાજપની હારની વિવેચના અને સમીક્ષા છપાઇ છે. આરએસએસના એક લેખમાં ભાજપ, પાર્ટીના દિલ્હી યુનિટ અને ચૂંટણીમાં ઉતરેલા ઉમેદવારો અંગે વિસ્તારથી લખ્યું છે.

દીન દયાળ ઉપાધ્યાયના એક ઉદારણવાળા આર્ટિકલમાં લખ્યું છે કે એક ખરાબ ઉમેદવાર માત્ર એટલા માટે શ્રેષ્ઠ હોવાનો દાવો કરી શકતો નથી કારણ કે જે પાર્ટી સાથે તેમનો સંબંધ છે તે શ્રેષ્ઠ છે. એક દુષ્ટ, દુષ્ટ જ હોય છેપ આ લેખમાં જોર આપીને કહ્યું છે કે ભાજપને એક સંસ્થાન હોવાના નાતે આ સમજવાની જરૂરિયાત છે કે અમિત શાહ અને નરેન્દ્ર મોદી હંમેશા મદદ કરી શકે નહીં.

દિલ્હીમાં ફિજા બદલાય ગઇ છે અને તેના પર આર્ટિકલમાં લખ્યું છે, 'નરેન્દ્ર મોદી અને અમિત શાહ હંમેશા વિધાનસભા સ્તરની ચૂંટણીમાં મદદ કરી શકે નહીં અને કોઇ વિકલ્પ નથી. પરંતુ દિલ્હીમાં સ્થાનિક લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે પાર્ટીને નવેસરથી તૈયાર કરવાની જરૂર છે.' આ આર્ટિકલ ને એડિટર પ્રફુલ્લા કેતકરે લખ્યો છે અને તેનું ટાઇટલ છે, 'Delhi's Divergent Mandate', તેમાં દિલ્હીમાં 'સિટી-સ્ટેટ વોટિંગ બિહેવિયર ને સમજવા પર જોર આપ્યું છે.' આર્ટિકલમાં લખ્યું છએ કે 'શાહીનબાગ નરેટિવ' ભાજપ માટે અસફળ રહ્યો કારણ કે અરવિંદ કેજરીવાલ આ મુદ્દા પર એકદમ સ્પષ્ટ હતા. જો કે

અનુસંધાન પાના નં. ૫

રાજસ્થાનમાં જીપ-ટ્રક વચ્ચે અકસ્માતમાં ૬ શ્રદ્ધાળુઓના મોત
મહારાષ્ટ્રના સોલાપુરમાં જીપ-બસ વચ્ચે અકસ્માતઃ ૪ના મોત,૧૦ ઘાયલ

સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જ્યાં એક જીપ અને રાજ્ય પરિવહન બસની વચ્ચે ટક્કર થઈ. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયા છે. તો ૧૦લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના સોલાપુર જિલ્લાના વૈરાગ ક્ષેત્રમાં બપોરે લગભગ ૨ વાગ્યાની આસપાસ બની, જ્યારે બસ બરશીની તરફ જઈ રહી હતી. આ ઘટના અંગે તપાસ ચાલી રહી છે.

રિપોર્ટ પ્રમાણે હાલમાં મૃતકોની અને ઈજાગ્રસ્તોની ઓળખ થઈ નથી. જાણકારી મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. શવને કબ્જામાં લઈ તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ઈજાગ્રસ્ત મુસાફરોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે મોકલી દેવામાં આવ્યા છે.

મહાશિવરાત્રિના દિવસે વધુ બે ઘટના બની છે. જ્યાં એક ઘટના રાજસ્થાનમાં બની. જેમાં ૬ લોકોના મોત થયા છે. તો બીજી ઘટના મધ્ય પ્રદેશની છે જેમાં ૩ લોકોના મરવાની ખબર છે.

રાજસ્થાનના બનેલી ઘટનામાં ૬ શ્રદ્ધાળુના મોત થયા. તો ૩ લોકો ઈજાગ્રસ્ત થયા. સત્સંગથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની જીપ એક ટ્રક સાથે અથડાઈ જતા આ ઘટના બની. તો મધ્ય પ્રદેશના ભિંડેમાં શિવરાત્રિના પર્વએ કાંવડ લઈને દર્શન કરવા જઈ રહેલા ૩ લોકોની દુર્ઘટનામાં

અનુસંધાન પાના નં. ૫

સુપ્રિમ કોર્ટે હિન્દુઓના લઘુમતી દરજ્જા માટે દાખલ કરેલી અરજી પર સુનાવણીથી ઈન્કાર

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે હિન્દુઓના લઘુમતી દરજ્જા માટે દાખલ કરેલી અરજીની સુનાવણી કરવાનો ઇનકાર કરી દીધો છે. અરજી કર્તા અશ્વિની ઉપાધ્યાયની દલીલ હતી કે દેશના નવ રાજયોમાં હિંદુ લઘુમતિઓ છે અને તેમને ત્યાં લઘુમતિઓના નક્કી કરાયેલા કોઈ લાભ મળતા નથી. ત્યાંની મોટાભાગની વસ્તી તમામ લાભ લે છે, પરંતુ સુપ્રીમ કોર્ટે આ કેસમાં દખલગીરી કરવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે અરજદારોએ પોતાનો મુદ્દો હાઇકોર્ટમાં મૂકવો જોઈએ.

વકિલ અને બીજેપી નેતા અશ્વિની ઉપાધ્યાયની દલીલ હતી કે લદ્દાખમાં હિંદુની વસ્તી ૧ ટકા છે. મિજોરમમાં ૨.૭૫ ટકા, લક્ષ્યદ્વીપમાં ૨.૭૭ ટકા, કાશ્મીરમાં ૪ ટકા, નાગાલેંડમાં ૮.૭૪ ટકા, મેઘાલયમમાં ટકા, અરુણાચલ પ્રદેશમાં ૨૯.૨૪ ટકા, પંજાબમાં ૩૮.૪૯ અને મણીપૂરમાં ૪૧.૨૯ ટકા હિન્દુ વસ્તી છે. પરંતું સરકારી યોજનાઓને લાગૂ કરતા સમયે તેમને લઘુમતિઓ માટે નક્કી કરાયેલ કોઈ લાભ મળતો નથી.

આ પિટિશનમાં ૨૦૦૨ના ટીએમએ પાઇ વિ કર્ણાટક કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને પણ ટાંકવામાં આવ્યો હતો. ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોઈપણ ક્ષેત્રમાં જે લોકોની સંખ્યા ઓછી છે તેમને તેમના ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે બંધારણની કલમ ૩૦ (૧) હેઠળ શાળાઓ અને કોલેજો ખોલવાનો અધિકાર છે. ઉપાધ્યાયે કહ્યું કે હિન્દુઓને જે

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)


સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ટ્રમ્પ-મોદીના પોસ્ટર બેનરો પર કોઈનું નામ કેમ નથી-ચર્ચાતો સવાલ
ઈટ્સ હેપન ઓન્લી ઈન ઈન્ડિયા ટ્રમ્પને કોણે અને કેમ બોલાવ્યા ખબર નથી..!



ગાંધીનગર

૨૪મીએ ગુજરાતની મુલાકાતે આવી રહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે ગુજરાતી અને હિન્દી સહિત અંગ્રેજી ભાષામાં પણ સેંકડોની સંખ્યામાં પોસ્ટર બેનરો અને હોર્ડિંગ્સ બનાવવામાં આવ્યાં છે. અમદાવાદ અને ગાંધીનગરના રસ્તે ઠેર ઠેર લગાવવામાં આવેલા આ બેનરોમાં ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટા તો કેટલાકમાં શ્રીમતી ટ્રમ્પના ફોટા અને નીચે નમસ્તે ટ્રમ્પ...એમ લખેલું જોવા મળે છે પરંતુ નિમંત્રક કે અન્ય કોઈનું નામોલ્લેખ નથી. તેને લઈને રાજકીય ક્ષેત્રે ચર્ચા છે કે જો આ બેનરો-પોસ્ટરોમાં નિમંત્રકનું નામ કેમ નથી...?! ઉપરાંત તેમાં દોસ્તી મજબૂત કરવાની વાત છે તો કોની સાથે ભારત સાથે કે મોદી સાથે...?

રાજકિય સૂત્રોએ કહ્યું કે સામાન્ય રીતે આવા પ્રસંગે લગાવાતા પોસ્ટર-બેનરોમાં નિમંત્રક કે આમંત્રિત સંસ્થા કે સરકાર કે એજન્સીનું નામ જોવા મળે છે. પરંતુ દુનિયાના સૌથી પાવરફુલ દેશ અમેરિકાના સુપરપાવર સમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને ગુજરાત આવતા હોય ત્યારે તેઓ કોના આમંત્રણથી પધારી રહ્યાં છે તેનું નામ જાણવામાં લોકોને રસ હોય.

પોસ્ટર બેનરોમાં નિમંત્રકનું નામ નહીં હોવાથી સવાલ એ થઈ રહ્યો છે કે આવડા મોટા દેશના રાષ્ટ્રપતિ કોના કહેવાથી આવી રહ્યાં છે. દેખીતી રીતે જ ભારત સરકારનું નામ આપવામાં આવી શકે. પરંતુ પોસ્ટરોમાં ક્યાંય પણ કોઈ સરકારનું નામ નથી કે કોઈ સંસ્થા કે સેવાભાવિ સમિતિ વગેરે. કોઈનું નામ દર્શાવવામાં આવ્યું નથી. અને તે કોઈ ભૂલ છે કે જાણીજોઈને નામ ટાળવામાં આવ્યું છે તેની પણ ચર્ચા છે.

સૂત્રોએ કહ્યું કે કેટલાક પોસ્ટરો-બેનરોમાં અંગ્રેજીમાં બે જણાંની દોસ્તીને મજબૂત

અનુસંધાન પાના નં. ૫

તંત્રી સ્થાનેથી...

કુરતાની પણ પરાકાષ્ઠા

તમામ રાજકીય પક્ષો અને સરકારો પોતાને દલિતોની હિતૈષી હોવાના દાવા કરતા રહે છે છતાં દેશના જુદા જુદા ભાગોમાં દલિતો પર અત્યાચારના બનાવો તો બનતા રહે છે. હવે નવેસરનો એક મામલો રાજસ્થાનના નાગોર જિલ્લામાં સપાટી પર આવ્યો છે. જ્યાં ચોરીના આરોપમાં દલિતોની જોરદાર રીતે નિર્દય સાથે મારામારી કરવામાં આવી હતી. મારામારીના વિડિયો સપાટી પર આવ્યા બાદ આને લઈને ફરી એકવાર રાજનીતિ શરૂ થઈ ગઈ છે. મારામારીનો વિડિયો જારી કરવામાં આવ્યા બાદ રાજસ્થાનમાં રાજનીતિ ચરમસીમા પર પહોંચી ગઈ છે. પહેલા નાગોરના સાંસદ હનુમાન બેનિવાલે આ ઘટનાને લઈને ટ્વિટ કરીને જોરદાર ચર્ચા જગાવી છે. બીજી બાજુ પાર્ટીના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ બપોરે પોતાની પાર્ટીને કઠોર કાર્યવાહી કરવા માટે આદેશ કર્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ પ્રહારો કરવાની શરૂઆત કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ રાહુલને યાદ અપાવતા કહ્યુ હતુ કે રાજસ્થાનમાં કોની સરકાર રહેલી છે. રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગહેલોતે તરત જ ટ્વિટ કરીને ઘટના પર તરત એક્શન લઈને દોષિતોને પકડી પાડવા માટેની વાત કરી છે. બીજી બાજુ મામલો તીવ્ર બનતા સાંજ થતાની પહેલા જ સમગ્ર ઘટનામાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ સચિન પાયલોટે ઘટનાની તપાસ કરવા માટે પાર્ટી સ્તરની એક કમિટી બનાવવા માટેની જાહેરાત કરી હતી. યુવાનની મારામારીને લઈને જે વિડિયો વાયરસ થયો હતો તે ૧૬મી ફેબ્રુઆરીના દિવસનો છે. નાગોર જિલ્લાના ખીંવસરની નજીક કરણુ ગામમાં એક સર્વિસ સેન્ટર પર મોટરસાયકલ સર્વિસ કરાવવા માટે ગયેલા યુવાનો પર કાઉન્ટરમાંથી ચોરી કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેના પર આક્ષેપ કરીને તેની સાથે મારામારી કરવામાં આવી હતી. વિડિયો વાયરલ થયો ન હોત તો આ સમગ્ર પ્રકરણ એમ જ દબાઈ ગયો હતો. આ બાબત યોગ્ય છે કે છેલ્લા વર્ષોમાં દલિત વર્ગમાં જાગૃતિ આવી છે. પરંતુ જાગૃતિના આ દોરમાં તેમના પર હુમલાના તરીકા પણ બદલાઈ ગયા છે. નાગોર જેવી ઘટના આ બાબત સાબિત કરવા માટે પુરતી છે કે સમાનતા આધારિત સમાજના રસ્તા દલિતો માટે હજુ પણ દુરની વાત છે. જેથી તેમને કેટલીક વખત અશ્વ પર બેસવાને લઈને મારામારી કરવામાં આવે છે. હકીકતમાં દલિત અત્યાચારના મામલે રાજકીય પક્ષો એટલા ગંભીર દેખાતા નથી જેટલા હોવા જોઈએ. જો કે આ પ્રકારના મામલામાં વધારે ધ્યાન આપવાની જરૂર છે. મોબ લિંચિંગ અને ભીડની હિંસાની ઘટના વધી રહી છે. રાજસ્થાનમાં સરકારે હાલમાં કાનુનમાં કઠોર જોગવાઈ કરી છે. જેના ભાગરૂપે ભીડમાં સામેલ રહીને લિંચિગમાં સહકાર કરનાર લોકોની સામે પણ કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી રહી છે. જ્યારે આ પ્રકારની ઘટના બને છે ત્યારે શાસકો તરફથી વારંવાર એક સમાન નિવેદન આવે છે. જેમાં કહેવામાં આવે છે કે દોષિતોને કઠોર સજા આપવામાં આવશે. આ પ્રકારની ઘટનામાં સામેલ રહેલા લોકોને છોડવામાં આવશે નહીં. આવી ઘટના ભવિષ્યમાં ન થાય તે માટે પગલા લેવામાં આવશે. દલિત અત્યાચારના મામલા સતત વધી રહ્યા છે. દલિતોના અત્યાચારના મામલે રાજકીય પક્ષો ગંભીર બને તે જરૂરી છે.

મોટા મોટા દાવા છતાં દેશમાં દલિતો પર અત્યાચારના બનાવો સતત બનતા રહે છે

ફલેઓનોઈડથી ભરપુર સફરજન આદર્શ છે...

સફરજન ખુબ આદર્શ ફળ છે

જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયામાં ફાર્માકોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસમાં બ્રેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી. પરિણામ દર્શાવે છે કે ફ્લેઓ નોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.

પેસ એવા ખેલાડી તરીકે છે જેની તુલના અન્ય ખેલાડી સાથે ન થઈ શકે

પેસની ઈનિંગ્સ ખતમ થવાના આરે

૪૬ વર્ષની વયમાં પણ લિયાન્ડર પેસ આંતરરાષ્ટ્રીય ટેનિસમાં લોકપ્રિયતા મેળવી રહ્યો છે : પોતાની ફિટનેસને લઈ પણ ખુબ સાવધાન

લિયાન્ડર પેસ એવા ખેલાડી તરીકે છે જેની સરખામણી અન્ય કોઈ ખેલાડી સાથે કરી શકાય નહીં. ૪૬ વર્ષની વયમા ંપણ તે આંતરરાષ્ટ્રીય ટેનિસમાં લોકપ્રિયતા મેળવી રહ્યો છે. દુનિયાના ટેનિસ ઈતિહાસમાં ખુબ ઓછા ખેલાડીમાં સામેલ છે જે આ વયમા પણ કોર્ટ પર સક્રિય છે અને જુદા જુદા ગૌરવ હાંસલ કરી રહ્યા છે. પોતાની ફિટનેસને લઈને આ વયમાં પણ પેસ તમામનુ ધ્યાન ખેંચી રહ્યો છે. જે જુસ્સા સાથે પેસ આજે પણ રમી રહ્યો છે તેનાથી તમામ ભારતીય લોકોની સાથે સાથે ટેનિસ દિગ્ગજો પણ ગૌરવ અનુભવ કરી રહ્યા છે. જ્યારે પણ તે ડેવિસ કપ માટે રમ્યો છે તેના અંદર તિરંગા ધ્વજને લઈને સન્માન રહ્યુ છે. દરેક મેચ જીતવા માટે પેસે ૧૧૦ ટકા આપવાના પ્રયાસ કર્યા છે. આ જ કારણસર તે ડેવિસ કપમાં તે પોતાની ઉંચી રેન્કિંગના ખેલાડીઓને પરાજિત કરતો રહે છે. તે કેટલાક સ્ટાર ખેલાડીઓને પરાજિત કરીને પોતાની સર્વોપરિતા સાબિત કરતો રહ્યો છે. રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત આ ખેલાડીએ વર્ષ ૨૦૨૦ને વિદાય વર્ષ તરીકે મનાવવા માટે નિર્ણય કરી ચુક્યો છે. આ વર્ષે લિયાન્ડર પેસ કેટલીક મોટી સ્પર્ધામાં ભાગ લેનાર છે. એક મોટા ખેલાડી માટે લોકોની ભરપુર આશાની વચ્ચે ખેલને વિરામ આપવાની બાબત હમેંશા મોટી હોય છે. ભારતમાં હવે પેસને રમતો જોવા માટે સૌભાગ્ય અમને મળનાર નથી. કારણ કે પોતાની છેલ્લી સ્પર્ધા તરીકે ઘરઆંગણે તે બેંગલોર ઓપનમાં રમી ચુક્યો છે. અલબત્ત ભારતમાં તે પોતાની છેલ્લી મેચમાં જીત મેળવી શક્યો ન હતો. જો કે ફાઈનલ સુધી પડકાર ફેંકવા માટેની બાબત પેસની ખાસ વિશેષતા રહેલી છે. ભારત માટે છેલ્લી ડેવિસ કપ મેચ તે છઠ્ઠી અને સાતમી માર્ચના દિવસે ક્રોએશિયાની સામે રમનાર છે. આ મુકાબલાની ટીમેમાં તે સામેલ છે. જો કે કોર્ટમાં તેમને રમવાની તક મળશે કે કેમ તે વાત કરવી મુશ્કેલ છે. ડેવિસ કપમાં પેસના નામ પર સૌથી વધારે ૪૪ ડબલ્સ મેચ જીતવા માટેનો રેકોર્ડ છે. જેથી પેસને રમવાની તક આપવાની બાબત પેસને સન્માન આપવા સમાન રહેશે. છેલ્લા કેટલાક દશકમાં ભારતીય ખેલ જગત પર નજર કરવામાં આવે તો પેસની સમક્ષ માત્ર બે ખેલાડી નજરે પડે છે. જે બે ખેલાડી તેની સામે નજરે પડે છે તેમાં સચિન તેન્દુલકર અને વિશ્વનાથન નો સમાવેશ થાય છે. આમાં કોઈ બે મત નથી કે આ ત્રણેય ખેલાડીઓએ દેશને જે સન્માન અપાયુ છે તે કોઈ પણ અપાવી શકે તેમ નથી. સચિનની વાત કરવામાં આવે તો ક્રિકેટના લગભગ તમામ રેકોર્ડ સચિને પોતાના નામ પર કર્યા છે. સચિન પોતાના કદમાં એટલો વધારો કર્યો છે કે કે તેની સામે કોઈ પહોંચી શકે નહીં. દુનિયાના કોઈ ખેલાડી તેના સમયમાં તેની પાસે દેખાતો ન હતો. તેમ છતાં સચિન ૪૦ વર્ષની વયે સચિને નિવૃતિ લેવાનો નિર્ણય કર્યો હતો. જ્યાં સુધી વયની વાત છે વિશ્વનાથન આનંદ પેસને ટક્કર આપતો નજરે પડે છે. તે ૪૬ વર્ષની વયમાં નિવૃતિ લેવાનો નિર્ણય કરી ચુક્યો છે. જ્યારે આનંદ ૫૦ વર્ષની વયમાં રમતમાં જારી છે. આ બાબત જુદી છે કે બંને રમતમાં કુશળતા જુદી જુદી પ્રકારની જોઈએ છે. શારિરિક તાકાત બાદ પણ જુદી જુદી હોય છે. ચેસ રમવા માટે ખેલાડી ફિટ રહે તે જરૂરી છે પરંતુ તે માનસિક રીતે વધારે મજબુત રહે તે જરૂરી છે., ટેનિસમાં તો કોર્ટમાં મુવ કરવા માટે ખેલાડી ફિટ રહે તે જરૂરી છે. આ જ કારણ છે કે ટેનિસમાં ખેલાડી મોટા ભાગે ૩૫ વર્ષની વય બાદ નિવૃતિ લઈ લેતા હોય છે. ચેસમાં મોટી વય સુધી ખેલાડી રમતા રહે છે. પેસ ૪૬ વર્ષની વયમાં રમી રહ્યો છે તે સ્પર્ધાત્મક ટેનિસ માટે મહત્વ રાખે છે. પેસ ૧૯૮૬માં જ્યારે મદ્રાસમાં ટેનિસ રમવા માટે ટ્રેનિંગ લઈ રહ્યો હતો ત્યારે કોઈએ કલ્પના કરી ન હતી કે તે એક સમય સૌથી સફળ ખેલાડી બની જશે. જો કે એ વખતે તો પેસે પોતે પણ કલ્પના કરી ન હશે કે તે આંતરરાષ્ટ્રીય ટેનિસમાં આટલી લોકપ્રિયતા મેળવી લેશે.વર્ષ ૧૯૯૧માં તે જુનિયર વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયન બન્યો હતો. પેસે પોતાની કેરિયરમાં ૧૦ મિકસ્ડ ડબલ્સ અને આઠ પુરૂષ ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ જીતી લેવામાં સફળતા મેળવી લીધી છે. લિયાન્ડર પેસે ટેનિસના ઈતિહાસમાં અનેક રેકોર્ડ પોતાના નામ પર કર્યા છે. તેની કેરિયર તમામ યુવા ખેલાડી માટે પ્રેરણાસમાન રહી છે.



ઓલિમ્પિકમાં ચન્દ્રક જીતનાર એકમાત્ર ભારતીય

૧૦૦ ખેલાડીઓ સાથે જોડી

લિયાન્ડર પેસે પોતાની કેરિયરમાં ૧૦૦ કરતા વધારે ખેલાડીઓની સાથે જોડી જમાવી છે. તેની આ સફળતા પાછળ મુખ્ય કારણ જોડી બનાવતી વેળા આ બાબતને ધ્યાનમાં રાખવાની રહી છે કે બંને ખેલાડી એકબીજાની ભુલોને કવર કરી શકે. તમામ ટેનિસ પ્રેમીઓ સારી રીતે જાણે છે કે લિયાન્ડર પેસ ઓલિમ્પિકમાં ભારત તરફથી ટેનિસમાં ચન્દ્રક જીતનાર એકમાત્ર ભારતીય ખેલાડી છે. ૧૯૯૬ના એટલાન્ટા ઓલિમ્પિકમાં તે મેલિગિનીને હરાવીને કાસ્ય જીતવામાં સફળ રહ્યો હતો. ઓલિમ્પિકમાં ભાગ લેવાની શરૂઆત પેસે આનાથી ચાર વર્ષ પહેલા વર્ષ ૧૯૯૨માં બાર્સેલોના ઓલિમ્પિકથી જ શરૂઆત કરી હતી. તે રમેશ કૃષ્ણનની સાથે જોડી બનાવીને મેદાનમાં ઉતર્યો હતો. જો તે આ વખતે ટોકયો ઓલિમ્પિકમાં તે ભાગ લેવા માટે સફળ થઈ જાય છે તો તે આઠમી વખત ઓલિમ્પિકમાં એન્ટ્રી કરનાર ખેલાડી બની જશે અને આ રેકોર્ડ તોડવા માટેની બાબત કોઈ પણ ખેલાડી માટે મુશ્કેલરૂપ બની જશે. લિયાન્ડર પેસ કોર્ટમાં તેમની ફિટનેસની સાથે સાથે ઝડપના કારણે પણ ઓળખવામાં આવે છે. ફિટ રહેવા માટે લિયાન્ડ પેસ પિલેટ્સ એક્સરસાઈઝ કરે છે. આનો ઉપયોગ મુખ્ય રીતે પીઠની મસલ્સને યોગ્ય અને ફિટ રાખવા માટે કરવામાં આવે છે. સ્ટેમિના જાળવી રાખવા માટે તે દરરોજ સાયકલિંગ કરે છે. આના કારમે પગના મસલ્સ મજબુત બને છે. સામાન્ય રીતે ટેનિસમાં મજબુત પગની ચાવીરૂપ ભૂમિકા હોય છે. તે કોર્ટમાં ફુર્તિ રાખવા માટે પણ કસરત કરે છે.

બી અવેયર : વધારે પ્રમાણમાં ફળ ખાવાથી દુર રહેવાની સલાહ છે

ડાયાબિટીસ દર્દી ફળો ખાઈ શકે ?

ડાયાબિટીસના દર્દીઓને ફળ ખાવા જોઈએ કે કેમ તે પ્રશ્ન હાલના સમયમાં તમામ લોકો કરતા રહે છે. આને લઈને વિરોધાભાસી જવાબો પણ મળતા રહે છે. ડાયાબિટીસથી ગ્રસ્ત કેટલાક લોકોને એવુ લાગે છે કે ખાંડનુ પ્રમાણ હોતુ નથી જેથી વધુને વધુ પ્રમાણમાં ફળ ખાઈ શકાય છે. જ્યારે કેટલાક લોકો એવા પણ છે જેમને લાગે છે કે ફળ ગળ્યા હોય છે જેથી તેમાં ખાંડનુ પ્રમાણ તો ચોક્કસપણે હોય છે. જેથી તેમનાથી દુર રહેવાની જરૂર છે. આવા ફળ ખાવાથી બ્લડમાં સુગરનુ સ્તર વધવાનો ખતરો રહે છે. આવી સ્થિતીમાં શુ કરવામાં આવે તેવા પ્રશ્ન તમામને સતાવતા રહે છે., માનવ શરીરમાં જે સુગરને ઉર્જા પેદા કરવા માટે સૌથી વધારે ઉપયોગ કરે છે તે ગ્લોકોઝ છે. બટાકા,ચોખા, દુધ ,રોટલી, તમામ ચીજો પચીને લોહીમાં ગ્લોકોઝ પ્રદાન કરે છે. ભોજનમાં લેવામાં આવેલા ખાદ્ય પદાર્થો પેટમાં પચે છે. જેથી ભોજન બાદ હમેંશા લોહીમાં ગ્લોકોઝનુ પ્રમાણ વધેલુ રહે છે. સામાન્ય લોકોમાં આ સ્તર ઓછુ વધે છે. જ્યારે ડાયાબિટીસના દર્દીઓમાં આ સ્તર વધારે પ્રમાણમાં વધે છે. આ બાબતને આધાર તરીકે ગણીને ભોજનના બે કલાક સુધી લોહીમાં સુગરના પ્રમાણની તપાસ કરવામાં આવે છે. અમે લોકો જે દરરોજ ભોજન કરીએ છીએ તેમાં કેટલાક પ્રમાણમાં સુગરનુ પ્રમાણ હોય છે. દુધમાં લેક્ટોજ હોય છે. ફળોમાં ફ્રટોજ અને રોટલીમાં માલ્ટોજ હોય છે. આ વાસ્તવિકતા છે કે જો અમે ફળ ખાઈએ છીએ તો લોહીમાં તરત ગ્લુકોઝન પ્રમાણ એટલુ વધતુ નથી જેટલુ મિઠાઈ ખાવના કારણે વધે છે. અલબત્ત શરીરની અંદર ખાવામાં આવેલા ફકટોજ એટલે કે ફળોના કારણે મળનાર સુગરને ગ્લુકોઝમાં બદલી નાંખવા માટેની પ્રણાલી પણ છે. જેથી ફળનો વધારે પડતો ઉપયોગ પણ ડાયાબિટીસથી ગ્રસ્ત રહેલા લોકોએ કરવો જોઈએ નહી. ફકટોજનના કેટલાક અન્ય નુકસાન પણ રહેલા છે. તે શરીરમાં ટ્રાઈગ્લિસરાઈડ નામના સ્તરને વધારીને સ્થુળતા વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ફળમાં ફકટોજ ઉપરાંત બીજા પૌષક તત્વો પણ હોય છે. ઈન્સુલિનનુ કામ માનવ કોશિકામાં ગ્લુકોઝને પ્રવેશ અપાવવા માટેનો રહેલો છે. જેથી તેનો ઉર્જા બનાવવામાં ઉપયોગ થઈ શકે છે. જો ફકટોજનુ પ્રમાણ વધારે લેવામાં આવે છે તો તે ઈન્સુલિનના કારણે કોશિકામાં પ્રવેશ મેળવનાર ગ્લુકોઝને રોકે છે. આના કારણે લોહીમાં ગ્લુકોઝનુ પ્રમાણ વધી જશે. ડાયાબિટીસના દર્દીઓ ગળ્યા ફળ ઓછા પ્રમાણમાં ખાવે તેમ નિષ્ણાત તબીબો સલાહ આપે છે. વૈશ્વિક ડાયાબિટીશના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ૬૧ મિલિયન ડાયાબિટીશના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીશનો બોઝ ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીશના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીશ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. ૯.૨ ટકા છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે. આઈડીએફના જણાવ્યા મુજબ આ વર્ષે ડાયાબિટીશથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૬૬૬ મિલિયનની આસપાસ રહી છે જેમાં ૪.૬ મિલિયનના મોત થયા છે.

ઉર્જા પૈદા કરવા માટે ગ્લુકોઝનો ઉપયોગ કરવામાં આવે છે : વધારે પડતા ફળ ખાવાથી દર્દીને નુકસાન થાય છે : નિષ્ણાંતો પણ માને છે

કેટલાકને પૃથ્વીમાં સચિન તેન્દુલકરની ઝલક પણ દેખાઈ રહી છે....

પૃથ્વી ભાવિ ક્રિકેટ સ્ટાર તરીકે છે

પોતાની પ્રથમ રણજી , પોતાની પ્રથમ દુલીપ ટ્રોફી મેચ, પોતાની પ્રથમ ટેસ્ટમાં સદી કરનાર પૃથ્વી પાસેથી સારા દેખાવની અપેક્ષા ચાહકોને છે

ન્યુઝીલેન્ડ સામેની વર્તમાન શ્રેણીમાં ટીમ ઈન્ડિયા તરફથી રમી રહેલા પૃથ્વી સાવે તમામનુ ધ્યાન ખેંચ્યુ છે. તે ભારતના ભાવિ સુપરસ્ટાર તરીકે છે તે તમામ ચાહકો માની રહ્યા છે. તે જે રીતે બેટિંગ કરી રહ્યો છે તે જોતા તેની પાસેથી શાનદાર દેખાવની અપેક્ષા ભવિષ્યમાં રાખવામાં આવી રહી છે. રાજકોટના મેદાન પર પૃથ્વીએ પોતાની ટેસ્ટ દરમિયાન તમામને પ્રભાવિત કર્યા હતા. હાલમાં તે ન્યુજીલેન્ડ સામે ટેસ્ટ શ્રેણીમાં રમી રહ્યો છે. તેની પાસે સારા દેખાવની તક રહેલી છે. પૃથ્વીએ પોતાની કેરિયરની પ્રથમ ટેસ્ટ મેચ રમતા જ સદી ફટકારી વિશ્વ ક્રિકેટના ઈતિહાસમાં એ સિદ્ધી મેળવનાર ખુબ ઓછા ખેલાડીની યાદીમાં જોડાઈ ગયો હતો. પ્રથમ ટેસ્ટ મેચ રમ્યા બાદથી પૃથ્વીમાં કેટલાકને સચિન તેન્દુલકરની ઝલક દેખાઈ રહી છે. કેટલાકને વિરેન્દ્ર સહેવાગની ઝલક દેખાઈ રહી છે. પૃથ્વી શો આગામી સમયનો સ્ટાર બેટ્સમેન છે તેમાં કોઈ બેમત નથી. જો કે તેને પોતાની કુશળતા સાબિત કરવા માટે સતત મળેલી તકને રાખવી પડશે. સાથે સાથે સતત સારો દેખાવ કરીને પોતાની કુશળતા દર્શાવવી પડશે. પૃથ્વી પ્રથમ ટેસ્ટ રમીને જ આસમાન પર પહોંચી ગયો હતો. ખાસ બાબત એ છે કે પૃથ્વીએ પોતાની કેરિયરની પ્રથમ રણજી મેચ, પ્રથમ દુલીપ ટ્રોફી મેચ અને પ્રથમ ટેસ્ટ મેચમાં જ સદી ફટકારી દીધી હતી. પૃથ્વીએ રાજકોટમાં ભવ્ય બેટિંગ કરીને તમામ ક્રિકેટ પ્રેમીઓના મન જીતી લીધા હતા. આ બાબત તો યોગ્ય છે કે પૃથ્વીની સામે નબળી ટીમ હતી. પરંતુ આના માટે તેના



મહત્વને ઘટાડી શકાય નહીં. પૃથ્વી દુર સુધી જશે તેવી ક્ષમતા તેમાં દેખાય છે. તે સહેવાગની જેમ બોલને કટ કરે છે. સુનિલ ગાવસ્કર અને સચિન તેન્દુલકરની જેમ સ્ટ્રેટ ડ્રાઈવ કરે છે. એટલુ જ નહીં લક્ષ્મણ અને વિરાટ કોહલીની જેમ ફ્લિક શોટ્સ પણ રમે છે. તે સાબિત કરી ચુક્યો છે કે તે દરેક ફોર્મેટમાં જોરદાર દેખાવ કરવાની ક્ષમતા ધરાવે છે. તે બોલરના હાથમાંથી બોલ નિકળે ત્યાં સુધી તેના પર નજર રાખે છે. શોટ્સ રમવામાં ઉતાવળ કરતો નથી. તે બેકફુક અને ફ્રન્ટ ફુટ પર એક સમાન બેટિંગ કરે છે પરંતુ બેક ફુટ પર જઈને કટ કરવાની બાબત તેની અલગ તરી આવે છે. જે સહેવાગની કુશળતાની યાદ તાજી કરે છે. મેદાન પર તેની નર ફિલ્ડિંગ કરી રહેલા ખેલાડીઓ વચ્ચેથી ગેપ કાઢવાની પણ હોય છે. તે કેટલાક વખત શરીરના દુરના અંતરથી પણ શોટ્સ રમે છે પરંતુ તે આધુનિક સમયનો શ્રેષ્ઠ ખેલાડી બનવાની તમામ ક્ષમતા ધરાવે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પૃથ્વી જ્યા પણ ગયો છે જોરદાર ધમાકો કર્યો છે. ભારતની અંડર-૧૯ ટીમમાં કેપ્ટન તરીકે રહ્યો હતો. તેની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે વિશ્વ કપ જીતી લેવામાં સફળતા મેળવી હતી. રણજી અને દુલીપ ટ્રોફીમાં પણ તે પ્રથમ મેચમાં સદી કરી ચુક્યો છે. પૃથ્વી પહેલા ટેસ્ટ ક્રિકેટમાં કેટલાક ખેલાડી નવી સિદ્ધી મેળવી ચુક્યા છે. ૧૩ ભારતીય ખેલાડી પોતાની પ્રથમ ટેસ્ટમાં જ સદી કરી ચુક્યા છે. સચિન તેન્દુલકરની વિદાય ટેસ્ટમાં જ વેસ્ટ ઈન્ડિઝ ટીમને પૃથ્વીના ચમકી જવાના સંકતો મળ્યા હતા. એ વખતે આ ટીમે ક્યારેય વિચાર્યુ ન હશે કે આ જ બાળક એક દિવસ તેમના પર કહેર બનીને તુટી પડનાર છે. વિતેલા વર્ષોમાં અનેક યુવા ખેલાડી પોતાની કેરિયરની શરૂઆતમાં જોરદાર સફળતા મેળવી ગયા હતા પરંતુ પાછળથી ખુબ ઝડપથી ફેંકાઈ પણ ગયા હતા.

ફિલ્મી ગપસપ...



વરુણ ધવને પોતાની આગામી ફિલ્મ 'કુલી નંબર ૧'નું શૂટિંગ પૂરું કરી લીધું છે. વરુણ ધવને સોશિયલ મીડિયામાં એક તસવીર શેર કરીને કહ્યું હતું, પેનકેક, શુક્રવારનો નંબર વન બ્રેકફાસ્ટ, 'કુલી નંબર ૧'નું શૂટિંગ પૂરું કર્યું.

રઘુવીર યાદવની પત્નીએ ડિવોર્સની અરજી કરી, ઍલિમનિમાં ૧૦ કરોડની માગણી

મુંબઈ

'લગાન' ફેમ એક્ટર રઘુવીર યાદવની પત્ની પૂર્ણિમા ખરગાએ લગ્નના ૩૨ વર્ષબાદ બાંદ્રાની ફેમિલી કોર્ટમાં ડિવોર્સનો કેસ ફાઈલ કર્યો છે. પૂર્ણિમા ૬૦ વર્ષના છે અને તેઓ કથ્થક ડાન્સર રહી ચૂક્યા છે. તેમને ૩૦ વર્ષીય દીકરો છે, જે માતા સાથે રહે છે. જ્યારે રઘુવીરની ઉંમર ૭૦ વર્ષની છે. ડિવોર્સની અરજીમાં પૂર્ણિમાએ એક લાખ રૂપિયાનું ઈન્ટર્મ મેન્ટેનન્સ તથા ૧૦ કરોડ રૂપિયાની ઍલિમનિ માગી છે.

વકીલ ઈશિકા તોલાણી તથા તૌબા ખાને દાખલ કરેલી પિટીશનમાં કહેવામાં આવ્યું છે, અરજકર્તા (પૂર્ણિમા)નું કહેવું છે



કે રિસ્પોન્ડેન્ટ (રઘુવીર)નું અયોગ્ય આચરણ તથા વ્યવહાર, વિશ્વાસઘાત કરવો તથા લગ્નેત્તર સંબંધો (જેનાથી લગ્ન-જીવનમાં ઝઘડાઓ થયા)ને કારણે તે અરજકર્તાની સાથે ક્રૂરતાપૂર્ણ વ્યવહાર કરવાના દોષી છે.

પૂર્ણિમા આંતરરાષ્ટ્રીય કથ્થક ડાન્સર છે. તેમણે પોતાની અરજીમાં કહ્યું હતું કે ૮૦ના દાયકાની શરૂઆતમાં તેઓ કથ્થક માટે વર્લ્ડ ટૂર કરી રહ્યાં હતાં. તેમણે બિરજુ મહારાજના સાનિધ્યમાં ટ્રેનિંગ લીધી હતી. આ સમય દરમિયાન એનએસડી (નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા)માં તેમની મુલાકાત રઘુવીર સાથે થઈ. આ સમયે તેઓ સ્ટ્રગલ એક્ટર હતાં.

મનોજ કુમારને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ લંડ નથી સન્માનિત કરાયાં



મુંબઈ


બોલિવૂડ એક્ટર મનોજ કુમારને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ લંડને સન્માનિત કર્યાં છે. મનોજ કુમારને ભારતીય સિનેમામાં યોગદાન માટે ડબલ્યૂબીઆર ગોલ્ડન એરા ઓફ બોલિવૂડથી નવાજવામાં આવ્યા છે. ૮૨ વર્ષીય મનોજ કુમાર છેલ્લે ૧૯૯૫માં ફિલ્મ 'મેદાન-એ-જંગ'માં જોવા મળ્યાં હતાં.

મનોજકુમારને આ પુરસ્કાર સુપ્રીમ કોર્ટના વકીલ તથા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સના પ્રમુખ સંતોષ શુક્લા, ઉપાધ્યક્ષ ઉસ્માન ખાન તથા પ્રોફેસર રાજીવ શર્માએ આપ્યો હતો. મનોજ કુમારને ભારત સરકારે ૧૯૯૨માં પદ્મશ્રીથી તથા ૨૦૧૫માં દાદા સાહેબ ફાળકે અવોર્ડથી સન્માનિત કર્યા હતાં. મનોજ કુમાર બોલિવૂડમાં 'ભારત'ના નામથી જાણીતા છે. તેમણે બોલિવૂડમાં 'હરિયાલી ઔર રાસ્તા', 'વો કૌન થી', 'હિમાલય કી ગોદ મેં', 'ઉપકાર' જેવી ફિલ્મ્સ આપી હતી.



ઈટાલીના મિલાનમાં ફેશન વીક દરમિયાન જીલ સેન્ડર વિમેન્સ ફોલ / વિન્ટર ૨૦૨૦/૨૦૨૧ સંગ્રહનું અનાવરણ કરાયું છે.

સના ખાને એક્સ બોયફ્રેન્ડના રાઝ ખોલ્યા, કહ્યું : 'તેણે નાની બાળકીને પ્રેગ્નન્ટ કરી'



મુંબઈ

એક્ટ્રેસ સના ખાને કોરિયોગ્રાફર મેલ્વિન લુઈસ સાથે બ્રેકઅપ કરી લીધા બાદ તેના રાઝ ખોલ્યા છે. આ વાતની જાણકારી સનાએ ૧૨ ફેબ્રુઆરીના રોજ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર આપી હતી. બ્રેકઅપ માટે સનાએ મેલ્વિનને જવાબદાર ગણાવ્યો હતો કે તે તેને છેતરી રહ્યો હતો. સનાએ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ વીડિયોમાં કહ્યું હતું કે કઈ રીતે મેલ્વિન તેના પર બંધન લાદતો હતો અને તેને ચીટ કરતો હતો. તેના ઘણી છોકરીઓ સાથે સંબંધ હતા. લાઈવ વીડિયોમાં જ તે ઘણી ભાવુક થઈ ગઈ અને લાઈવ પૂરું કરી દીધું હતું.

લાઈવ વીડિયો પૂરો કર્યા બાદ સનાએ એક ઈન્સ્ટા સ્ટોરી શેર કરી લખ્યું હતું કે, આ જાણીને આઘાત થયો કે તેણે એક નાની છોકરીને ગર્ભવતિ પણ કરી હતી. છોકરીઓ પાસેથી પૈસા લેતો અને પોતાના વિદ્યાર્થીઓ સાથે ફ્લર્ટ કરતો હતો. એક ટીચર આવો હોય? કેરેક્ટરલેસ લોકો.

સના અને મેલ્વિન ૨૦૧૮માં રિલેશનમાં આવ્યાં હતાં. સનાએ બ્રેકઅપ વખતે કહ્યું હતું કે, 'મેં મેલ્વિન સાથે સંબંધ પૂરો કરી દીધો છે કારણકે તે મને છેતરતો હતો. મેં તેને દિલથી પ્રેમ કર્યો અને તેના સાથે કમિટેડ હતી. અને મને શું મળ્યું રિટર્નમાં... હું ડિસ્ટર્બ થઈ ગઈ છું. મને એન્ઝાઈટિ ઈસ્યુ થવા લાગ્યા છે અને હું ડિપ્રેશનમાં જતી રહી છું.તે મને મૂકીને ઓલરેડી બીજા સાથે રિલેશનમાં આવી ગયો છે.'

'કુકરે' ફેમ મંજોત સિંહે કહ્યું : 'સરદાર હોવાના કારણે મને નકારો નહીં'

મુંબઈ

'કુકરે', 'ડ્રીમ ગર્લ' જેવી હિટ ફિલ્મોમાં કામ કરી ચૂકેલ મંજોત સિંહે કાસ્ટિંગ ડિરેક્ટર્સને સલાહ આપી છે. મંજોતનું કહેવું છે કે જો હું ખરાબ એક્ટર હોય તો મને પસંદ ન કરો પરંતુ સરદાર હોવાના કારણે મને નકારો નહીં. એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું કે, હું એક સરદાર છું અને પાઘડી પહેરું છું. ઈન્ડસ્ટ્રીમાંથી અમને ત્યારે જ કોલ આવે છે જ્યારે સ્ટોરીમાં કોઈ સરદારની જરૂર હોય છે. માની લો કે તમે બે ફ્રેન્ડ્સની સ્ટોરી લખો છો તો તેમાં તમિળ, ગુજરાતી સિવાય સરદાર પણ હોઈ શકે છે. તેના માટે પંજાબમાં બનાવવાની જરૂર નથી. તેણે કહ્યું કે હું સામાન્ય માણસ અને એક્ટર છું અને તમારે મને એ જ જૂની રીતથી રજૂ કરવાની જરૂર નથી.

મંજોત સિંહે કહ્યું કે, હું પાઘડી હટાવવા અને વાળ કપાવવા વિશે ક્યારેય વિચારી પણ નથી શકતો. જો હું મારા ધર્મનું સમ્માન નથી કરી શકતો તો હું કોઈ પાસેથી આ સમ્માન મેળવવાની આશા પણ ન રાખી શકું. ઈન્ડસ્ટ્રીમાં કોઈ સરદાર વાળ કપાવીને આવે છે તો એ તેની મરજી છે. રોલ માટે હું વાળ નહીં કપાવું, હું જન્મથી જેવો છું એમ જ રહીશ તેમાં ફેરફાર તમારે ફિલ્મને દિલ્હી કે નહીં કરું.

શિલ્પા શેટ્ટીનાં ઘરે ફરી પારણું બંધાયું... સરોગેસી દ્વારા માતા બની

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના ઘરે ખુશખબર આવી છે. શિલ્પા ૪૪ની ઉંમરમાં બીજી વખત માતા બની છે. અભિનેત્રીએ પોતે પ્રશંસકોને આ જાણકારી પોસ્ટ કરી આપી છે. શિલ્પાના ઘરે આવેલ આ નાનકડી પરીનો જન્મ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ થયો હતો.

શિલ્પા બીજી વખત સરોગેસી દ્વારા માતા બની છે. શિલ્પાએ પોતાની દીકરાના જન્મની જાણકારી ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર પોસ્ટ કરીને આપી છે. શિલ્પાએ દીકરનું નામ સમીશા રાખ્યુ છે. ઈન્સ્ટાગ્રામ પર આ તસવીરમાં શિલ્પા દીકરીએ હાથ પકડેલ છે. પોસ્ટમાં શિલ્પાએ લખ્યુ,''ઓમ ગણેશાય નમ:, અમારી પ્રાર્થનાનો જવાબ મળી ગયો છે. એ વાતની જાણકારી આપતા ખુશી થઈ રહી છે કે, નાનકડી પરી અમારા ઘરમા આવી છે. સમીશા શેટ્ટી કુંન્દ્રા. સમીશાએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ જન્મ લીધો. ઘરમાં જૂનિયર એસએસકે આવી ગઈ છે.''

પોસ્ટમાં શિલ્પાએ દીકરીના નામનો મતલબ પણ સમજાવ્યો છે. શિલ્પાએ પોસ્ટમાં લખ્યુ-'સા સંસ્કૃતનો શબ્દ છે જેનો મતલબ 'ટૂ હૈવ' થાય છે અને મિષા રશિયન શબ્દ છે. જેનો અર્થ થાય છે 'કોઇ જે ભગવાન માફક હોય'. એચલે કે અમારી દેવી લક્ષ્મી, જેને અમારા પરિવારને પૂર્ણ કર્યો. અમારી દીકરીને તમારો પ્રેમ અને આશિર્વાદ આપો.'

રમત જગત વિશેષ

પૂનમ યાદવે ચાર વિકેટ લીધી, ભારતે ચાર વિકેટે ૧૩૨ રન બનાવ્યા

મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ : ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૭ રને હરાવ્યું

સિડની

મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની પ્રથમ મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૭ રને હરાવ્યું છે. પૂનમ યાદવે ભારત વતી ચાર વિકેટ લીધી. સિડનીમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ૨૦ ઓવરમાં ભારતે ચાર વિકેટના નુકસાને ૧૩૨ રન બનાવ્યા હતા. ભારત વતી દીપ્તિ શર્માએ ૪૯ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાની જેસ જોનાસેને બે વિકેટ ઝડપી હતી.

ભારત વતી શેફાલી વર્માએ ૨૯ રન, સ્મૃતિ મંધાનાએ ૧૦ રન, જેમિમા રોડ્રિગ્સએ ૨૬ રન, હરમનપ્રીત કોર બે રન, દીપ્તિ શર્માએ ૪૯ રન અને વેદા કૃષ્ણમૂર્તિએ નવ રન બનાવ્યા હતા.

૧૩૩ રનના વિજય લક્ષ્યાંક માટે મેદાનમાં ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમ ૧૧૫ રન બનાવી ૧૯.૫ ઓવરમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.

ઓસ્ટ્રેલિયા વતી અલિસા હિલીએ ૫૧ અને એશ્લે ગાર્ડનર ૩૪ રન બનાવ્યા હતા. આ બન્ને ખેલાડી જ ૧૦ રનના સ્કોરને વટાવી શકી હતી, બાકીની તમામ ખેલાડી સિંગલ ડિજિટમાં આઉટ થઈ હતી. ભારત વતી પૂનમ યાદવે ચાર વિકેટ, શિખા પાંડેએ ત્રણ અને રાજેશ્વરી ગાયકવાડેએ એક વિકેટ લીધી હતી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ સૌથી વધુ ચાર વખત વર્લ્ડ કપ જીત્યા છે જ્યારે ભારતીય ટીમ ક્યારેય ફાઇનલમાં પહોંચી શકી નથી. ટુર્નામેન્ટમાં કુલ ૧૦ ટીમ ભાગ લઈ રહી છે. ફાઇનલ ૮ માર્ચે રમાશે.



વરસાદના કારણે પ્રથમ દિવસે ૫૫ ઓવર ફેંકાઇ,ત્રીજું સેશન ધોવાયું

બેટ્સમેનોનો ફ્લોપ શો: ભારત પ્રથમ દિવસના અંતે ૫ વિકેટ ગુમાવી ૧૨૨ રન





ભારતીય ઓપનિંગ જોડી ફેલ: કોહલી-પૂજારા નિષ્ફળ, રહાણે-પંત રમતમાં, ડેબ્યૂ મેચમાં જ જેમિસને ત્રણ વિકેટ ઝડપી

વેલિંગ્ટન

વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. આજથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલરો સામે ભારતીય બેટિંગ ટકી શકી નહતી. ટી-બ્રેક સુધી ભારતીય ટીમ માત્ર ૧૨૨ રન બનાવી શકી હતી. જ્યારે તેની ૫ વિકેટ પડી હતી. વરસાદને કારણે ટી-બ્રેકથી આગળ રમત શરૂ થઈ શકી નહતી અને દિવસની રમતને પૂર્ણ કરી દેવામાં આવી હતી. અજિંક્ય રહાણે (૩૮) અને રિષભ પંત (૧૦) રમતમાં છે. બન્ને વચ્ચે ૨૧ રનની ભાગીદારી થઈ ચુકી છે.

ભારતની શરૂઆત ટોસના સમયથી જ ખરાબ રહી હતી. વેલિંગ્ટનની મુશ્કેલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં કેપ્ટન વિરાટ કોહલી ટોસ હારી ગયો હતો અને ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસને બોલિંગ પસંદ કરી હતી. ૨૦૧૮માં ટેસ્ટ ડેબ્યૂ બાદ પ્રથમ વખત પૃથ્વી શૉની ભારતીય ટીમમાં વાપસી થઈ હતી. પોતાના ઘરેલી પરિસ્થિતિઓમાં ઘાતક બોલર ટિમ સાઉથી અને ટ્રેન્ટ બોલ્ટ સામે શોએ સકારાત્મક શરૂઆત કરી હતી. પૃથ્વી શોએ પોતાના અંદાજમાં ૨ બાઉન્ડ્રી ફટકારી હતી. પાંચમી ઓવરમાં ટિમ સાઉથીના પ્રથમ બોલ મિડલ ઓફ સ્ટમ્પ પર પડ્યો હતો. પૃથ્વી શોએ બોલને ઓન સાઈડમાં રમવા માટે પોતાના બેટને બહાર કાઢ્યો હતો પરંતુ બોલ આઉટસ્વિંગ થઈ શોના ઓફ સ્ટમ્પને લઈને ઉડી ગઈ હતી. પૃથ્વી શો ૧૮ બોલમાં ૧૬ રન બનાવી આઉટ થયો હતો.

તે બાદ મયંક અગ્રવાલનો સાથ આપવા માટે ચેતેશ્વર પૂજારા આવ્યો હતો.પૂજારાએ પણ પોતાના અંદાજમાં બેટિંગ કરી હતી.ચેતેશ્વર પૂજારાએ આશરે એક કલાક અને ૪૨ બોલની પોતાની ઈનિંગ્સમાં ૧૧ રન બનાવ્યા હતા. ૩૫ રન પર ભારતની બીજી વિકેટ પડી હતી અને ક્રીઝ પર કેપ્ટન વિરાટ કોહલી આવ્યો હતો. વિરાટ કોહલી પણ માત્ર ૨ રનના સ્કોર પર આઉટ થયો હતો. ભારતે માત્ર ૪૦ રનમાં જ પોતાની ૩ વિકેટ ગુમાવી દીધી હતી.

મયંક અગ્રવાલે વાઈસ કેપ્ટન અજિંક્ય રહાણે સાથે એક મહત્વની ભાગીદારી કરી હતી. બન્નેએ વિકેટ પડતા રોકી હતી અને ભારતીય ઈનિંગ્સને ફરી ઉભી કરવાનો પ્રયાસ કર્યો હતો. બન્નેએ લંચ સુધી ટીમની કોઈ વિકેટ પડવા દીધી નહતી. ભારતે પ્રથમ સેશનમાં ૭૯ રન બનાવ્યા હતા. જોકે લંચ બાદ મયંક અગ્રવાલ (૩૪) રન બનાવી આઉટ થયો હતો. છઠ્ઠા નંબર પર હનુમા વિહારી (૭) પણ વધુ સમય ટકી શક્યો નહતો. જોકે, રહાણેએ કોઈ પરેશાની વગર પોતાની ઈનિંગ્સને આગળ વધારી હતી. રહાણેનો સાથ આપવા રિષભ પંત આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૧૯ બાદ પ્રથમ ટેસ્ટ મેચ રમી રહેલા પંતને રિદ્ધિમાન સાહાની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

રિષભ પંતને શરૂઆતમાં ઘણી પરેશાની થઈ હતી અને ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલરોએ તેને કેટલીક વખત બીટ કર્યો હતો પરંતુ પંત ઉભો રહ્યો હતો. પંતે રહાણે સાથે મળીને ટી-બ્રેક સુધી કોઈ વિકેટ પડવા દીધી નહતી.

કોહલીએ છેલ્લી ૧૯ ઈનિંગ્સથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સેન્ચુરી મારી નથી

વેલિંગ્ટન

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં વેલિંગ્ટનના બેસીન રિઝર્વ ખાતે માત્ર ૨ રન કરીને પેવેલિયન ભેગો થયો હતો. તે ફાસ્ટ બોલર કાઈલી જેમિસનની ઈન્ટરનેશનલ ક્રિકેટમાં બીજી વિકેટ બન્યો હતો. કોહલીની આ ન્યૂઝીલેન્ડના પ્રવાસમાં એક્કોસ ફોર્મેટ ૮મી ઈનિંગ્સ હતી. આ દરમિયાન તેણે માત્ર એક ફિફટી મારી છે. કોહલીએ છેલ્લી ૧૯ ઈનિંગ્સથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સેન્ચુરી મારી નથી. તેણે છેલ્લે બાંગ્લાદેશ સામેની ડે-નાઈટ ટેસ્ટમાં નવેમ્બર ૨૦૧૯માં સદી મારી હતી.

કોહલી પોતાના કરિયરમાં આ પહેલા ૨ વાર આવા ખરાબ ફોર્મમાંથી પસાર થયો હતો કે જ્યાં તેણે ૧૯ અથવા તેથી વધુ ઈનિંગ્સ સુધી સદી મારી નહોતી. કોહલી પહેલીવાર ફેબ્રુઆરીથી સપ્ટેમ્બર ૨૦૧૧ દરમિયાન ખરાબ ફોર્મમાં રહ્યો હતો. ત્યારે તેણે ૨૪ ઈનિંગ્સ સુધી સેન્ચુરી ફટકારી ન હતી. તે ૭ મહિનામાં તેની ઓવરઓલ બેટિંગ એવરેજ ૪૮થી ઘટીને ૩૯ થઈ ગઈ હતી. ત્યારબાદ ૨૦૧૪માં ઈંગ્લેન્ડના પ્રવાસ વખતે કોહલીને સદી તો દૂરની વાત છે, રન કરવામાં સંઘર્ષ કરવો પડ્યો હતો. ફેબ્રુઆરીથી ઓક્ટોબર ૨૦૧૪ સુધી તે સતત ૨૫ ઈનિંગ્સમાં ટ્રિપલ ડિજિટ સુધી પહોંચી શક્યો નહોતો. ઈંગ્લેન્ડ સામેની ૫ ટેસ્ટની સીરિઝમાં કોહલીએ માત્ર ૧૩૪ રન કર્યા હતા. ઓફ-સ્ટમ્પની બહારની લાઈન પર જેમ્સ એન્ડરસન તેને સરળતાથી આઉટ કરી રહ્યો હતો.

ટેલર ન્યૂઝીલેન્ડ માટે ૧૦૦ ટેસ્ટ રમનાર ચોથો પ્લેયર બન્યો

વેલિંગ્ટન

રોસ ટેલર ત્રણેય ફોર્મેટમાં ૧૦૦ મેચ રમનાર વર્લ્ડનો પ્રથમ પ્લેયર બન્યો છે. તેમજ સ્ટિફન ફ્લેમિંગ, ડેનિયલ વિટ્ટોરી અને બ્રેન્ડન મેક્કુલમ પછી કિવિઝ માટે ૧૦૦ ટેસ્ટ રમનાર ચોથો પ્લેયર બન્યો છે. તેણે મેચ પહેલા કહ્યું હતું કે, "૧૦૦મી ટેસ્ટમાં બધાને સારું પ્રદર્શન કરવું હોય છે. પરંતુ હું તેનું દબાણ લઈશ નહીં. આ મેચને પણ અન્ય કોઈ ગેમની જેમ જ લઈશ. મને આશા છે કે હું સીરિઝની પહેલી મેચમાં ટીમ માટે જરૂરી યોગદાન આપીશ." ૩૫ વર્ષીય ટેલર અત્યાસુધીની ૯૯ ટેસ્ટમાં ૪૬.૨૮ની એવરેજથી ૭૧૭૪ રન કર્યા છે, જેમાં ૧૯ સદી અને ૩૩ ફિફટી મારી છે. તેણે ૨૩૧ વનડેમાં ૨૧ સદી અને ૫૧ ફિફટીની મદદથી ૮૫૭૦ રન, જ્યારે ૧૦૦ ટી-૨૦માં ૭ ફિફટીની મદદથી ૧૯૦૯ રન કર્યા છે.

અમે તૈયાર,જેટલા હોય તેટલા આવી જાવઃ ટાઇગર રાજા સિંહ

વારિસ પઠાણના નિવેદન સામે ભાજપ નેતાઓ લાલઘૂમ

કેટલાક કટ્ટરવાદી મુસ્લિમો આ દેશને ગૃહ યુદ્ધ તરફ ધકેલી રહ્યા છેઃ સાક્ષી મહારાજ

બેંગ્લુરુ

અમે ૧૫ કરોડ મુસ્લિમો ૧૦૦ કરોડ પર ભારે પડીશું તેવુ ભડકાઉ નિવેદન આપનાર ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીનના રાષ્ટ્રિય પ્રવક્તા અને મુંબઈના ધારાસભ્ય રહી ચુકેલા વારિસ પઠાણ સામે પૂણેમાં પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

બીજી તરફ ભાજપ સહિતના બીજી પાર્ટીના નેતાઓ પણ હવે વારિસ પઠાણના નિવેદન સામે આકરા નિવેદનો કરી રહ્યા છે. રાજ ઠાકરેની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણના પ્રવક્તા સંદીપ દેશપાંડેએ કહ્યુ હતુ કે, વારિસ પઠાણ દેશમાં ધાર્મિક સદભાવ ખરાબ કરવાની કોશીશ કરી રહ્યા છે. અમે પણ પથ્થરનો જવાબ પથ્થર અને તલવારનો જવાબ તલવારથી આપવાનુ જાણીએ છે.

ભાજપના તેલંગાણાના ધારાસભ્ય ટાઈગર રાજા સિંહે કહ્યુ છે કે, અમે તો તૈયાર છે. જેટલા હોય તેટલા આવી જાવ. જયારે ભાજપના કાનપુરના સાંસદ સત્યદેવ પચૌરીએ વારિસ પઠાણનો વિડિયો શેર કરતા કહ્યુ હતુ કે, ક્યારેક યુપીમાં પણ આવો.

ભાજપના નેતા સાક્ષી મહારાજે કહ્યુ હતુ કે, કેટલાક કટ્ટરવાદી મુસ્લિમો આ દેશને ગૃહ યુધ્ધ તરફ ધકેલી રહ્યા છે. વારિસ પઠાણ અને શરજિલ જેવા લોકોના ઈરાદા ગઝવા એ હિન્દના છે. સરકારે તેના પર ગંભીર કર્યવાહી કરવી પડશે. સીએએના કારણે આવા લોકોના ચહેરા ખુલ્લા પડી ગયા છે. સારી વાત છે કે, દેશના રાષ્ટ્રવાદી મુસ્લિમો વારિસ પઠાણનો વિરોધ કરી રહ્યા છે.

દરમિયાન મોદી સરકારના મત્રી ગિરિરાજ સિંહે કહ્યુ હતુ કે, કોંગ્રેસ, આરજેડી અને દેશના ટુકડે ટુકડે ગેંગને પૂછવા માંગુ છું કે, શું તે હિન્દુસ્તાનને પાકિસ્તાન બનાવવા માંગે છે.

આરજેડી નેતા તેજસ્વી યાદવે પણ કહ્યુ છે કે, વારિસ પઠાણની ધરપકડ કરવામાં આવે. એઆઈએમઆઈએમ ભાજપની બી ટીમની જેમ કામ કરી રહી છે. ભાજપના અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્મા જેવા નેતાઓની પણ ધરપકડ થવી જોઈએ.

તલવારનો જવાબ તલવારથી આપીશું : એમએનએસ

પઠાણના નિવેદન પર રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. એમએનએસના પ્રવક્તા સંદીપ દેશપાંડેએ કહ્યું હતું કે, વારિસ પઠાણ દેશમાં ધાર્મિક સદ્ભાવ ખરાબ કરવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીની લાઈન ક્લિયર છે, આ પ્રકારના ભેદભાવમાં અમને કોઈ વિશ્વાસ નથી. પરંતુ તેમ છતાંયે જો કોઈ આ પ્રકારની વાત કરે છે તો અમે પણ પથ્થરનો જવાબ પથ્થરથી અને તલવારનો જવાબ તલવારથી આપીશું.

રેશમબાગ નાગપુરમાં જનસભા પણ સંબોધશે

ભીમ આર્મી ચીફ ચન્દ્રશેખર આઝાદ આજે નાગપુરમાં સંઘ કાર્યાલય બહાર તિરંગો ફરકાવશે

ન્યુ દિલ્હી

ભીમ આર્મી ચીફ ચન્દ્રશેખર આઝાદે આરએસએસ પર નિશાન સાધ્યું છે. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે, ૨૨ ફેબ્રુઆરીએ નાગપુરના રેશમબાગ સ્થિત આરએસએસની હેડ ઑફિસ સામે તિરંગો ફરકાવશે. તેમણે કહ્યું નાગપુરમાં જનસભા કરવાની મંજૂરી હાઈકોર્ટ તરફથી મળી ગઈ છે.

ચંદ્રશેખરે ટ્વીટ કરીને લખ્યું કે, "આવતીકાલે બે વાગ્યે રેશમબાગ નાગપુર આવી રહ્યો છું. નકલી રાષ્ટ્રવાદીઓના સંગઠન આરએસએસ જેઓએ આજ સુધી તિરંગાને સન્માન નથી આપ્યું, કાલે આપણે તેમના હેડક્વાર્ટર સામે તિરંગો ફરકાવીશું. કાલે તમામ સાથીઓ રેશમબાગમાં તિરંગો લઈને પહોંચજો અને બતાવી દેજો કે, તેમના ભગવા પર આપણો તિરંગો ભારે છે."

અન્ય એક ટ્વિટમાં લખ્યું કે, ૨૨ ફેબ્રુઆરીએ મહારાષ્ટ્ર હાઈકોર્ટે નાગપુરમાં જનસભા કરવાની મંજૂરી આપી દીધી છે. આવતીકાલે ૨ થી ૫ વાગ્યા સુધી રેશમબાગ નાગપુરમાં જનસભા થશે.

તેજપ્રતાપ યાદવે નીતિશ કુમારની સરખામણી કંસ સાથે કરી

વૈશાલી

બિહારમાં વિધાનસભા ચૂંટણીને લઈને અત્યારથી જ રાજકીય ઘમાસાણ મચ્યું છે. ત્યારે આરજેડીના સુપ્રીમો અને પૂર્વ સીએમ લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજપ્રતાપ યાદવે નીતિશકુમાર વિરૂદ્ધ કરેલી ટિપ્પણીથી રાજકીય ગરમાવો આવ્યો છે. મહાશિવરાત્રિની પૂર્વ સંધ્યાએ વૈશાલીના ગંગાજલ ગામમાં તેજપ્રતાપ યાદવ ફરી કૃષ્ણ અવતારમાં જોવા મળ્યા.

આ દરમ્યાન તેજપ્રતાપ યાદવે નીતિશકુમારની સરખામણી કંસ સાથે કરી ઉપસ્થિત જનમેદની સમક્ષ જણાવ્યું કે આ વખતે કંસનો વધ થશે. જે બાદ તેમણે લોકોને પૂછ્યું કે ૨૦૨૦માં કોનો વધ થશે. ત્યારે ઉપસ્થિત મેદનીએ નીતિશ કુમારના નામના નારા લગાવ્યા. તેજપ્રતાપે જણાવ્યું કે આપણે આ કહેવાની પણ જરૂર નથી. કેમકે બધાને સારી રીતે ખબર છે કે આપણું બિહાર કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે.

પાકિસ્તાન જૂન,૨૦૨૦ સુધી ગ્રે લીસ્ટમાં જળવાઈ રહેશે

એફએટીએફઃ ચીન,તુર્કી,મલેશિયાએ પાકિસ્તાનને બચાવ્યુ,જૂન સુધી મુદત મળી

પેરિસ

ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સએ પાકિસ્તાનને તેના ૨૭ મુદ્દાની કાર્યયોજના સાથે ગ્રે લીસ્ટમાં જાળવી રાખવાનો અને આતંકવાદ વિરોધ વધુ કડક પગલા ભરવા માટે જૂન,૨૦૨૦ સુધીની મુદત આપવાનો નિર્ણય કર્યો છે. ચીન, મલેશિયા અને તુર્કી જેવા દેશોએ પાકિસ્તાનને બ્લેક લીસ્ટ થવાથી બચાવ્યું છે. અલબત તેને ગ્રે લીસ્ટમાંથી બચવા માટે ૧૩ દેશના સમર્થનની જરૂર હતી, પણ તેને આટલા દેશનું સમર્થન મળ્યું ન હતુ. જોકે ચીન, તુર્કી અને મલેશિયા જેવા કેટલાક દેશોની તેને મદદ મળી હતી.

એફએટીએફએ આ સાથે પાકિસ્તાનને ચેતવણી આપી છે કે જો તે આતંકવાદ સહિત ૨૫ મુદ્દાની કાર્યયોજના પૂરી નહીં કરે તો તેને બ્લેક લીસ્ટમાં નાંખી દેવામાં આવશે. આ નિર્ણય એફએટીએફની આંતરરાષ્ટ્રીય સહયોગ સમીક્ષા સમૂહની બેઠકમાં લેવામાં આવ્યો હતો. તેની બેઠક પેરિસમાં યોજાયેલી બેઠકમાં લેવામાં આવ્યો છે.

પાકિસ્તાને જૂન ૨૦૨૦ સુધીમાં એફએટીએફની ગ્રે લીસ્ટથી બચવા માટે તમામ ૧,૨૬૭ નાણાં સંસ્થા અને ૧,૩૭૩ આતંકવાદી સામે કાર્યવાહી કરવી પડશે. ઈસ્લામાબાદે આ આતંકવાદીઓ અને સંગઠનોને ટેરર ફંડ એકત્રિત કરતા અટકાવવાનું રહેશે, સાથે તેણે આ પ્રકારની પ્રવૃત્તિ સાથે સંડોવાયેલી વ્યક્તિની સંપત્તિ પણ જપ્ત કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રે અથવા બ્લેક લીસ્ટમાં કોઈ દેશને નાંખવામાં આવતા તેને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી ઋણ મેળવવાનું મુશ્કેલ બને છે.

ફેસબુકઃ ધ ઈનસાઈડ સ્ટોરીમાં કરવામાં આવેલો દાવો

માર્ક ઝુકરબર્ગે બગલ નીચેનો પરસેવો લૂછવા માટે આખી ટીમ રાખી હતી

સાન ફ્રાન્સિસ્કો

ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગ ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે તે એક વિચિત્ર રીતના કારણે ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં પ્રકાશિત પુસ્તકમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે માર્ક ઝુકરબર્ગે તેની બગલ (ખભા નીચે) પરસેવા માટે આખી ટીમને રાખી હતી. ટેક્નોલોજી જર્નાલિસ્ટ સ્ટીવન લેવી ટેક્નોલોજી મેગેઝિન વાયર્ડના તંત્રી છે. તેણે ઘણા વર્ષોથી ફેસબુકને આવરી લીધું છે. લેવીની પુસ્તક 'ફેસબુકઃ ધ ઈનસાઈડ સ્ટોરી' માં કરવામાં આવેલ આ દાવા ફેસબુકના કર્મચારીઓ દ્વારા કહેવાતા શબ્દોને સંદર્ભિત કરે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પુસ્તકના લેખક પાસે ૨૦૦૬ માં લખેલી ઝકરબર્ગની વ્યક્તિગત ડાયરી વિશેની માહિતી છે.

લેવીના પુસ્તકમાં ઝકરબર્ગના જીવન સાથે જોડાયેલી ઘણી વ્યક્તિગત બાબતો બહાર આવી છે. તેઓએ લખ્યું છે કે જ્યારે ઝકરબર્ગ ઈન્ટરવ્યૂ, ભાષણ અથવા કોઈ મોટી ઘટના પહેલા નર્વસ થઈ જાય ત્યારે તે પરસેવો પાડતો હતો. આ જ સમસ્યા માટે એક ટીમ બનાવવામાં આવી હતી. તો પુસ્તકમાં ૨૦૧૦ માં ઝકરબર્ગના ઈન્ટરવ્યુનો પણ ઉલ્લેખ છે. બ્લૂમબર્ગ દ્વારા પુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. જ્યાં આ બાબત સામે આવ્યા બાદ યુઝર્સ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયા આપી રહ્યા છે. તો ટ્વિટર સીઈઓ જેક ડોર્સીએ પોતાના નિવેદનમાં કહ્યું કે 'મેં ક્યારેય મારા સ્ટાફને બગલ સુકાવવા કહ્યું નહીં, પરંતુ જો મારી ટીમ મને કહેશે, તો હું તેમ કરવા માંગું છું.'

૧૫ માર્ચે અમિત શાહ સીએએના સમર્થનમાં હૈદરાબાદમાં જંગી રેલી કરશે

ન્યુ દિલ્હી

નાગરિકતા સુધારા કાયદા(સીએએ) પર થયેલા હોબાળા વચ્ચે હવે લોકોને સમજાવવા માટે ખુદ ગૃહમંત્રી અમિત શાહ રસ્તા પર ઉતરવાના છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આગલા મહિને ૧૫ માર્ચના રોજ અમિત શાહ હૈદરાબાદમાં એક સીએએ સમર્થન રેલીને સંબોધિત કરવાના છે. ગૃહમંત્રીની આ રેલીને તેલંગાના પોલિસે મંજૂરી આપી દીધી છે. તેલંગાના ભારતીય જનતા પાર્ટી એકમના અધ્યક્ષ કે લક્ષ્મણે શાહની આ રેલી વિશે માહિતી આપી છે.

તેલંગાના ભાજપ અધ્યક્ષ કે લક્ષ્મણે જણાવ્યુ કે રાજયમાં તેલંગાના રાષ્ટ્ર સમિતિ પાર્ટી અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી ઑલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન સીએએ વિશે લોકોને ખોટી માહિતી આપી રહી છે, તેમને ભડકાવી રહી છે. વિપક્ષી પાર્ટીઓ દ્વારા કથિત ખોટા પ્રચારનો મુકાબલો કરવા માટે નાગરિકતા સુધારા અધિનિયમ પર ભાજપ કાયદાના યોગ્ય તથ્યો માટે એક રેલી કરશે જેમાં ખુદ ગૃહમંત્રી અમિત શાહ લોકોને સંબોધિત કરશે. કે લક્ષ્મણે આરોપ લગાવ્યો કે તેલંગાનાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે કલ્યાણકારી યોજનાઓને લાગૂ કરી અને માત્ર ચૂંટણી દરમિયાન સરકારી કર્મચારીઓ માટે પગાર સુધારાની ઘોષણા કરી.

સરકાર સાચું જણાવવાના બદલે ખોટું બોલી રહી છે

ટ્રમ્પના કાર્યક્રમ પાછળ ખર્ચ કોણ કરે છે?: કોંગ્રેસના સવાલો

ન્યુ દિલ્હી

અમદાવાદમાં ડોનાલ્ડ ટ્રમ્પના ભવ્ય કાર્યક્રમના જંગી ખર્ચને લઈને કોંગ્રેસે કેન્દ્રની મોદી સરકાર તેમજ ગુજરાતની ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ પ્રેસ કોન્ફરન્સ યોજી ટ્રમ્પની ભારત મુલાકાત પર સવાલો ઉઠાવ્યા. આનંદ શર્માએ કહ્યું કે ભારત સરકારે કથિતરૂપે દાવો કર્યો છે કે ટ્રમ્પના સમગ્ર કાર્યક્રમનું આયોજન અભિનંદન સમિતિ કરી રહી છે.

તેમણે સવાલ કર્યો કે જો આ વાત સાચી હોય તો સરકારે એ જણાવવું જોઈએ કે શું આ સમિતિ નોંધાયેલી છે. અને જો તે નોંધાયેલી હોય તો પછી તેની પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા. આનંદ શર્માએ કહ્યું કે હકીકત એ છે કે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમનો તમામ ખર્ચ સરકાર કરી રહી છે. પરંતુ સરકાર સાચું જણાવવાની બદલે ખોટું બોલી રહી છે. કાર્યક્રમ માટે જે પૈસા ખર્ચાઈ રહ્યા છે તે તમામ સરકારના જ અને સરવાળે પ્રજાના પૈસા છે.

નાગરિકતા કાયદાના વિરોધને જોતાં મોદી સરકાર આર્થિક-સામાજિક સર્વેક્ષણમાં પીછેહઠ કરશે

ન્યુ દિલ્હી

દેશમાં નાગરિકતા કાયદા વિદ્ધ થઈ રહેલા ભારે વિરોધ પ્રદર્શનોને કારણે મોદી સરકાર હવે દેશમાં આર્થિક અને સામાજિક સર્વેક્ષણો કરાવવાના પોતાના પ્લાનને અભેરાઈએ ચઢાવી દેશે.

આવી સ્થિતિમાં દેશમાં આવો કોઈ સર્વે કરાવવાની સરકારની ઈચ્છા નથી અને ટૂંક સમયમાં જ તેને સ્થગિત કરવા અંગેની જાહેરાત સરકાર કરી શકે છે. આ સર્વેક્ષણ નું કામ જાન્યુઆરી માસમાં શ થયું હતું પરંતુ તેમાં સામેલ રહેલા અધિકારીઓને સતત લોકોના ગુસ્સાનો સામનો કરવો પડો છે.

લોકોને એવી શંકા છે કે નાગરિકતા નક્કી કરવા માટે સરકાર આવા આંકડા એકત્રિત કરી રહી છે અને એટલા માટે આર્થિક અને સામાજિક સર્વેક્ષણ કરવામાં ભારે મોટા અવરોધો છે અને અધિકારીઓને લોકોના ગુસ્સાનો સતત સામનો કરવો પડે છે.

ગઈકાલે દિલ્હીમાં નિષ્ણાતોની સમિતિ ની બેઠકમાં ચર્ચા થઈ હતી અને તેમાં સર્વ સંમતિથી એવો નિર્ણય લેવાયો હતો કે અત્યારે આ પ્રકારનો સર્વે દેશમાં કરવો હિતાવહ નથી. ગઈકાલે નિષ્ણાતોની એક બેઠક મળી હતી અને તેમાં સર્વેમાં લાગેલા અધિકારીઓ ના અનુભવોનો નિચોડ રજૂ કરવામાં આવ્યો હતો અને તેમની સામે કેવા કેવા પડકારો આવી ગયા છે તેની સમગ્ર સ્થિતિ બેઠકમાં રજૂ કરવામાં આવી હતી.

રાહુલ-સોનિયા ભારતીય નાગરિક નથી,તેમની નાગરિકતા જલ્દી ખત્મ થશેઃ એસ.સ્વામી

હૈદરાબાદ

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ દાવો કર્યો છે કે એઆઈસીસી અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની નાગરિકતા જલ્દી જતી રહેશે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એબીવીપી દ્વારા હેદરાબાદ વિશ્વવિદ્યાલયમાં આયોજિત 'સીએએ - એક સમકાલીન રાજકારણથી આગળ એક એતિહાસિક જરૂરિયાત' પર સંબોધન આપતાં કહ્યું કે ફાઈલ ગૃહ મંત્રી અમિત શાહના ટેબલ પર છે અને જલ્દી જ તેઓ પોતાની નાગરિકતા ગુમાવી દેશે.

એક ખાનગી મીડિયાના રીપોર્ટ અનુસાર ભારતીય બંધારણનો હવાલો આપતાં કહ્યું કે જે લોકો ભારત રહેવા છતાં બીજા દેશની નાગરિકતા લઈ રહ્યાં છે, તેમની ભારતીય નાગરિકા સ્વતંત્રતા સમાપ્ત થઈ જશે. સુબ્રમણ્ય સ્વામીએ દાવો કર્યો છે કે રાહુલ ગાંધીએ ઈંગ્લેન્ડમાં વેપાર શરૂકરવામાં માટે બ્રિટિશ નાગરિકતાનો વિકલ્પ પસંદ કર્યો હતો જો કે રાહુલ ગાંધી નાગરિકતા માટે નવી રીતે અરજી કરી શકે છે.

કારણ કે તેમના પિતા રાજીવ ગાંધી એક ભારતીય હતા. પરંતુ તેઓ પાતની માતા સોનિયા ગાંધીની સાખનો ઉપયોગ કરતાં અરજી કરી શકે છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે તેઓ ભારતીય નાગરિક નથી.

નાગરિકતા સંશોધન અધિનિયમ પર સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે સીએએને સાચી રીતે સમજવામાં આવ્યું નહીં અને તેનો વિરોધ કરનારાઓએ પોતે આ અધિનિયમને વાંચ્યો નથી.

દેશના યુવાનોએ સમાજમાં જોવા મળતા જાતિવાદના ભેદભાવ અંગે ચર્ચા કરવી પડશે

યુનિફોર્મ સિવિલ કોડ લોકો પર થોપી ના શકાય, વૈકલ્પિક હોવો જોઈએ : સુરજેવાલા

ન્યુ દિલ્હી

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાના સરકારના નિર્ણયને લઈને ટિપ્પણી કરી છે. સુરજેવાલાએ જણાવ્યું કે યુનિફોર્મ સિવિલ કોડ લોકો પર થોપી શકાય નહીં અને તે વૈકલ્પિક રાખવો જોઈએ. ૧૦મી છાત્ર સાંસદને સંબોધતા સુરજેવાલાએ જણાવ્યું કે યુનિફોર્મ સિવિલ કોડ વૈકલ્પિક રાખવો જોઈએ અને એક મહત્વનું પગલું ગણાશે.

'સરકાર સમાન નાગરિકતા કોડને લોકો પર થોપી શકે નહીં, તે ઓપ્શનલ હોવો જોઈએ અને ફરજિયાત નહીં. જો કેન્દ્ર આમ કરશે તો તે મહત્વનું પગલું રહેશે.' તેમ સુરજેવાલાએ જણાવ્યું હતું. લોકસભા ચૂંટણી વખતે રાજનાથ સિંહે ભાજપનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા જણાવ્યું હતું કે ભાજપ દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવા પ્રતિબદ્ધ છે. દેશમાં પ્રવર્તમાન સમયે જાતિવાદ આધારિત હિંસાને લઈને સુરજેવાલાએ કહ્યું કે, આ વાસ્તવિકતાથી કોઈએ શરમાવવું જોઈએ નહીં. જાતિ અને પછાત વર્ગના આધારે જો હું તમારા અધિકારોનો ભંગ કરું છું અને તમારી સાથે ભેદભાવ કરું છું તો તમારે આ નગ્ન સત્યનથી મોં છૂપવવાનું જોઈએ નહીં. આપણા સમાજમાં જાતિવાદનો ભેદભાવ સૌથી વરવો છે વિદ્યાર્થીઓએ આ અંગે ઈરાદાપૂર્વક ચર્ચા કરવી જોઈએ.

પાક.ના સીઝફાયર ઉલ્લંઘનનો ભારતે જડબાતોડ જવાબ આપ્યોઃ ૧ સૈનિક ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીર સરહદે પાકિસ્તાને ફરી સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું. પાકિસ્તાની સેનાએ કુપવાડા સેક્ટરમાં ભારે ફાયરિંગ કર્યું. જો કે ભારતીય સૈન્યના જવાનોએ પાકિસ્તાનને તેમની જ ભાષામાં જવાબ આપી વળતી કાર્યવાહી કરી. ભારતે કરેલી કાર્યવાહીમાં એક પાકિસ્તાની સૈનિક ઠાર મરાયો છે. જયારે કે અનેક સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે.


બીજી તરફ પાકિસ્તાન દ્વારા સતત આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ એલઓસી પર ઘુસણખોરી કરાવવાના પ્રયાસો પર નિયંત્રણ મુકવા મકવાલ. આરએસ પુરા અને કહુઆ બોર્ડર પર બીએસએફની ત્રણ નવી બટાલિયન તૈનાત કરાઈ છે. આ ઉપરાંત ૪ થી ૫ વધુ નવી બટાલિયન મોકલવાની પણ તૈયારી છે. બીએસએફના જણાવ્યા અમુસાર આંતરરાષ્ટ્રીય સરહદ પર પિલર ટુ પિલર ગેપ ભરવા માટે નવેસરથી રણનીતિ બનાવવામાં આવી છે.

દક્ષિણ કોરિયન ફિલ્મ આ સન્માન કેવી રીતે મેળવી શકે

ટ્રમ્પે સાઉથ કોરિયન મૂવી 'પેરેસાઈટ'ને ઓસ્કર મળવા બદલ મશ્કરી કરી..!!

કોલોરાડો

યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના વિચિત્ર નિવેદનોને કારણે અનેકવખત હસીને પાત્ર બનતા હોય છે. તાજેતરમાં યોજાયેલા ઓસ્કર એવોર્ડમાં સાઉથ કોરિયાના નિર્દેશક બોંગ જૂન હોની આ ફિલ્મને ચાર ઓસ્કર મળ્યા હતા. યુએસ પ્રમુખ ટ્રમ્પે કોલારાડો સ્પ્રિંગ્સમાં જનમેદનીને સંબોધતા જણાવ્યું કે, 'આ વખતના એકેડમી એવોર્ડ્સ કેટલા ખરાબ હતા? દક્ષિણ કોરિયા સાથે આપણને વેપારમાં કેટલી મુશ્કેલીઓ છે. ત્યારે આપણે તેમને શ્રેષ્ઠ ફિલ્મનું સન્માન આપી રહ્યા છીએ.'





પેરેસાઈટ ફિલ્મે સર્વશ્રેષ્ઠ ફિલ્મ, સર્વશ્રેષ્ઠ નિર્દેશક, સર્વ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફિચર ફિલ્મ સહિતના તમામ કેટેગરીના ચાર મુખ્ય પુરસ્કાર મળ્યા હતા. આ ફિલ્મમાં આર્થિક અસમાનતાનો મુદ્દે કેન્દ્ર સ્થાને રહ્યો છે. આ સાઉથ કોરિયન ડાર્ક કોમેડી ફિલ્મે ઈતિહાસ રચી દીધો હતો. ટ્રમ્પે આ અંગે લોકોને પૂછ્યું કે શું તે સારી છે, મને ખ્યાલ નથી? આમ ટ્રમ્પે ફિલ્મ જોઈ નહીં હોય તેવું જણાયું હતું. ટ્રમ્પ હાલમાં ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે. તેઓ તાજેતરમાં ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ટ્રમ્પ બે દિવસના ભારત પ્રવાસ દરમિયાન અમદાવાદ, આગરા અને દિલ્હીની મુલાકાત લેશે. ટ્રમ્પે ભારત આવતા અગાઉ જ ભારત સાથે હાલમાં કોઈ મોટો વેપાર સોદો નહીં કરાય તેવી સ્પષ્ટ વાત જણાવી દીધી છે.

અંદાજે ૧.૨ લાખ કરોડના ખર્ચે અણુ ઉર્જા સંચાલિત સબમરીનો તૈયાર કરાશે

ભારત હિંદ મહાસાગરમાં છ નવી પરમાણુ સબમરીન શામેલ કરશે



ન્યુ દિલ્હી

હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીન અને પાકિસ્તાન તરફથી સતત વધી રહેલા ખતરાને ધ્યાનમાં રાખીને ભારતીય નૌસેનાએ તેની સંરક્ષણ સક્ષમતા વધારી દીધી છે. ભારત પોતાના નૌકાદળની તાકાત વધારવા માટે છ પરમાણુ સંચાલિત સબમરીન નેવીમાં સમાવિષ્ટ કરવાની તૈયારી કરી રહ્યું છે. અંદાજે ૧.૨ લાખ કરોડના આ સોદાને સરકાર ટૂંક સમયમાં મંજૂરી આપી શકે તેમ છે.

એક અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટમાં નેવી માટે છ પરમાણુ સંચાલિત સબમરીન બનાવવામાં આવશે. જે પરંપરાગત શસ્ત્રો જેવા કે ટોર્પિડોઝ અને મિસાઈલોથી સજ્જ હશે. આ સબમરીનથી પરમાણુ મિસાઈલો છોડવામાં આવશે કે કેમ તે હજી સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.નથી.

ડીઆરડીઓનાં સૂત્રોના જણાવ્યાં અનુસાર, જો આ બધું પૂર્વનિર્ધારિત યોજના પ્રમાણે ચાલે તો આગામી ૧૦ વર્ષમાં આ પરમાણુ સંચાલિત સબમરીન ભારતીય નેવીમાં જોડાશે. આ પ્રોજેક્ટનો પ્રારંભિક ડિઝાઈન તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. ડીઆરડીઓના સહયોગથી નૌકા ડિરેક્ટોરેટ ડિરેક્ટોરેટ હવે આ સબમરીનની જટિલ અને વિગતવાર ડિઝાઈન તૈયાર કરવાની તૈયારી કરી રહ્યું છે.

૨૦૧૫માં, મોદી સરકારે ભારતીય નૌકાદળ માટેના બાકી પ્રોજેક્ટને આગળ ધપાવતા છ પરમાણુ સંચાલિત એટેક સબમરીન (એસએસએન) બનાવવાની મંજૂરી આપી હતી. આ સબમરીન દક્ષિણ ભારતમાં વિશાખાપટ્ટનમના શિપબિલ્ડીંગ સેન્ટરમાં બનાવવામાં આવશે. જો કે, અરિહંત વર્ગની બીજી સબમરીન અહીં પહેલેથી જ બનાવવામાં આવી રહી છે.

ભારતીય નૌકાદળ હાલમાં આઈએનએસ અરિહંત અને આઈએનએસ ચક્ર સાથે પરમાણુ ઉર્જા સંચાલિત કુલ ૧૫ સબમરીન ચલાવે છે. આઈએનએસ ચક્રને રશિયા તરફથી ૧૦ વર્ષની લીઝ પર લેવામાં આવ્યો છે જ્યારે અરિહંત સબમરીન ભારતમાં બનાવવામાં આવી છે. આ બંને સબમરીન પરમાણુ મિસાઈલ હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે.

આ પ્રોજેક્ટમાં ભારત પાસે અરિહંતના નિર્માણથી સંબંધિત અનુભવ હશે. આ એસએસએન વર્ગ સબમરીન ખૂબ ઉંડે સુધી ઉતરવામાં સમર્થ હશે. જ્યારે તેમનો સોનાર અને રડાર પહેલાં કરતાં વધુ અદ્યતન હશે. આ સબમરીન ઉર્જા ઉત્પન્ન કરવા માટે નવા તકનીકી પરમાણુ રિએક્ટરથી સજ્જ હશે.

જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદને લગતી ઘટનાઓમાં ઘટાડો

સૈન્યમાં મહિલાઓ સાથે ભેદભાવ નથી રખાતોઃ લશ્કર વડા નરવણે

ન્યુ દિલ્હી

લશ્કરના વડા જનરલ એમ. એમ. નરવણેએ જણાવ્યું હતું કે ભારતીય સૈન્યમાં ધર્મ, જાતિ, સંપ્રદાયના આધારે કે લૈંગિક ભેદભાવ નથી રખાતો. સર્વોચ્ચ અદાલતે લશ્કરમાં મહિલાઓને પરમેંનન્ટ કમિશન માટે આપેલી બહાલીથી સંબંધિત મુદ્દે વધુ સ્પષ્ટતા થઈ છે અને મહિલાઓ માટે લશ્કરમાં આગળ વધવાનો માર્ગ મોકળો થયો છે.

તેમણે દાવો કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદને લગતી ઘટના અને સરહદ પારથી ઘૂસણખોરી ઘણી ઘટી છે. લશ્કરના વડાએ જણાવ્યું હતું કે ભારતીય લશ્કરમાં ૧૯૯૩થી મહિલાઓને અધિકારી તરીકે રાખવાની શરૂઆત થઈ હતી. કૉર્પ્સ ઑફ મિલિટરી પોલીસ સેન્ટર એન્ડ સ્કૂલ ખાતે હાલમાં ૧૦૦ મહિલા સૈનિક તરીકે તાલીમ લઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે ભારતીય લશ્કર જમ્મુ અને કાશ્મીરમાં ત્રાસવાદી સંગઠનો પર ભારે દબાણ લાવી રહ્યું છે અને તેઓના ષડ્યંત્રને નિષ્ફળ બનાવી રહ્યું છે. જનરલ એમ. એમ. નરવણેએ જણાવ્યું હતું કે ચીન પણ હવે સમજી ગયું લાગે છે તે પોતાના કાયમી મિત્ર દેશ પાકિસ્તાનને હંમેશાં ટેકો આપી નહિ શકે.

આમ આદમીને મળશે રાહત...!!

આગામી મહિને રાંધણ ગેસની કિંમતોમાં ઘટાડો થઈ શકે છેઃ ધર્મેન્દ્ર પ્રધાન

ન્યુ દિલ્હી

આમ આદમી માટે સરકાર તરફથી રાહતના સમાચાર છે. ગેસ સિલિન્ડના ભાવ આગામી મહિને ઘટી શકે છે. આ વાતનો સંકેત કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાયપુરમાં કહ્યું કે રાંધણ ગેસની કિંમતોમાં આગામી મહિને ઘટાડો થઈ શકે છે. પ્રધાન બે દિવસના છત્તીસગઢ રાજયના પ્રવાસે છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાયપુરમાં સ્વામી વિવેકાનંદ એરપોર્ટ પર પત્રકારો સાથે વાતચીત કરી હતી.

એલપીજીની કિંમતોમાં સતત થઈ રહેલા વધારા સાથે સંબંધિત સવાલનો જવાબ આપતા મંત્રીએ કહ્યું, આ સાચુ નથી કે કિંમત સતત વધી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારના કારણે આ મહિને કિંમતોમાં વધારો થયો. જો કે એવા સંકેત છે કે આગામી મહિને તેની કિંમતો ઘટી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે શિયાળા દરમિયાન એલપીજીનો વપરાશ વધ્યો હતો, જેના કારણે આ ક્ષેત્રમાં દબાણ વધી ગયું હતુ. આ મહિને કિંમતોમાં વધારો થયો જ્યારે આગામી મહિને તેમાં ઘટાડો થશે. ગત અઠવાડિયે સબસિડી વિનાના રાંધણ ગેસ સિલિન્ડર (૧૪.૨ કિલો)ના ભાવમાં ૧૪૯ રૂપિયાનો વધારો થયો છે.

દિલ્હીમાં નવા આર્મી હેડક્વાર્ટર બિલ્ડિંગના નિર્માણનો શિલાન્યાસ

ન્યુ દિલ્હી

સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે આજે દિલ્હી છાવણીમાં નવા આર્મી હેડક્વાર્ટર બિલ્ડિંગના નિર્માણનો શિલાન્યાસ કર્યો. આ બિલ્ડિંગ "આર્મી હેડક્વાર્ટર"ના નામે ઓળખાશે. જે આગામી એક વર્ષમાં બનીને તૈયાર થઈ જશે. આર્મી હેડકેવાર્ટર નામનું ક્રિસ્ટિફાઈડ સંકુલ લગભગ ૩૯એકરમાં ફેલાયેલ હશે.

તેમણે કહ્યું છે કે અમે નવા આર્મી હેડક્વાર્ટરનો પ્રથમ શિલાન્યાસ કર્યો છે. તે સશસ્ત્ર દળોના અસત્ય નાયકોનું પ્રતિનિધિત્વ કરશે જેમણે દેશ માટે પોતાનો જીવ આપ્યો. ઉલ્લેખનીય છે કે દુનિયાની ત્રીજી સૌથી મોટી આર્મીને પાતાનું નવું હેડક્વાર્ટર મળવા જઈ રહ્યું છે.

આ ભવનમાં કુલ ૬ હજાર ૧૪ કાર્યાલયોનું નિર્માણ કરવામાં આવશે. જે ૧ હજાર ૮૪૬ અધિકારીઓ માટે સૈન્ય અને નાગરીક અને ૪ હજાર ૩૩૦ ઉપ-કર્મચારીઓ બન્ને માટે કાર્યાલયો બનશે.

ચીનમાં કોરોના વાઈરસથી અત્યાર સુધીમાં ૨૨૩૬ લોકોના મોત

કોરોના વાયરસઃ દિલ્હીમાં આઈટીબીપીમાં રખાયેલા ૪૦૬ ભારતીયોનો રિપોર્ટ નેગેટિવ

ન્યુ દિલ્હી/બેઈજિંગ

દિલ્હીના છાવલા સ્થિત આઈટીબીપી ઓબઝર્વેશન સેન્ટરમાં રાખવામાં આવેલા ૪૦૬ ભારતીયોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. ૧ અને ૨ ફેબ્રુઆરીએ વુહાનથી પરત ફર્યા બાદ તમામને અહીં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. ભારત હવે સંપૂર્ણ રીતે કોરોનાવાયરસના સંક્રમણથી મુક્ત થઈ ગયું છે. કેરળના સંક્રમિત ત્રણ વિદ્યાર્થીઓની સ્થિતિ સારી થઈ ગઈ છે. તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બીજી તરફ ચીનમાં નોવેલ કોરોનાવાયરસ(કોવિડ-૧૯)થી ગુરુવારે ૧૧૮ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં મરનારાઓની સંખ્યા ૨૨૩૬ થઈ ગઈ છે. ૭૫,૪૬૫ સંક્રમણના મામલાઓની પુષ્ટિ થઈ ચુકી છે. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે લાખો લોકોના થર્મલ સ્ક્રીનિંગ બાદ કુલ ૨,૬૫૪ લોકોના નમૂના શંકાના આધારે તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તેમાં માત્ર ત્રણનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. ચીનના વુહાનમાંથી ૧ અને ૨ ફેબ્રુઆરીએ એર ઈન્ડિયાના વિમાનથી માલદીવના નાગરિકો સહિત ૬૪૭ લોકોને કાઢવામાં આવ્યા હતા. તમામને દિલ્હીના આઈટીબીપી અને માનેસરના સૈન્ય કેન્દ્રમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા.

સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને સોમવારે આઈટીબીપી સેન્ટરમાં વુહાનથી પરત ફરેલા ભારતીયો સાથે મુલાકાત કરી હતી. ૪૦૬માંથી લગભગ ૨૦૦ લોકોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. સોમવારે તેમને ઘરે મોકલી દેવામાં આવ્યા હતા.

પશ્ચિમ મેક્સિકોમાં એક મકાનમાંથી ૨૪ મૃતદેહો મળતા ચકચાર મચી

મેક્સિકો

પશ્ચિમ મેક્સિકોમાં પોલીસને એક મકાનમાંથી ૨૪ મૃતદેહો મળી આવ્યા છે. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું હતું કે, એક ગુનાહિત ટોળકીને પકડવામાં આવી છે, જેણે આ અંગેની જાણકારી આપી હતી.

મિકોએકેન રાજયના આસપાસના લોકોનું કહેવું છે કે, કોઈનિઓ ટાઉનશિપમાં આવેલા એક મકાનમાં ક્ષત-વિક્ષત કરેલી હાલતમાં આ તમામ મૃતદેહો મળી આવ્યા છે. આ જગ્યા રાજયની રાજધાની મોરેલિયાના પશ્ચિમમાં આવેલી છે. મકાનમાંથી મળી આવેલા આ મૃતદેહોમાં અમુકના અંગો કપાયેલા છે. જ્યારે અમુક મૃતદેહના અંગો આંગણામાં દાંટી દેવાયા છે.

આ ઘરમાંથી મળી આવેલા મૃતદેહોમાં ૫ મહિલાઓ અને ૧૯ પુરૂષો છે. જેની ઉંમર ૨૦થી ૪૦ વચ્ચેની છએ. જેમાંથી અમુકના તો ગળા કાપી નાખ્યા છે, જયારે અમુક લોકોના માથા ધડથી અલગ કરી નાખ્યા છે. નિષ્ણાંતો જણાવે છે કે, આ ઘટના ૪ પહેલા થવાની હોવાનું મનાઈ છે.

નસબંધીનો ટાર્ગેટ પુરો ના થાય તો પગાર નહી મળેઃ મ.પ્રદેશ સરકારનું ફરમાન

રાંચી

મધ્યપ્રદેશમાં કમલનાથ સરકારે નસબંધીને લઈને જારી કરેલા ફરમાનથી વિવાદ છેડાઈ ગયો છે. સરકારે નસબંધીને લઈને સ્વાસ્થ્ય કર્મચારીઓને ટાર્ગેટ આપ્યો છે. જે પ્રમાણે દર મહિને પાંચ થી દસ પુરુષોની નસબંધી ફરજિયાત કરવામાં આવી છે અને જો આ ટાર્ગેટ પુરો નહી થાય તો હેલ્થ વર્કરોને પગાર નહી મળે તેવી ધમકી પણ આપવામાં આવી છે.

સરકારના આ ફરમાન પર હેલ્થ વર્કરનુ કહેવુ છે કે, ઘરે ઘરે જઈને પરિવાર નિયોજન માટે અભિયાન ચલાવી શકાય છે પણ લોકોને જબરદસ્તી નસબંધી માટે તૈયાર કરવા શક્ય નથી. હાલમાં રાજયમાં ફર્ટિલિટી રેટ ત્રણનો છે.જે ઘટાડીને ૨.૧ કરવાનુ સરકારનુ લક્ષ્યાંક છે. આ માટે દરેક વર્ષે સાત લાખ નસબંધી ઓપરેશન કરવાના છે. જોકે ગયા વર્ષે સાત લાખની જગ્યાએ માત્ર કેટલાક હજાર જ ઓપરેશન થયા હતા. જેના કારણે હવે સરકારે આરોગ્ય વિભાગના કર્મચારીઓને ટાર્ગેટ આપી દીધા છે.

પૂર્વજોથી ભૂલ થઈ,મુસ્લિમોને ૧૯૪૭માં જ પાક. મોકલી દેવા જોઈતા હતાઃ ગિરિરાજ સિંહ

પૂર્ણિયા

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે ફરી એકવખત વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. બિહારના પૂર્ણિયામાં મીડિયા સાથે વાતચીત દરમિયાન સિંહે જણાવ્યું હતું કે, આપણા પૂર્વજોથી ભૂલ થઈ ગઈ. મુસ્લિમ ભાઈઓને ૧૯૪૭માં જ ત્યાં (પાકિસ્તાન)મોકલી દેવા જોઈતા હતા.

ગિરિરાજના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ગિરિરાજના જણાવ્યા મુજબ, ૧૯૪૭ પહેલા આપણા પૂર્વજ આઝાદીની લડત લડી રહ્યા હતા ત્યારે મોહમ્મદ અલી ઝિણા ઈસ્લામિક સ્ટેટની યોજના બનાવી રહ્યા હતા.

તેમણે જણાવ્યુ હતું કે, દેશ પ્રતિ સમર્પિત થવાનો સમય આવી ગયો છે. આપણા પૂર્વજથી ખૂબ જ મોટી ભૂલ થઈ ગઈ છે. જેનું પરિણામ આપણે આજે ભોગવી રહ્યા છે. જો મુસ્લિમ ભાઈઓને ત્યાં મોકલી દીધા હોત તો આજે આવી સ્થિતિ ના સર્જાત. જો ભારતવંશીઓને અહિંયા જગ્યા ના મળી હોત તો એવો ક્યો દેશ છે જે તેમને શરણ આપે.

ફાંસીની તારીખ નજીક આવતાં જ નિર્ભયાના નરાધમો સ્ટાફ સાથે ખરાબ વર્તન કરવા લાગ્યા

ન્યુ દિલ્હી

નિર્ભયાના રેપ અને હત્યાના ચારે દોષિતોને ૩ માર્ચે ફાંસી આપવાનુ નવુ ડેથ વોરંટ બહાર પડ્યુ છે ત્યારથી તેમના વર્તનમાં બદલાવ આવવા માંડ્યા હોવાનુ તિહાડ જેલ પ્રશાસનનુ કહેવુ છે.

જેલના સત્તાધીશોના કહેવા પ્રમાણે દોષી મુકેશ સિંહ અને વિનય શર્મા છેલ્લા કેટલાક દિવસોથી જેલના સ્ટાફ સાથે હિંસક વર્તણૂંક કરી રહ્યા છે. હેલ્થ ચેકઅપ માટે આવનારા સ્ટાફ સાથે પણ બંને જણાએ બદતમીજી કરી છે.

તિહાડ જેલ પ્રશાસનના કહેવા પ્રમાણે તેમને નાની-નાની વાત પર ગુસ્સો આવી રહયો છે. જેના પગલે હવે જેલ પ્રશાસને તેમને ગુસ્સા પર કાબૂ મેળવવાના એટલે કે એન્ગર મેનેજમેન્ટના પાઠ ભણાવવાનુ પણ નક્કી કર્યુ છે.

સૂત્રોના કહેવા પ્રમાણે જેલના કર્મચારીઓ ભોજન આપવા જાય છે ત્યારે પણ વિનય શર્મા તેમની સાથે ખરાબ વર્તન કરે છે. મુકેશે તો જેલના નિયમોનુ પાલન કરવાની પણ ના પાડી દીધી હતી.

નોંધનીય છે કે, વિનયે પોતે માનસિક રીતે અસ્વસ્થ હોવાથી ફાંસી આપવામાં ના આવે તેવી પિટિશન હાઈકોર્ટમાં દાખલ કરી હતી. જોકે તપાસ દરમિયાનમાં તેના દાવાની પોલ ખુલી ગઈ હતી.

બીજી તરફ જેલ સત્તાધીશોએ દોષિતોને ગુસ્સા પર કાબૂ મેળવવાનુ શીખવા માટે એક એનજીઓની મદદ માંગી છે. બીજી તરફ તેમના વર્તનમાં આવેલા બદલાવના પગલે હવે જેલ પ્રશાસને તેમના પર વોચ વધારી દીધી છે.

શાહિનબાગમાં સીએએ વિરોધના કારણે બે રસ્તાઓ મહિનાઓથી બંધ હતા

બે મહિના બાદ નોઈડાથી ફરીદાબાદ અને જૈતપુર જનારા રસ્તાને ખોલવામાં આવ્યો

ન્યુ દિલ્હી

દિલ્હીમાં શાહિન બાગમાં સીએએના વિરુદ્ધ ધરણાના કારણે નોઈડાથી ફરીદાબાદ અને જૈતપુર જનારા રસ્તા બે મહિના પછી ખોલી દેવામાં આવ્યા છે. ઓખલા અને સુપર નોવાનો રસ્તો ખોલવામાં આવ્યો છે. જે અંતર્ગત પોલીસે શુક્રવારે સવારે આ રસ્તાની બૈરીકેડિંગ હટાવી દિધી છે. કાલિંદિકુંજ જવાનો રસ્તો હજી પણ બંધ છે. વિરોધ કરનારાઓએ પોતાનો પક્ષ હળવો કર્યો નથી.

ઓખલા પક્ષી વિહાર નજીક પોલીસે જે બેરિકેડિંગ કર્યું હતું તે દૂર કરવામાં આવ્યું છે. તેનાથી બદપુરપુર જતા લોકોને મોટી રાહત મળી છે. લોકોએ અત્યાર સુધી મદનપુર ખાદર માર્ગ પરથી પસાર થવું પડ્યું હતું. લોકોને આ સાથે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. ફરીદાબાદ જવા માટે લોકોને આશ્રમ દ્વારા ડી.એન.ડી. દ્વારા કેટલાક કિલોમીટર ચાલવું પડ્યું હતું.

લોકોના મતે, મદનપુર ખાદર રૂટથી ૨૦ મિનિટની મુસાફરી કરવામાં એક કલાકનો સમય લાગ્યો હતો. હવે, જેતપુરના બદપરપુરમાં રહેતા લોકોને મોટી રાહત મળી છે. લોકો કહે છે કે નોઈડા પોલીસે આ રસ્તો બંધ કરવાની જરૂર નહોતી કારણ કે વિરોધીઓ ત્યાંથી ખૂબ દૂર બેઠા છે. જોકે કાલિંદિ કુંજ જવાનો રસ્તો હજી બંધ છે. શાહીન બાગના વિરોધીઓ હજી પણ આ રસ્તા પર ઉભા છે. આને કારણે નોઈડાથી આશરે ૫૦૦ મીટર પહેલા આ રસ્તો અવરોધિત કરવામાં આવ્યો છે. સીએએ સામે વિરોધ ૧૩ ડિસેમ્બરથી શાહિન બાગમાં ચાલી રહ્યો છે.

પહેલા પચાસ લાખ
પહેલા પાનાથી ચાલુ

અથવા ટ્રમ્પે દાવો કર્યો છે તેમ ૧ કરોડની ભીડ ક્યાંથી લવાશે...?!

શું ટ્રમ્પ યે દિલ માંગે મોર..ની જેમ તેમના સ્વાગત માટેની ભીડનો આંકડો વધારીને ભાજપના ટેન્શનમાં વધારો તો નથી કરી રહ્યાં કે પછી પોતાના સ્વભાવ અનુસાર નાના બાબતને વધારે પડતી ગણાવી રહ્યાં છે કે તેમના સ્વાગત માટે હવે એક કરોડ લોકોનીી ભીડ સડકો પર હશે જે ઉપરથી જોવામાં મગફળી સમાન લાગશે...? ભાજપ અને કેન્દ્ર તથા ગુજરાત સરકારમાં હવે અંદરખાને ગણગણાટ હોઈ શકે કે શું ટ્રમ્પને કોઈએ સ્વાગત માટે કેટલી ભીડના ખોટા આંકડાઓ આપવામા આવ્યાં છે કે પછી જેમણે આંકડા આપ્યા તેમણે લાખ અને મિલિયન(૧૦ લાખ) વચ્ચેના અર્થની ખબર નથી...? કે પછી ટ્રમ્પ જાણી જોઈને પોતાના સ્વભાવગત સ્વાગત માટેના ભીડના આંકડામાં વધારો આપમેળે કરીને ભારત સરકાર અને ખાસ કરીને ભાજપ માટે મુશ્કેલી પેદા કરી રહ્યાં છે...? એવા અનેક સવાલો તેમના આગમન પહેલા ચકરાવે ચઢ્યા છે. ટ્રમ્પે આ ઉપરાંત ફરી એકવાર કહ્યું કે ભારત સાથે વ્યાપારિક સંબંધો સારા નથી અને દુનિયામાં સૌથી વધુ ટેરિફ ભારતનો છે.

ટ્રમ્પે કહ્યું કે, ત્યાં એટલી ભીડ આવશે જાણે કે હવે હું બીટલ્સ જેવો લોકપ્રિય થઈ ગયો છું. આટલી ભીડથી તો સ્ટેડિયમ પણ ફુલ થઈ જશે અને લોકોને બહાર ઊભા રહેવું પડશે.

નોંધનીય છે કે આ પહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ભીડને લઈ અલગ-અલગ દાવા કરી ચૂક્યા છે. એક નિવેદનમાં તેઓએ ૫ મિલિયન (૫૦ લાખ) ભીડ એકત્ર થવાની વાત કહી હતી. તો ગુરુવારે આપેલા પોતાના નિવેદનમાં ભીડનો આંકડો ૭ મિલિયન (૭૦ લાખ) રહેશે તેવો દાવો કર્યો હતો.

આ દરમિયાન ટ્રમ્પનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓએ કહ્યું કે, હું આવતા સપ્તાહે ભારત જઈ રહ્યો છું અને અમે વેપાર પર વાત કરીશું. અમારી પર છેલ્લા એક વર્ષોથી અસર પડી રહી છે. હું હકિકતમાં પીએમ મોદીને ખૂબ પસંદ કરું છું પરંતુ અમારે થોડી બિઝનેસ પર વાત કરવાની જરૂર છે. દુનિયામાં સૌથી વધુ ટેરિફ ભારતનો છે.

ટ્રમ્પે પોતાની જાહેરસભામાં ટેરિફના મામલે ભારતની આકરી ટીકા કરી. ટ્રમ્પે કહ્યું કે હું ભારત જઈ રહ્યો છું અને હું ટ્રેડની વાત કરીશ. ભારતે અનેક વર્ષ સુધી આપણી પર વધુ ટેરિફ લગાવ્યો, પરંતુ હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘણો પસંદ કરું છું. આશા છે કે હવે તેઓ આપણી પર વધુ ટેરિફ નહીં લગાવે.

ડોનાલ્ડ ટ્રમ્પ સતત પોતાના નિવેદનો ફેરવી રહ્યા છે. આ અગાઉ જ ટ્રમ્પે કોઈ મહત્વનો વેપાર કરાર નહીં થાય તેવી વાત કરી હતી. નોંધનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની પત્ની મેલાનિયા ટ્રમ્પ સાથે ૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ ભારત પ્રવાસ પર આવી રહ્યા છે.

અમદાવાદની કુલ વસતી જ ૭૦-૮૦ લાખ છે, તો શું આખું અમદાવાદ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમના રસ્તા પર ઉભું રહેવાનું છે.

મોદી - શાહ
પહેલા પાનાથી ચાલુ

લેખકે કેજરીવાલના 'ભગવા અવતાર' પર પણ પ્રકાશ પાડ્યો છે અને સંકેત આપ્યો છે કે ભાજપે તેના પર નજર રાખવી જોઈએ.

આર્ટિકલમાં લખ્યું છે કે સીએએના બ્હાને મુસ્લિમ કટ્ટરવાદના આ જિન્નો પ્રયોગ થયો જે કેજરીવાલ માટે પરીક્ષણનું નવું મેદાન બની શકે છે. કેજરીવાલે આ ખતરા પર કેવી રીતે પ્રતિક્રિયા આપી છે. તેમની હનુમાન ચાલીસા વાંચવી કેટલી યોગ્ય હતી?

મહારાષ્ટ્રના સોલાપુર
પહેલા પાનાથી ચાલુ

મોત થઈ ગઈ. ત્રણેય યુવકો પોતાની કારથી વન ખંડેશ્વર મંદિર ગયા હતા. તે દરમિયાન તેમની કાર ગૌરી સરોવરમાં ડૂબી ગઈ.

સુપ્રિમ કોર્ટ
પહેલા પાનાથી ચાલુ

રીતે સમગ્ર દેશમાં લઘુમતી સંચાલિત શાળા અથવા મદરેસા ખોલવાની પરવાનગી મળવી જોઈએ, તે રીતે નવ રાજ્યોમાં હિન્દુઓને પણ આવી પરવાનગી મળવી જોઈએ. આ શાળાઓને વિશેષ સરકારી રક્ષણ મળવું જોઈએ.

ઇટ્સ હેપન
પહેલા પાનાથી ચાલુ

કરવાનો ઉલ્લેખ છે. ફોટામાં ભારત કે અમેરિકાનો નકશો નથી. માત્ર બે મહાનુભાવોના ફોટા છે ત્યારે તેઓ પોતાની દોસ્તીને મજબૂત કરવા માટે કાર્યક્રમ યોજી રહ્યાં છે કે કેમ...? એવો સવાલ પણ પૂછાઈ રહ્યો છે.





અમેરિકાના પ્રમુખ આવવાના હોવાથી અમદાવાદ શહેરના રાજ માર્ગો પર રાત્રે દિવાળીન જેવો માહોલ જામ્યો છે. વિશ્વના બે શક્તિશાળી નેતાઓ અમદાવાદના મહેમાન બનવા જઈ રહ્યા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ટ ટ્રમ્પ એક દિવસની ટૂંકી મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે તેમની આગતા સ્વાગતમાં કોઈ કમી ન રહે તેની ખાસ કાળજી લેવામાં આવી છે. જે રસ્તા પરથી ટ્રમ્પ અને મોદી રોડ શો કરશે તે રસ્તાઓને દુલ્હની જેમ શણગારવામાં આવ્યા છે.

રોડ શો એરપોર્ટથી ગાંધીઆશ્રમ અને આશ્રમથી ઈન્દિરાબ્રિજના રૂટ પર જ રહેશેઃ મેયર

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪મી ફેબ્રુઆરીએ એરપોર્ટથી રોડ શો કરી સીધા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમ જવાના છે. પહેલા તેઓ ગાંધીઆશ્રમ થઈ રોડ શો કરવાના હતા, પરંતુ હવે ગાંધીઆશ્રમની મુલાકાત રદ થતાં રોડ શો ક્યાંથી થશે તે મામલે અસમંજસ ચાલી રહી હતી. જો કે મેયર બિજલ પટેલે જણાવ્યું હતું કે રોડ શોનો રૂટ એરપોર્ટથી ગાંધીઆશ્રમ તરફ અને ત્યાંથી એરપોર્ટ થઈ ઈન્દિરાબ્રિજ થઈ મોટેરા સુધીનો જ છે. રોડ શોની તૈયારીઓ એરપોર્ટ, ડફનાળા થઈ ગાંધીઆશ્રમ તરફના રોડ પર કરવામાં આવી છે. જો કે સંભવિત તૈયારીઓને જોતા ટ્રમ્પ અને મોદીનો રોડ શોનો કાફલો સુભાષબ્રિજથી યુ ટર્ન મારી પરત એરપોર્ટ તરફ આવશે અને ત્યાંથી ઈન્દિરાબ્રિજ થઈ મોટેરા જશે. મ્યુનિસિપલ કોર્પોરેશને ટ્વીટ કરેલા વીડિયોમાં એરપોર્ટથી મોટેરાના રસ્તે સાંસ્કૃતિક ઝાંખી કરાવતો ભવ્ય રોડ શોનો ઉલ્લેખ છે. પરંતુ ગાંધી આશ્રમનો કોઈ જ ઉલ્લેખ નથી એટલે એરપોર્ટથી કયા રસ્તે મોટેરા રોડ શો કરતા જશે એ મામલે અસમંજસ થઈ હતી.રોડ શોના રૂટ પર કોર્પોરેશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અલગ અલગ ૨૮ જેટલા સ્ટેજ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. રોડ શોને ભવ્ય બનાવવા માટે સમગ્ર રૂટ પર સુશોભનની તમામ તૈયારીઓ તડામાર ચાલી રહી છે.

ટ્રમ્પની દીકરી ઈવાંકા અને જમાઈ પણ મોંઘેરા મહેમાન બનશે

નમસ્તે ટ્રમ્પ : ગુજરાતના આકાશમાં પહેલીવાર ચાર અમેરિકન ચોપર ઉડશે

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદની મુલાકાતે આવી રહ્યાં છે. આ પ્રવાસ દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની તમામ વ્યવસ્થા પર અમેરિકન સિક્રેટ સર્વિસ નજર રાખી રહી છે. ટ્રમ્પ જે સ્થળેથી નીકળવાના છે ત્યાંની નાની નાની ગલીઓ, ફુલ કુંડાથી લઈને અવવારૂ સ્પોટ શોધીને સિક્રેટ સર્વિસે એક યોજના તૈયાર રાખી છે. ૨૪મીએ બપોરના ૧૨ વાગ્યાની આસપાસ ટ્રમ્પ અને મોદી એરપોર્ટથી ગાંધીઆશ્રમ તરફ અને ત્યાંથી એરપોર્ટ થઈ ઈન્દિરાબ્રિજ થઈ મોટેરા સ્ટેડિયમ પહોંચવાના છે. તેમના આ રૂટમાં સાબરમતી નદીનો ખુલ્લો ભાગ આવે છે તેની સાથે એરપોર્ટથી લઈ અનેક જગ્યાએ સિક્યુરિટીની સંભાવના સંદર્ભે પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જેમાં જમીન પર ગુજરાત પોલીસ, પાણીમાં ટ્રેઈન્ડ ફોર્સ(સબારમતી નદી) એસપીજી, સિક્રેટ સર્વિસ અને આકાશમાં ચાર અમેરિકન ચોપર વોચ રાખશે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના આકાશમાં પ્રથમ વખત અમેરિકન એરફોર્સના ચોપર ઉડવાના છે. જેથી આ પ્રક્રિયા રિહર્સલમાં પણ સામેલ કરવામા આવશે. ૨૪મી ફેબ્રુઆરીના રોજ ટ્રમ્પના રોડ શો દરમિયાન શહેરમાં નો ફ્લાઈંગ ઝોન જાહેર કરવામાં આવશે. જેથી મોટા ભાગની ફ્લાઈટ ડાઈવર્ટ થાય તેવી શક્યતાઓ માનવામાં આવી રહી છે. આ દરમિયાન ત્રણ લેયરમાં સિક્યુરિટી જોવા મળશે. જેમાં સ્ટેડિયમ અને રોડ શો દરમિયાન પ્રથમ લેયરમાં ગુજરાત પોલીસના અધિકારીઓ અને પોલીસ ફોર્સ હશે, જ્યારે બીજા લેયરમાં એસપીજીના સિલેક્ટેડ અધિકારીઓ હાજર હશે અને ત્યાર બાદ સિક્રેટ સર્વિસ એજન્ટ્સ પણ સ્ટેડિયમમાં હાજર હશે.

ટ્રમ્પ દંપતી એકલા ભારતના પ્રવાસે નહિ આવે. સાથે તેમની પુત્રી અને જમાઈ પણ હાજર રહેશે. આગામી ૨૪-૨૫ ફેબ્રુઆરીના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પ પણ ગુજરાત આવશે. આ સાથે ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રી ઈવાંકા ટ્રમ્પ અને તેમના પતિ પણ હાજર રહેશે. આખો ટ્રમ્પ પરિવાર અમદાવાદ અને આગરાની મુલાકાત લેશે. આમ, અમેરિકાનો પહેલો પરિવાર નમસ્તે ટ્રંપ કાર્યક્રમમાં હાજર રહેશે.

કારે ટક્કર મારતા બાઈકસવાર એએસઆઈનું મોત નીપજ્યું

નડિયાદ

મહુધા પોલીસ મથકમાં આસિસ્ટંટ સબ ઈનસ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ભરતભાઈ ડાહ્યાભાઈ પરમાર (ઉ.વ.૫૭) બુધવારે રાત્રે પોતાની ફરજ પૂર્ણ થયા બાદ પોતાના ઘરે મહેમદાવાદ જવા માટે નીકળ્યા હતા. તેઓ વાંઠવાળી નજીક મહેમદાવાદ જવાના માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા તે સમયે એક કારના ચાલકે તેમને અડફેટે લેતાં તેઓને ગંભીર ઈજા પહોંચી હતી. આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને ભરતભાઈને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે મહેમદાવાદ પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા કારના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જો કે ભરતભાઈ ૨૦૧૮ થી મહુધા પોલીસ મથકમાં ફરજ બજાવતા હતા અને તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ નિવૃત્ત થવાના હતા.

નડિયાદ શહેરમાં રહેતા આશિષભાઈ દિલીપભાઈ તળપદા (ઉ.વ.૩૫) તથા તેમના ભાઈ કિરીટભાઈ રાવજીભાઈ તળપદા (ઉ.વ.૩૨) સાથે તેમના કાકાના દીકરાના લગ્નની કંકોત્રી આપવા માટે ડાકોર તરફ જઈ રહ્યા હતા. તેઓ ઘરેથી થોડાજ આગળ ડાકોર તરફ નીકળ્યા હતા ત્યાં તંબુ ચોકી પાસે ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારતાં આશિષભાઈ અને કિરીટભાઈ માર્ગ ઉપર પટકાયા હતા. જેમાં આશિષભાઈને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે કિરીટભાઈને ઈજા થતાં તેમને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

યાર્ડમાં હડતાળ યથાવત... ડી-વિડર મશીનથી જળકુંભી દૂર કરવાની કામગીરી શરૂ

રાજકોટ

રાજકોટ બેડી યાર્ડમાં મચ્છરોના ત્રાસથી ચોથા દિવસે હડતાળ યથાવત છે. યાર્ડ પાછળ આવેલી નદીમાંથી જળકુંભી દૂર કરવા સુરત મનપાનું ડી-વિડર મશીન ખાસ મંગાવવામાં આવ્યું હતું. સવારે મશીન આવી જતા નદીમાંથી જળકુંભી દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. શનિવારે યાર્ડના ચેરમેને ફરી વેપારીઓ અને મજૂરોની બેઠક બોલાવી છે. યાર્ડના ચેરમેને સોમવારથી યાર્ડ શરૂ થશે તેવો દાવો કર્યો છે. બીજી તરફ વેપારીઓની એવી માંગ છે કે પોલીસ દ્વારા જેની અટકાયત કરવામાં આવી હતી તે તમામના કેસ પાછા ખેંચવામાં આવે, જ્યારે યાર્ડનું દરરોજનું ૮ કરોડનું ટર્ન ઓવર અટકી પડ્યું છે. રાજકોટના બેડી માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલા આજી-૨ ડેમમાંથી જળકુંભી દૂર થશે. મચ્છરોના ત્રાસને કારણે છેલ્લા ત્રણ દિવસથી યાર્ડ બંધ રહ્યા બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું અને સુરતથી મશીન લાવીને કામગીરી શરૂ કરવામાં આવી છે. વેલ દૂર કરવાની કામગીરીથી યાર્ડના સત્તાધીશો અને બેડી ગામના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જો કે આ કામગીની શરૂઆત બાદ યાર્ડ શરૂ થશે કે કેમ તે સવાલ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કાર્યવાહીને લોકલ ડિઝાસ્ટર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ, સિંચાઈ વિભાગ, રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને ફાયર વિભાગ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ દ્વારા ખાસ મશીનથી જળકુંભી દૂર કરીને ત્યાં દવાનો છંટકાવ કરવામાં આવશે અને જે ગંદુ પાણી આજી-૨ ડેમમાં આવી રહ્યું છે તેને સુએઝ પ્લાન્ટમાં ચોખ્ખુ કરીને ઠાલવવામાં આવશે. આ કામગીરીમાં એક મહિના જેટલો સમય લાગી શકે છે.

ખેતરે જતા ખેડૂત પર દીપડાએ હુમલો કર્યો, માથા અને મોઢા પર નહોર માર્યા

ઉના

ઉનાના સનખડા-માલણ વિસ્તારમાં ખેડૂત પર દીપડાએ હુમલો કર્યો હતો. યુવાન ખેડૂત વાડીના શેઢેથી પોતાના ખેતર તરફ ચાલીને જતો હતો ત્યારે દીપડાએ અચાનક પાછળથી હુમલો કરી દીધો હતો. એરંડાના પાકના વાવેતરમાંથી દીપડો અચાનક બહાર આવ્યો હતો અને ખેડૂતને નિશાન બનાવ્યો હતો. જો કે ખેડૂતે બૂમાબૂમ કરી મુકતા દીપડો નાસી ગયો હતો. ખેડૂતના માથા, મોઢા, હાથ અને કમરના ભાગે દીપડાએ નહોર માર્યા હતા. આથી ગંભીર હાલતમાં ખેડૂતને સારવાર માટે ઉનાની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ખાંભાના તુલસીશ્યામ રેન્જમાં વધુ એક સિંહનું મોત નીપજ્યું છે. આ અંગે વન વિભાગને જાણ થતા ટીમ દોડી ગઈ હતી. વન વિભાગે સિંહનો મૃતદેહ કબ્જે કરી પીએમ માટે જસાધાર એનિમલ કેર ખાતે ખસેડ્યો હતો. જો કે સિંહના મોતનું કારણ જાણવા મળ્યું નથી. પીએમ બાદ જ મોતનું કારણ જાણવા મળશે.

પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોએ રોડ પર ટમેટા ઠાલવી રોષ વ્યક્ત કર્યો

ઉપલેટા

ઉપલેટા તાલુકામાંથી ત્રણ મોટી નદીઓ ભાદર, મોજ, વેણું પસાર થઈ છે. તેમા ઠેક ઠેકાણે ચેક ડેમ બનાવતા નદીમાં રહેલ પાણીનો ઉપયોગ કરીને તથા મોજ ડેમ અને વેણુ ડેમના ઉતરતા પાણીથી ખાલી થયેલી જગ્યામાં ખેડૂતો શાકભાજી વાવીને પોતાનું જીવન નિર્વાહ કરે છે. પરંતુ આ વખતે શાકભાજીના ભાવ હરાજીમાં શાક માર્કેટમાં ન આવતા ખેડૂતોમાં રોષ વ્યક્ત કરી રહ્યા છે. ચાર દિવસ પહેલા ભાયાવદરના ખેડૂતોએ કોબી તથા ટમેટા રોડ ઉપર ફેંકીને પોતાના રોષ વ્યક્ત કર્યો હતો. ત્યારે આજે હાડફોડી કે જે ઉપલેટાથી ફક્ત ૪ કિમી દૂર છે. તેમણે ખેતરોમાંથી ટમેટા તોડીને ઉપલેટા-પાટણવાવ રોડ ઉપર ઠાલવીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

ખેડૂતોએ જણાવ્યું હતું કે, પાંચ કિલો ટમેટાની બેગના ૨૦ને ૨૫ રૂપિયા હરાજીમાં આવે છે. તેમનાથી જાજો ખર્ચ તો ટમેટા ઉતારવાનો અને માર્કેટ સુધી પહોંચાડવાનો થઈ જાય છે. જેથી ખેતરની સફાઈ કરવી અમારે માટે ફરજીયાત છે. આ ટમેટાનું હરાજીમાં કંઈ આવતું નથી તેથી ટમેટા રોડ ઉપર ફેંકીને અમે અમારો રોષ વ્યક્ત કરી સરકારનું ધ્યાન દોરવા પ્રયાસ કરીએ છીએ.

કૈલાશ ખેર, પાર્થિવ ગોહિલ, પુરૂષોતમ ઉપાધ્યાય, કિંજલ દવે અને કિર્તિદાન ગઢવી પર્ફોર્મ કરશે

૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન નહીં માત્ર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ જ યોજાશે

અમદાવાદ

ટ્રમ્પ અને મોદીની ૨૪ ફેબ્રુઆરીની અમદાવાદ મુલાકાતને લઈ પૂરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનાર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે અને મીડિયા ટીમ સાથે પોલીસ અધિકારીઓ અને જીસીએના હોદ્દેદારોએ તૈયારીઓનું નિરિક્ષણ કર્યું હતું. જો કે ૨૪ ફેબ્રુઆરીએ મોટેરા સ્ટેડિયમનું ઉદ્ઘાટન થશે નહીં માત્ર 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ જ યોજાવાનો છે. આ અંગે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ ધનરાજ નથવાણીએ સ્ટેડિયમના ઉદ્ઘાટન અંગે જણાવ્યું કે, આ કાર્યક્રમ ટ્રમ્પના ભવ્ય સ્વાગત માટે છે સ્ટેડિયમનું ઉદ્ઘાટન થશે નહીં. આ કાર્યક્રમમાં કૈલાશ ખેર, પાર્થિવ ગોહિલ, પુરૂષોતમ ઉપાધ્યાય, કિંજલ દવે અને કિર્તિદાન ગઢવી સહિત અન્ય કલાકારો પણ પર્ફોર્મ કરશે.

મોટેરા સ્ટેડિયમમાં ૧ લાખ ૧૦ હજાર પ્રેક્ષકો વચ્ચે મોદી અને ટ્રમ્પનો ખાસ કાર્યક્રમ યોજાવાનો છે તેની સલામતી અને સુરક્ષાની સાથે સરળતાથી પ્રવેશ મળી શકે તે માટેની વ્યવસ્થાનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. મોટેરા સ્ટેડિયમ તૈયાર થયા બાદ સૌ પ્રથમવાર અંદરનો નજારો જોવા મળ્યો છે.આ ઉપરાંત સ્ટેડિયમની આસપાસ આવેલા પાર્કિંગ પ્લોટમાં કોર્પોરેશન દ્વારા ટોઈલેટવાન અને મેડિકલ વાન પણ મૂકી દેવામાં આવી છે.

વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ તૈયાર થઈ ગયું છે. અંદાજે રૂ.૮૦૦ કરોડના ખર્ચે ૬૩ એકરમાં બનેલા આ સ્ટેડિયમમાં ૧ લાખ ૧૦ હજાર લોકો એક સાથે બેસીને ક્રિકેટની મજા માણી શકશે. મેઈન ગ્રાઉન્ડ ઉપરાંત અન્ય બે ગ્રાઉન્ડ પણ તૈયાર કરવામાં આવ્યા છે. તેમજ જુદા જુદા પ્રકારની ૧૧ પીચ અને ૩૦૦૦ કાર, એક હજાર ટૂ વ્હીલર પાર્ક કરી શકાય તે માટે પાર્કિંગ બનાવ્યું છે.

સોમનાથ મહાદેવને વિશેષ શણગાર કરવામાં આવ્યો

શિવાયલો હર હર મહાદેવના નાદથી ગુંજ્યા, ભાવિકોનું ઘોડાપૂર

વેરાવળ

મહાશિવરાત્રી હોય શિવભક્તો શિવાલયોમાં વહેલી સવારથી જ ઉમટી રહ્યા છે. બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન માટે ગઈકાલ રાતથી જ ભાવિકોના ઘોડાપૂર ઉમટી પડ્યા છે. સવારની આરતીમાં હજારોની સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો અને હર હર મહાદેવના નાદથી મંદિર ગુંજી ઉઠ્યું હતું. સોમનાથ સહિત સૌરાષ્ટ્રના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા છે. સોમનાથ મહાદેવની મંદિર પરિસરમાં પાલખીયાત્રા નીકળી હતી. જેમાં ભાવિકોએ ડમરૂ સાથે બમ બમ ભોલેના નાદથી મંદિર ગુંજી ઉઠ્યું હતું.

સોમનાથ મહાદેવ મંદિર બાદ રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકામાં આવેલું ઘેલા સોમનાથ મંદિર સૌરાષ્ટ્રના મોટા શિવાલયોમાંનું એક છે. ઘેલા સોમનાથ મહાદેવને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. અહીં પણ વહેલી સવારથી ભાવિકોના ઘોડાપૂર ઉમટી પડ્યા. રાજકોટના દરેક શિવાલયોમાં સવારથી જ ભાવિકો દૂધ, દહી, જળનો અભિષેક કરી અને પૂજા કરી ધન્યતા અનુભવી.

સૌરાષ્ટ્રના દરેક શિવાલયોમાં રાતથી ભાંગની પ્રસાદી બનાવવામાં આવી હતી. સવારે દર્શન કરવા આવતા ભાવિકોને ભાંગની પ્રસાદી આપવામાં આવી રહી છે. ઘણા શિવાયલોમાં ભાવિકોએ શિવલીંગ પર દૂધનો થોડા અભિષેક કરી બાકીનું દૂધ ગરીબ બાળકોને આપ્યું હતું.

મંત્રી-ધારાસભ્યોને રવિવારે રાત્રે ગાંધીનગર પહોંચવા આદેશ, વોલ્વો બસની સુવિધા અપાશે

અમદાવાદ

પીએમ નરેન્દ્ર મોદી અને યુએસ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નમસ્તે કાર્યક્રમ માટે રાજય સરકારના મંત્રીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મંત્રીઓ સહિત ૧૦૦થી વધુ ઉચ્ચ અધિકારીઓને મોટેરા સ્ટેડિયમ લઈ જવા માટે ખાસ વોલ્વો બસની સુવિધા ઉભી કરવામાં આવી છે. તમામને સચિવાલયથી સ્પેશિયલ બસમાં સ્ટેડિયમ સુધી લઈ જવામાં આવશે. મંત્રીઓ અને ધારાસભ્યોને રવિવાર રાત્રે જ ગાંધીનગર પહોંચી જવા જણાવાયું છે.

રાજ્ય સરકારના મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓને સ્ટેડિયમ લઈ જવા માટે એસટી નિગમ તરફથી વોલ્વો બસની વ્યવસ્થા કરવામાં આવનારી છે. આ માટે ગાંધીનગરમાં ત્રણ સ્થળ નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાં ધારાસભ્ય ક્વાર્ટર, સચિવાલય અને મંત્રીઓના નિવાસસ્થાન છે. આ ત્રણેય સ્થળેથી એકસાથે વોલ્વો બસ ઉપડશે. આમ કરવા પાછળ એવું કારણ દર્શાવવામાં આવી રહ્યું છેકે, રસ્તા પર ટ્રાફિકની સમસ્યા તથા સ્ટેડિયમમાં એસપીજીની સિક્યોરિટી ચેકિંગ દરમિયાન કોઈ તકલીફ ન પડે એ માટે બધાને એકસાથે જ બસ દ્વારા સ્ટેડિયમમાં લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાજ્ય સરકારે ધારસભ્યો અને મંત્રીઓને રવિવાર રાતથી જ ગાંધીનગર આવી જવા માટે કહેવામાં આવ્યું છે. ધારાસભ્યોને એમએલએ ક્વાર્ટર્સ તથા મંત્રીઓને મંત્રી નિવાસસ્થાને પહોંચી જવા આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઓફિસનો સોદો કરી રૂ.૪૦ લાખ લીધા બાદ બીજાને વેચી દેનાર શખ્શની ધરપકડ

વડોદરા

વડોદરાના અટલાદરા વિસ્તારમાં ઓફિસ ધરાવતા માલિકે આણંદના કન્સલ્ટન્ટને ઓફિસ વેચી રૂપિયા મેળવી લીધા બાદ ત્રાહિત વ્યક્તિને ફરીથી ઓફિસ વેચી દેતા તેની મુંબઈ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

અટલાદરામાં મેફેર એટ્રિયમ બિલ્ડિંગમાં ઓફિસ ધરાવતા અબ્દુલ રહેમાન સફરી રહે. પવન વીર એપાર્ટમેન્ટ, પ્રતાપગંજએ આણંદના કરમસદ ખાતે રહેતા અને ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્ટનું કામ કરતા અમિતભાઈ મોટાણીને અઢી વર્ષ પહેલા રૂ.૫૦ લાખમાં ઓફિસ વેચી હતી.

અમિતભાઈએ ઓફીસનું રૂ.૪૦ લાખનું પેમેન્ટ ચૂકવી દીધું હતું અને પત્નીના નામે ઓફિસનું બાનાખત કર્યું હતું. પરંતુ તેઓ થોડા સમય પહેલા ઓફિસે ગયા ત્યારે તેમણે ખરીદેલી ઓફિસ પર ભગીરથસિંહ જાડેજાનું બોર્ડ લાગેલું હતું. જેથી અમિતભાઈને શંકા જતા તેઓ પ્રતાપગંજ ખાતે અબદુલભાઇના મકાને ગયા હતા, પરંતુ ત્યાં તેઓ મળી આવ્યા ન હતા તેમજ તેમનો ફોન પણ બંધ થઈ ગયો હતો. આખરે અમિતભાઈએ પોલીસ ફરિયાદ કરતા કાઈમ બ્રાન્ચની ટીમે અબ્દુલ સફરીને મુંબઈ ખાતેથી ઝડપી પાડયો છે.

દારૂની બાતમી આપનાર યુવતી પર બુટલેગરે એસિડ એટેકનો પ્રયાસ કર્યો

અમદાવાદ

વાડજ વિસ્તારમાં આવેલી હનુમાન પુરાની ચાલીમાં ગત મોડી રાતે એક બનાવ બનવા પામ્યો હતો. જેમાં દારૂની બાતમી આપનાર યુવતી પર લિસ્ટેડ બુટલેગરે એસિડ એટેકનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની વાત કરીએ તો, હનુમાનપુરાની ચાલીમાં રહેતી યુવતીએ વાડજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે, જેમા આરોપી કિરીટ ઉર્ફે જેન્ગો દંતાણીએ યુવતીને ફોન કરી ધમકી આપ્યા બાદ તેના પર એસિડનો હુમલો કરવા માટે પ્લાસ્ટીકની બોટલમાં એસિડ ભરી યુવતીના ઘર સુધી પહોંચી ગયો હતો. જે અંગે વાડજ પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીની ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી છે.

યુવતીએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ કરતા આરોપી કિરીટ અગાઉ પણ સંખ્યાબંધ ગુનામાં પોલીસ ચોપડે નોંધાયેલો છે. જેમા દારૂ અને મારામારીના ગુના છે. પરંતુ સ્થાનિકો જે પ્રમાણે આક્ષેપ કરી રહ્યા છે કે, પોલીસ આરોપીને છાવરી રહી છે. તે અંગે પણ ઉચ્ચ પોલીસ અધિકારી તપાસ કરી રહ્યા છે. પરંતુ આરોપી કિરીટે જ્યારે એસીડ એટેકની ધમકી આપી ત્યાર બાદ સ્થાનિકોએ તેને માર મારતા તે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. પરંતુ પોલીસ નજીકના ભવિષ્યમાં તેની ધરપકડ કરશે.

મહારાષ્ટ્રના રાજ્યપાલના બંદોબસ્ત કાફલાની પોલીસવાનને અકસ્માત નડ્યો, ૧૮ ઘાયલ

નવાપુર

ગુજરાત રાજ્યના અડીને આવેલા નંદુરબાર જિલ્લામાં મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી બે દિવસનો પ્રવાસ માટે નંદુરબાર જિલ્લાની મુલાકાતે આવ્યાં હતાં.નંદુરબાર-તળોદા રસ્તા ઉપર ધડગાવથી નંદુરબાર જતા સમયે નંદુરબાર શહેર નજીક પોલીસ ગાડી બેકાબૂ થઈ જતાં પોલીસ ગાડી રસ્તાના નીચે ઉતરી જતાં ઝાડ સાથે જોરદાર ટક્કર મારી હતી જેમાં નાશિક જિલ્લા પોલીસના ૧૮ કર્મચારીઓ સવાર હતા. જેમને ઈજાઓ પહોંચતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

નંદુરબાર જિલ્લામાં મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી બે દિવસ માટે આવ્યાં હતાં એમના બંદોબસ્ત માટે નાશિક જિલ્લાના પોલીસ બંદોબસ્ત માટે આવ્યો હતા. પહેલાં દિવસે ધડગાવ તાલુકાના મોલગી ગામમાં બંદોબસ્ત કરીને નંદુરબાર આવી રહ્યા હતાં ત્યારે ચાલકનો પોલીસ વાહન ઉપર નિયંત્રણ ગુમાવતા અકસ્માત સર્જાયો છે. ૧૮ પોલીસ ઈજાગ્રસ્ત થયાં છે નંદુરબાર સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહ્યા છે.

કાર ૨૦૦ મીટર ફંગોળાઈ ખેતરમાં પડી, એકનું મોત નીપજ્યું

આટકોટ

આટકોટના ખારચીયા ગામ પાસે આઈ-૨૦ કાર રોડ પરથી ફંગોળાઇ ૨૦૦ મીટર દૂર ખેતરમાં પડી હતી. જેમાં જસદણના ભદુભાઈ ધાધલ (ઉ.વ.૩૫)નું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે રાજ રાજગોર નામના યુવાનને ગંભીર ઈજા પહોંચતા જસદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સરધાર ૧૦૮ની ટીમે મૃતકે પહેરેલા સોનાના ચેઈન સહિત ૧૪ લાખનું સોનુ પરિવારજનને પરત કરી પ્રામાણિકતા દેખાડી હતી.

૧૦૮ની ટીમે ૭૦૦ ગ્રામનો એક ચેઈન, સોનાની એક લકી, હાથની રીંગ અને કારની ચાવી સહિત ૧૪ લાખનું સોનું પરત કરી પ્રામાણિકતા દેખાડી હતી. અકસ્માત થયા બાદ ખારચીયાના રમેશભાઈ દોડી ગયા હતા. મૃતક ભદુભાઈ ધાધલ જસદણના ગંગા ભુવનમાં રહેતા હતા. તેઓ પરિવારમાં એક જ પુત્ર છે તેવું જાણવા મળ્યું છે. પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

ટ્રમ્પની ભારત યાત્રામાં કોર ટીમના ૮ એનઆરઆઈ સભ્યો પણ આવશે

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨ દિવસની ભારત યાત્રા પર આવી રહ્યા છે, ત્યારે ટ્રમ્પની સાથે તેમની કોર ટીમના ૮ એનઆરઆઈ સભ્યોને પણ સાથે લાવી રહ્યા હોવાનું જાણવા મળે છે. આ કોર ટીમના સભ્યો સીધા જ દિલ્હી પહોંચે તેવી શક્યતા છે, જ્યાં તેઓ વેપાર વાણિજ્યના પ્રતિનિધિઓથી માંડીને કેટલાક ખાસ લોકો સાથે બેઠકો કરશે.

ટ્રમ્પ સાથે ભારત યાત્રા પર આવનારી કોર ટીમના એનઆરઆઈ સભ્યોમાં પરમાણુ ઉર્જા વિભાગના નાયબ પ્રધાન રીટા બરણવાલ, એશિયાઇ અમેરિકી અને પેસિફિક આઈલેન્ડર્સ સલાહકાર પંચના સભ્ય પ્રેમ પરમેશ્વરન, ટ્રેઝરી ફોર ફાયનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટ્સના જોઈન્ટ સેક્રેટરી બિમલ પટેલ, બ્યુરો ઓફ ઈકોનોમિક એન્ડ બિઝનેસ અફેર્સના જોઈન્ટ સેક્રેટરી મનિષા સિંહ, ફેડરલ કોમ્યુનિકેશન કમિશનના ચેરમેન અજીત પાઇ, સેન્ટર ફોર મેડિકેર એન્ડ મેડિકેડ સર્વિસિઝના ચેરમેન સીમા વર્મા, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સભ્ય અને ટ્રમ્પના મહત્વના સલાહકાર કાશ પટેલ અને મેન્ટલ હેલ્થ સર્વિસિઝ સાથે સંકળાયેલા શિવાંગી સંપત જોડાય તેવી શક્યતા છે.



કાવ્ય અભિવ્યક્તિ

સંકલનઃ નીલકંઠ વાસુકિયા

મો નંબરઃ- 9824856247

માં સમી મુજ માતૃભાષા ,વંદન તને કરતી રહુ,
ઉદગાર ને વચનો મહી ખાલીપણું ભરતી રહુ.
તું ,જ છે શણગાર મારી વાણીમાં ખીલતો વળી,
રોજ બળતા તાપમાં તારા થકી ઠરતી રહુ.
હું ભલે હોઉં જ દૂર પણ વદનમાં તું અખંડ છે,
તારા લીધે મન ઉજળું કરી આ જગ મહી ફરતી રહુ.
શબ્દનું સિંચન કરી મુજ હૃદય જ્યોત જગાવીને,
તવ દીધેલા જ્ઞાનને તવ ચરણમાં ધરતી રહુ.
કારણો મળશે અનેકે ડૂબવાના આ જાતથી પણ ,
સંસારનો અઘરો આ સાગર તું જ નામ થી તરતી રહુ.

- દિવ્યા એમ.પુરોહિત "બંસરી"

•

જ્ઞાન-અનુભવ નિઃસંકોચ ના વ્યક્ત થયા,
ના વ્યકત થયા ઉમદા વિચારો સ્વપ્રશીલ;
નિત્ય પહેરી આભરણ પરભાષ શબ્દોતણાં,
બન્યો માનવ અપ્રત્યાશિત લાગણીહીન;
જો!જો!ના વિસરે નિજ મનથી ગૌરવશાળી,
ભેટ જનની ની અમૂલક માતૃભાષા ગુજરાતી.
વળગી મિથ્યા બહુભાષાવાદને બને નિરસ ધરા,
ના ખીલે પ્રતિભા,રૂંધાય વિકાસ દિન પ્રતિદિન;
કહે 'મંથના'ગર્વથી, અંહી ગુજરાતી કવિ થયાં,
પામે ક્ષતિ જતન વિના,મહાન સંસ્કૃતિ પ્રાચીન;
જો!જો!ના વિસરે નિજ મનથી ગૌરવશાળી;
ભેટ જનની ની અમૂલક માતૃભાષા ગુજરાતી.

- પુજા ગઢવી(મંથના)

•

ગુજરાતી હોય કે હિન્દી , તમિલ હોય કે મરાઠી,
મારી મા બોલે એ મારી માતૃભાષા.
રંક હોય કે રાય, હોય કુટીર કે મહેલ,
સૌને મીઠી લાગે એ મારી માતૃભાષા.
હોય દુઃખનો તડકો, કે પછી હોય સુખ ની છાયા,
સાથ આપે હંમેશા એ મારી માતૃભાષા.
હોવું હું મારા દેશમાં, કે પછી ભલેને હોવું પરદેશમાં,
પડછાયો બની સાથે રહે એ મારી માતૃભાષા.
ના જરૂર પડે શબ્દકોશની, કે પછી ના ભણવું પડે વ્યાકરણ,
બહુ સહજ લાગે એ મારી માતૃભાષા.
વાત હોય શબ્દોની, કે પછી ભલેને હોય એના અર્થની,
પૂર્ણ થી પણ પૂર્ણ લાગે એ મારી માતૃભાષા.
સાચા-ખોટા સંબંધોના વમળોમાં,
છેતરતી લાગણીઓના શંભુમેળામાં,
મને માના ધાવણ સમી પોતીકી લાગે એ મારી માતૃભાષા.

- નીતિન ઠક્કર "કવિરાજ"

•

હેતાળવા હાલરડાના સૂર હજીય મારી ભીતરે છે,
ખળખળતા નાદ સમી ગુજરાતી મારી ભીતરે છે.
ધૂળની ડમરી સંગ પનીહારીની ઓઢણીમાં ફરકે છે,
ઝાંઝરના સાદમાં પડઘાતી ગુજરાતી મારી ભીતરે છે.
હાથ કરે છે હથેવાળો ને પછી હૈયું હૈયાને વરે છે,
સપ્તપદીના સૂરે મલકાતી ગુજરાતી મારી ભીતરે છે.
મીઠડા એવા એના બોલ સીધા દિલમાંથી નીતરે છે,
શબ્દોના અખૂટ વૈભવ સમી ગુજરાતી મારી ભીતરે છે.
અંગ્રેજીની ઘેલછામાં કદીક છાના ડૂસકા ભરે છે,
બાળપણની યાદો સાચવતી ગુજરાતી મારી ભીતરે છે.

- વિભા કિકાણી, અમદાવાદ

•

જુઓ શિશ અદબથી નમે છે,
મને મારી ભાષા ગમે છે.
જૂઓ મા ને ખોળે મજાથી;
બધા ગુજ્જુ કેવા રમે છે !
ગગનમાં બની ધ્રુવ નો તારો
સદા ભાષા આ ટમ ટમે છે.
ફકત ગુર્જરી બોલવાથી,
ઘણા મનથી તાપો શમે છે.
મરણથી જીવન લગ 'દિલીપ' એ;
દિવસ રાત પહેલાં કમે છે.

- દિલીપ વી ઘાસવાલા

આખરે લેવાયો નિર્ણયઃ ટ્રમ્પ ગાંધી આશ્રમની મુલાકાત લેશે

ગાંધીનગર

૨૪ ફેબ્રુઆરીએ ગુજરાતની મુલાકાતે આવી રહેલા અમેરિકાનના રાષ્ટરપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આખરે ગાંધી આશ્રમની મુલાકાત લેશશે. અગાઉ એવા અહેવાલો આવ્યાં હતા કે તેઓ ગાંધી આશ્રમની મુલાકાત ટાળીને અમદાવાદથી સીધા આગરા તાજમહલ જોવા જશે. પરંતુ હવે એવા અહેવાલો મળી રહ્યાં છે કે ટ્રમ્પ ૨૪મીએ એરપોર્ટથી સીધા ગાંધી આશ્રમ જશે.

સૂત્રોએ કહ્યું કે ટ્રમ્પનો ૨૪મીનો વિગતવાર કાર્યક્રમ સત્તાવાર રીતે જાહેર કરાયો ત્યારે તેમાં ગાંધી આશ્રમનો કોઇ ઉલ્લેખ નહોતો અને આગરા જશે એમ કહેવામાં આવ્યું હતું. તેની ટીકાઓ પણ થઇ હતી કે તેમના માટે ગાંધી કરતાં તાજ વધારે મહત્વના છે. જો કે વ્હાઇટ હાઉસ દ્વારા નવેસરથી નક્કી કરવામાં આવ્યું કે ભારતને આઝાદી અપાવનાર અને ગુજરાતી એવા રાષ્ટ્રપિતા ગાંધીજીના આશ્રમની મુલાકાત લેવાની મહાનુભાવોની પરંપરા રહી છે ઉપરાંત અમેરિકામાં ગુજરાતી મતદારો પણ તેનાથી નારાજ થઇ શકે એમ વિચારીને છેવટે હવે એમ નક્કી કરાયું છે કે ટ્રમ્પ અને તેમના પત્ની ૨૪મીએ અમદાવાદ પહોંચીને ગાંધી આશ્રમ જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ પ્રસંગે તેમની સાથે રહેશે અને તેમને ગાઇડ પણ કરીને ગાંધી ચરખો કાંતવામાં મદદ કરે તેમ છે.

સૂત્રોએ કહ્યું કે કાર્યક્રમમાં નજીવો ફેરફાર છે. પરંતુ અગાઉ તેમાં સમાવેશ કરાયેલો જ હોવાથી તેમની સુરક્ષા વ્યવસ્થામાં કોઇ મુશ્કેલી નહીં પડે.

મહિલાઓનાં પ્રાઈવેટ પાર્ટ પર યુવકે ખંજવાળ વાળો પાઉડર નાખતા ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આવેલાં પ્રહલાદપાર્ક સોસાયટીમાં રહેતી મહિલાઓ દરરોજ સવારે ફ્લેટના ગાર્ડનમાં મોર્નિંગ વોક માટે નીકળતી હતી. પાંચેક મહિલાઓ નિત્યક્રમ પ્રમાણે મોર્નિંગ વોક માટે એકઠી થઈ જતી હતી. પણ આ જ મહિલાઓ પર ફ્લેટમાં જ રહેતાં અંકિત જાદવે નજર બગાડી હતી. અને મોર્નિંગ વોક કરતી મહિલાઓ ઉપર તે ગંદી કોમેન્ટ પાસ કરતો હતો.

લગભગ બે મહિના સુધી મહિલાઓએ યુવકનો ત્રાસ સહ્યો. પણ સામે કોઈએ તેને અટકાવ્યો નહીં. અને આ જ કારણ બન્યું કે યુવકની હિંમતમાં સતત વધારો થતો રહ્યો. ગત ૧૯મી તારીખે મોર્નિંગ વોક પર નીકળેલી મહિલાઓના પ્રાઈવેટ પાર્ટ પર યુવકે ખંજવાળનો પાવડર નાખી દીધો હતો. આ મામલે મહિલાઓએ વિરોધ કરતાં અંકિતે ગાળાગાળી કરી દીધી હતી. આ મામલે મહિલાઓ અંકિતના ભાઈ યોગેશને ફરિયાદ કરવા ગયા. તો ભાઈને સલાહ આપવાના બદલે યોગેશે મહિલાઓ સાથે જ ઝઘડો કરી દીધો હતો. અને મહિલાઓને ધમકી આપતાં કહ્યું કે, આજે આવ્યા એ આવ્યા, હવે આવતાં નહીં, નહીતર નગ્ન કરીને સોસાયટીમાં ફેરવીશ. એક ભાઈ છેડતી કરી અને બીજો ભાઈ ખુલ્લેઆમ ધમકી આપતાં મહિલાઓએ આ મામલે અંતે પોલીસ ફરિયાદ કરી હતી.

અમદાવાદ એરપોર્ટ પર ટ્રમ્પ દંપતીનું લાલ જાજમ-શંખનાદથી ભવ્ય સ્વાગત કરાશે

અમદાવાદ

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને પીએમ મોદી અમદાવાદની એક દિવસની ટૂંકી મુલાકાતે આવી રહ્યા છે, જેને પગલે ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયાનું અમદાવાદ એરપોર્ટ પર ૧૫૦ ફૂટ પહોળી લાલ જાજમ અને ૧૯ કલાકારોના શંખનાદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

૨૪ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગે એરફોર્સ વન વિમાનમાં સીધા જ અમેરિકાથી અમદાવાદ આવી રહેલા ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયાને આવકારવા માટે અમદાવાદ એરપોર્ટ પર લાલ જાજમની બંને બાજુ ૧૧૬ કલાકારો બેડાં નૃત્ય, ઢોલ ભૂંગળી શરણાઈ, ફૂલ મંડળી, નનૈયા ઢોલ, જેવા પરંપરાગત ગુજરાતી કાર્યક્રમ યોજવામાં આવશે.

આ ઉપરાંત અલગ અલગ ૧૪ ગ્રૂપના ૨૫૦થી વધુ કલાકારો પણ નૃત્ય કરીને ટ્રમ્પ દંપતીનું ભવ્ય સ્વાગત કરશે. ત્યારબાદ એરપોર્ટથી મોટેરા સ્ટેડિયમ સુધીના રોડ શોમાં ભારતના અલગ અલગ રાજ્યના કલાકારો દ્વારા ૨૮ જેટલા સ્ટેજ પર પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવશે.

ટ્રમ્પ ગાંધી આશ્રમ આવશે કે નહીં? પણ ના આવે તો સૌથી વધુ રાજી આશ્રમવાળા થશે..!

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાગત માટે આખી ગુજરાત સરકાર છેલ્લા એક મહિનાથી ધંધે લાગી ગઈ છે, અગાઉ નક્કી થયેલા કાર્યક્રમ પ્રમાણે ટ્રમ્પની અમદાવાદ મુલાકાત દરમિયાન તેઓ મોટેરા સ્ટેડિયમ અને ગાંધી આશ્રમની મુલાકાત લેવાના હતા, પરંતુ છેલ્લા ૨૪ કલાકથી ચિત્ર અસ્પષ્ટ થયું છે અને ટ્રમ્પ ગાંધી આશ્રમ આવવાને બદલે મોટેરા સ્ટેડિયમથી સીધા આગ્રા તાજમહેલ જોવા જશે તે પ્રકારની માહિતી મળી રહી છે.

ટ્રમ્પની ગાંધી આશ્રમની મુલાકાત અંગે અમેરિકી અધિકારીઓ અને ગુજરાત સરકાર પણ હાલમાં કોઈ સ્પષ્ટતા કરી રહી નથી, પરંતુ ટ્રમ્પ જો ગાંધી આશ્રમ ન આવે તો સૌથી વધુ રાજી આશ્રમના સંચાલકો થાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે.

અમદાવાદના સાબરમતિમાં આવેલા વિશ્વ વિખ્યાત ગાંધી આશ્રમ (સાબરમતિ આશ્રમ) પ્રિજર્વેશન એન્ડ મેમોરિયલ ટ્રસ્ટ હેઠળ આવે છે. ગાંધી આશ્રમ જોવા માટે દેશ અને દૂનિયામાંથી લાખો લોકો આવે છે. ગાંધીને આદર આપનાર લોકો માટે ગાંધી આશ્રમ કોઈ મંદિર કરતાં પણ પવિત્ર જગ્યા છે. દોઢ દાયકા જેટલો સમય ગાંધીનું ઘર રહેલું હૃદયકુંજ જોવા જ્યારે લોકો આવે છે ત્યારે તેમને એક જુદી જ આધ્યાત્મિકતાનો અનુભવ થાય છે. અનેક લોકો હૃદયકુંજની બહાર રહેલા ખુલ્લા મેદાનની માટી માથે ચઢાવે છે.

જોકે ટ્રમ્પની મુલાકાત પહેલા આશ્રમની સમીક્ષા કરવા આવેલા ભારત અને અમેરિકન સરકારના અધિકારીઓએ હૃદયકુંજ સામે રહેલી માટીને જોયા પછી કહ્યું કે, ટ્રમ્પને માટી પસંદ નથી, એટલે માટી જ્યાં પણ છે ત્યાં કાર્પેટ બીછાવી દેવામાં આવે કારણ કે ટ્રમ્પ માટી પસંદ કરતા નથી.

સૂત્રોની જાણકારી પ્રમાણે આશ્રમના સંચાલકોએ ગોરા અને કાળા અધિકારીઓને સમજાવાનો પ્રયત્ન કર્યો હતો કે, આ જ માટીનું મહત્વ છે, જે માટીમાંથી દેશની આઝાદી જન્મી છે. આ માટીનો સ્પર્ષ કરવા વિશ્વભરમાંથી લોકો અહીં આવે છે. જોકે આ સરકારી બાબૂઓને આ માટીનો અર્થ સમજાયો નહીં અને તેમણે કહ્યું, સાહેબનો આદેશ છે. સાહેબનો આદેશ છે તેનો અર્થ ગુજરાત સરકારના વર્ગ ચોથાના કર્મચારીને પણ ના પાડવાનો અર્થ નરેન્દ્ર મોદીને ના પાડવા બરાબર છે તેવું આશ્રમના સંચાલકોએ સ્વિકારી લીધું છે. છેલ્લા દસ દિવસથી ગાંધી આશ્રમ સરકારી આશ્રમ હોય તે રીતે પરિવર્તિત થઈ ગયો છે.

છેલ્લા દસ દિવસથી ગાંધી આશ્રમ ગુજરાત સરકારનો આશ્રમ હોય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. ટ્રમ્પના સ્વાગતની ગેલછામાં ભાન ભૂલેલા અધિકારીઓ આશ્રમને પુછ્યા વગર આડેધડ કામ કરવા લાગ્યા હતા. અનેક વખત આશ્રમના સંચાલકો તેમને રોકતા-ટોકતા પરંતુ તેની કોઈ અસર સરકારી બાબૂઓ પર પડતી ન હતી.

પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પડ્યું...

ટ્રમ્પ અને મોદી પર આતંકવાદી હુમલાનો ભયઃ એરક્રાફ્ટ, ડ્રોન ઉડાડવા પર મનાઈ

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી ૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદની મુલાકાતે આવવના છે. તેમના પર આતંકવાદી હુમલાનો ભય હોવાને લઈ અમદાવાદ પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આતંકવાદીઓ વાહનોનો ઉપયોગ કરતા હોય છે જેથી રેસ્ટોરન્ટ, હોટલ, જવેલર્સની દુકાનો, આંગડીયા પેઢી, થિયેટર, મોલ મલ્ટીપ્લેક્ષ અને પેટ્રોલપંપ પર એચડી સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત છે. ઉપરાંત પાવર એરક્રાફ્ટ, ડ્રોન, માઈક્રો એરક્રાફ્ટ ઉડાડવા પર મનાઈ ફરમાવી છે. ભાડે મકાન રાખનાર અને આપનાર લોકોએ પણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આ બાબતે નામ, સરનામા, પુરાવા સાથેની જાણ કરવાની રહેશે. આ ઉપરાંત પોલીસ દ્વારા મોદી અને ટ્રમ્પની સુરક્ષાને લઈ રિહર્સલ કરવામાં આવશે.

બારડોલી ખાતે શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારકનું લોકાપર્ણ કરાયું

સ્મારકને ખુલ્લુ મુકતા સામાજીક મંત્રી ઈશ્વરભાઈ પરમાર

સુરત

શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્મારકનું લોકાર્પણ કરતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું કે, સમસ્ત મહારાષ્ટ્રિયન સમાજ તેમજ બારડોલી નગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે જે કામગીરી કરવામાં આવી છે તે ખરેખર બિરદાવવા લાયક છે. જેના માટે હું તેમને અભિનંદન પાઠવું છુ.મારા હસ્તે પ્રતિમાનું ખાતમુહુર્ત કરવું એ આ પહેલો પ્રસંગ છે અને આવા વીર સપુતની પ્રતિમાનું ખાત મુહુર્ત, લોકાર્પણ પ્રસંગે હાજર છુ તેના માટે હું પોતાને ધન્ય અનુભવું છુ.

વધુમાં તેમને જણાવ્યું કે, અહી વર્ષોથી છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી ઉજવાય છે અને આજે સોનગઢ શાળાની બે દીકરીઓ દ્વારા જે પોવાડો ગાવામાં આવ્યો છે તેમાં શિવાજી મહારાજનું આખું જીવન ચરિત્ર સમજાય છે તેમજ થોડાજ દિવસો પહેલા તાનાજી ફિલ્મ નિહાળી તેની કહાની પણ આ પોવાડામાં છે. જેના માટે હું બંને દીકરીઓને અભિનંદન પાઠવું છુ. આજના અવસરે હું માં ભવાની ને વંદન કરું છુ અને ભારત ભૂમિના મહાન સપુત અદ્વિતીય અજોડ પરાક્રમી છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિત્તે હું વંદન કરું છુ.

સ્મારક લોકાર્પણ પ્રસંગે સાંસદ સી.આર.પાટીલે જણાવ્યું કે, આ સ્મારક ઉભારવામાં અંદાજીત ૩૦ લાખ રકમની જરૂર હતી આ રકમ લોક સહયોગ અને બારડોલી નગરપાલિકા દ્વારા પ્રતિમા માટે જગ્યા ફાળવવામાં આવી છે તેમાં માટે હું નગરપાલિકાના અધિકારીઓનો તથા યોગદાન આપનાર લોકોનો આભારી છું. આ પ્રતિમા ઉભારવા માટે લોકોની ઉત્સુકતા વિશાળકાય રેલીમાં જોડાયેલ અંદાજીત ૧૫ હજાર લોકોની સંખ્યા પરથી સમજી શકાય છે. આ દેશ માટે શ્રી છત્રપતિ શિવાજી મહારાજે યોગદાન આપ્યુ છે. ગોરિલા યુદ્ધ પદ્ધતિ શ્રી છત્રપતિ શિવાજી મહારાજની દેન છે. માતા જીજાબાઈની વીરતાને આભારી છે.

આ પ્રસંગે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, બારડોલી નગર પાલિકા પ્રમુખ ગણેશભાઈ તથા ઉપ પ્રમુખ મીનાબેન, ચીફ ઓફિસર કોમલબેન,સુરત જીલ્લા ભાજપ પ્રમુખ દિલીપસિંહ રાઠોડ, મહારાષ્ટ્રિયન સમાજ બારડોલી, અને મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

વ્યારા ખાતે વસતિ ગણતરી અંગેનો બે દિવસીય તાલીમ વર્ગ યોજાયો

વ્યારા

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે કલેક્ટર શ્રી આર.જે.હાલાણીના માર્ગદર્શન હેઠળ વસતિ ગણતરી ૨૦૨૧ અંતર્ગત કરવાની થતી કામગીરી બાબતે, માસ્ટર ટ્રેનર્સ સહિત સંબંધિત કર્મચારીઓ માટેના બે દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરાયું હતું.

આ તાલીમ વર્ગમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનિયાએ નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર બનાવવાની કામગીરી સહિત આ કામગીરીમાં રાખવાની ચોકસાઈ બાબતે વિસ્તૃત સમજ સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

દરમિયાન તાપી જિલ્લા વસતિ ગણતરીના નોડલ ઓફિસર શ્રી નિતિન પટેલ, વસતિ ગણતરી ભવન, ગાંધીનગરથી ઉપસ્થિત રહેલા ડી.સી.ઓ. માસ્ટર ટ્રેનર શ્રી એમ.કે.મીના, જિલ્લાના સ્ટેટ માસ્ટર ટ્રેનર્સ ડો. જગદીશ પટેલ, અને ડો. જનક પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમ વર્ગમાં ૯ જેટલા ચાર્જ ઓફિસર, ૯ એડિશનલ ચાર્જ ઓફિસર તથા સહાયક સ્ટાફ, ૨૨ જેટલા ટેકનિકલ આસિસ્ટન્ટ મળી કુલ ૪૦ અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

સુરતમાં જાહેરમાં આતશબાજી કરવા પર પોલીસનો પ્રતિબંધ

હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ કાર્યવાહી કરાશે

સુરત

સૂરત શહેરમાં આતશબાજીના કારણે થતા ઈજાના બનાવો તેમજ દર્દીઓ અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીની સાથોસાથ જાનમાલને નુકશાન અને ટ્રાફિક અડચણ જેવા પ્રશ્નો સર્જાતા હોય છે. જેથી શહેરના શહેર સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામાં દ્વારા જરૂરી પ્રતિબંધ ફરમાવ્યા છે.

પોલિસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં રાત્રિના ૧૦-૦૦ થી સવારના ૬-૦૦ વાગ્યા સુધી ફટાકડા અને દારૂખાનું ફોડવા પર પ્રતિબંધ મૂકયો છે. શહેરના જાહેર રસ્તા/રોડ ફૂટપાથ ઉપર દારૂખાનું/ફટાકડા ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપરાંત જાહેર રસ્તાઓ/રોડ તથા ફૂટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી વ્યકિત ઉપર ફેંકવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જયારે સમગ્ર વિસ્તારમાં આવેલી હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફટાકડા/દારુખાનું ફોડવું નહી. ડુમસ પો.સ્ટે. વિસરમાં આવેલા સુરત એરપોર્ટની ફરતી દિવાલ/ફેન્સીગ તારની વાડથી ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈ પણ વ્યકિતએ હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા નહી. હજીરા અને ઈચ્છાપોર પો.સ્ટેશન વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોની કંપનીઓના કંપાઉન્ડના ઘેરાવામાં કોઈ પણ વ્યકિતએ હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા નહી. આ હુકમનો અમલ તા.૦૯/૦૪/૨૦૨૦ સુધી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

સુખાબારી ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશબંધી લાગુ

નવસારી, તા.૨૧

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના સુખાબારી ગામે તા.૦૩/૦૩/૨૦૨૦થી તા.૦૫/૦૩/૨૦૨૦ સુધી સવારના ૬-૦૦ થી ૧૮-૦૦ કાર્યક્રમ પુર્ણ થાય ત્યાં સુધીના સમય દરમિયાન ઉકાઈના સી. આઈ. એસ. એફ.યુનિટ, યુટીપીએસના વાર્ષિક અભ્યાસ માટે ફાયરીંગ પ્રેકટીસ યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા દ્વારા સુખાબારી ફાયરીંગ બટ વિસ્તારમાં ગોળીબાર પ્રેકટીસ દરમિયાન આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યકિતઓને ફરવા કે ઢોરઢાંખર પ્રવેશ પર ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સેન્ટ્રલ ઝોને વોર્ડ નં . ૧૨માં ગેરકાયદે બાંધકામ તોડયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં. ૫૦,૫૮,૫૯ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી નરેશકુમાર એ.છત્રીવાલા તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા. ૨૦/૦૨/૨૦૨૦ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત ગ્રા. ફલોર થી ચાર માળ સુધી પાછળના ભાગે આવેલ મંજુર પ્લાનમાં દર્શાવેલ ઓપન સ્પેસ વિસ્તારમાં આશરે ૧૪૧૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂ. ૨૫,૦૦૦/- અને સી.એન્ડ ડી.વેસ્ટ પેટે રૂ. ૨૫,૦૦૦/- વસુલ લેવામાં આવેલ છે.

સિક્યુરીટી ગાર્ડની માહિતી પોલીસ મથકમાં અચૂક નોંધાવી દેવી

હથિયાર ધારી કે બિન હથિયાર ધારીની પણ નોંધણી કરાવવી

સુરત

સૂરત શહેરમાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઈ રહે તે માટે ખાનગી સિક્યુરીટીના સંચાલકો માટે સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામું બહાર પાડયું છે. જાહેરનામા પ્રમાણે સૂરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી શાખા દ્વારા અથવા પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવશે. આ સમય દરમિયાન નોટીસ મળ્યાથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ફેક્ટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની રહેશે. આ જાહેરનામુ તા.૦૯/૦૪/૨૦૨૦ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

તલંગપુરમાંથી એસઓજી પોલીસે ગાંજો ઝબ્બે કર્યો

સુરત

એસઓજી પોલીસે તલંગપુર રોડ સરદારનગર સોસાયટીના પ્લોટ નં. ૧૭૮માં દરોડા પાડી રૂપિયા ૧૫,૬૬૬ની કિંમતનો ગાંજો અને બે મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા ૨૧,૧૧૬ની કિમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એસઓજી પોલીસે બેની ધરપકડ કરી હતી. જયારે ગાંજો નો જથ્થો આપનાર અજાણ્યાને ઈન્ટેડ જાહેર કર્યો હતો.

એસઓજી પોલીસે મળેલી બાતમીના આધારે તલંગપુર કેનાલ રોડ સરદારનગર સોસાયટીના પ્લોટ નં. ૧૭૮મા દરોડા પાડી આરોપી સુમંત કૈલાસપ્રસાદ સિંહા, બિપીનકુમાર શિવરામ દૂબેની ધરપકડ કરી હતી. એસઓજી પોલીસે આ ઘરમાંથી ૨ કિલો ૬૧૧ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. એસઓજી પોલીસે રૂા. ૧૫,૬૬૬ની કિંમતની ગાંજો અને બે મોબાઈલ ફોન કબજે કર્યો હતો. આરોપી સુમંત સિંહાને અશ્વિનીકુમાર રેલવે પટરી પાસે ગાંજોનો જથ્થે આપનાર અજાણ્યા વ્યકિતને વોન્ટેડ જાહેર કર્યો હતો.

ઉમરગામ ખાતે એનિમિયા અને સિકલસેલના દર્દીઓ માટે મેડિકલ કેમ્પસ યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા ખાતે સિકલસેલ અને એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ અંર્તગત સિકલસેલ ડીસીઝ દર્દીઓ માટે ફોલોઅપ કેમ્પ વન અને આદિજાતિ રાજય મંત્રીશ્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની આદિવાસી પટ્ટી કહેવાતા અંબાજીથી ઉમરગામ વિસ્તીરમાં સિકલસેલ અને એનીમીયાના દર્દીઓ વિશેષ પ્રમાણમાં છે. જેનું એક કારણ કુપોષણ છે. કુપોષિત બાળકોને એનિમિયા થવાની પુરી સંભાવના હોય છે. તેથી દરેકે લીલા શાકભાજી, કઠોળ, અનાજમાંઘઉંતથા ફળ, દુધદહી વગેરેનો સંપૂર્ણ સંતુલીત આહાર લેવો જોઈએ. ગુજરાતમાં હાથીપગો, પોલિયો, મેલેરીયા જેવા જટિલ રોગો નાબુદ કરવા લોકઝુંબેશ રૂપે લડત લડવામાં આવી છે, અને સફળતા પણ મળી છે. તેવી જ રીતે કુપોષણ સામે એક જુથ થવા ગ્રામજનોને જણાવ્યું હતું. ખેડૂતોને અનાજ પકવવા માટે કેમિકલનો ઉપયોગ ન કરવા અને સજીવ ખેતી તરફ વળવા સમજુતિ આપી હતી. આ કેમ્પોમાં લગભગ ૨૦૦થી વધારે દર્દીઓને દવાઓ અને સારવારનો લાભ આપવામાં આવ્યો.

પ્રજાના પ્રશ્નો ઉકેલવા નવસારી કલેક્ટર દ્વારા વેસ્માગામમાં રાત્રિ જન સંપર્ક

નવસારીના દરેક તાલુકાઓમાં રાત્રિ સભાનું આયોજન

નવસારી

રાજય સરકાર દ્વારા ઘરઆંગણે જઈને વાચા આપવા કલેકટરશ્રીઓને ગામડે જઈને રાત્રિરોકાણ દરમિયાન લોકપ્રશ્ન સાંભળીને ઉકેલ લાવવા સૂચન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વેસ્મા ગામે જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે ગ્રામજનો સાથે રાત્રિ જનસંપર્ક કાર્યક્રમ કરી ગ્રામજજનોના પ્રશ્નોના ઉકેલ માટે સીધો સંવાદ કર્યો હતો. આ અવસરે તેમની સાથે જલાલપોર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ધીરૂભાઈ પટેલ, નવસારી પ્રાંત અધિકારી શ્રી જાની ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાના દરેક તાલુકામાં રાત્રિસભા કરી ગ્રામજનોના પ્રશ્નોને વાચા આપવા અને તેનો યોગ્ય ઉકેલ લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. રાત્રિ જનસંપર્ક કાર્યક્રમ એટલા માટે છે કે, દિવસ દરમિયાન ગ્રામજનો પોતપોતાના કામે જતા હોવાથી કોઈના પ્રશ્નો બાકી ન રહી જાય તેવો આશય રહેલો છે. વેસ્મા ગામની જે રજૂઆત હશે તેને યોગ્ય રીતે હકારાત્મક નિકાલ કરાશે. રાત્રિ જનસંપર્ક કાર્યક્રમમાં વેસ્મા ગામના ગ્રામજનોએ ગામના રસ્તા, ગામ સ્વચ્છતા, એસ.ટી., આવાસ, રોજગારી સહિતના પ્રશ્નો અંગે ભાઈઓ તથા બહેનોએ રજૂઆત કરી હતી.

જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે ગ્રામજનોના પ્રશ્નો સાંભળી નાના-મોટા તમામ પ્રશ્નોનો જિલ્લાકક્ષાએથી ઉકેલ લાવી, હલ કરવા ખાત્રી આપી હતી. ગામની ગટરસફાઇ કામગીરી ચોમાસા પહેલા પૂર્ણ કરવા કામગીરી હાથ ધરાશે. પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ ખેડૂતોએ જરૂરી ફોર્મ ભરી કિસાન ક્રેડિટ કાર્ડ મેળવી લેવા અનુરોધ કર્યો હતો. વેસ્મા ગામના વિકાસના કામો સમયમર્યાદામાં પૂર્ણ કરાશે. વેસ્મા ગામે રાત્રિ જનસંપર્ક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે જલાલપોર મામલતદાર શ્રી એસ.એ.શાહ, સરપંચ શ્રીમતી કુસુમબેન સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતાં.

નિરંકારી મંડળના સ્વયં સેવકો સમગ્ર દેશની ૪૦૦ હોસ્પિટલોમાં સ્વચ્છતા અંગે શ્રમદાન કરશે

રવિવારે નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન નવી સિવિલમાં સ્વચ્છતા ઝુંબેશ

સુરત

નિરંકારી બાબા હરદેવસિંહ જી મહારાજની જન્મ જયંતીને ગુરૂપૂજા દિવસના રૂપમાં માનવામાં આવશે. આ ઉપલક્ષ્યએ સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા દેશભરના ૪૦૦ શહેરમાં ૧૧૬૬ સરકારી હોસ્પિટલની સફાઇ કરશે.

દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે સદ્‌ગુરુ માતા સુદીક્ષા જી મહારાજની પ્રેરણાથી ૨૩ ફેબ્રુઆરી એ સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનના તત્વધાનમાં સફાઇ અભિયાન ચલાવવામાં આવશે જેમાં દેશમાં ૪૦૦ શહેરો ૧૧૬૬ સરકારી હોસ્પિટલમાં વિશેષ ધ્યાન આપીને, સાફ-સફાઇ કરવામાં આવશે. જે બ્રાન્ચની નજીક કોઈ સરકારી હોસ્પિટલ નહીં હોઈ ત્યાં પાર્કની સફાઇ અને વૃક્ષારોપણ કરવામાં આવશે. આ પુરા આયોજનમાં બે લાખથી પણ વધારે નિરંકારી પ્રતિનિધિ ભાગીદારી કરશે.

તેમણે જણાવ્યું કે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનના વોલ્યુન્ટર તથા સેવાદળના ભાઈ બહેન પોતાની નિર્ધારિત વર્દીમાં ૨૩ ફેબ્રુઆરી એ સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી તેમની સેવા આપીને હોસ્પિટલને ચમકાવશે. આગળ તેમને જણાવ્યું કે ગુરુપૂજા દિવસના ઉપલક્ષમાં ૨૦૦૩ થી સતત સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ભક્તો એ જ્યારે નિરંકારી બાબાજી ના જન્મ દિવસ મનાવવાની ઈચ્છા જાહેર કરી, ત્યારે બાબા હરદેવસિંહ જી એ જન્મ દિવસ પર દેશભરમાં સફાઇ અભિયાનની શિક્ષા આપી. અત્યાર સુધીમાં દેશના ઐતિહાસિક સ્થળો, રેલવે સ્ટેશનો, પાર્કઓ, હોસ્પિટલ-ડિસ્પેનશરીઓ, સમુદ્ર તથા નદીઓના કિનારાઓ વગેરેની સફાઇ કરવામાં આવી રહી છે. તમે આ સફાઇ અભિયાનના કવરેજ હેતુ સવારે ૮.૩૦ વાગ્યે સાદર આમંત્રિત છો કૃપા કરીને સહયોગ કરશોજી.

કોમર્શીયલ બિલ્ડિંગો તથા જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા ગોઠવવા ફરજીયાત

તાલીમબદ્ધ સિક્યોરીટી ગાર્ડની વ્યવસ્થા પણ કરવી

સુરત

સુરત શહેરમાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઇ રહે અને સુરક્ષાના હેતુથી તકેદારીના ભાગરૂપે સૂરત સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ.ચૌધરીએ એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામાં પ્રમાણે સૂરત શહેરના સમગ્ર વિસ્તારમાં આવેલી તમામ બેંકો, તમામ એટીએમ સેન્ટરો, સોના- ચાંદી તથા કિંમતી ઝવેરાતની દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્સ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા સ્થળો તથા બહુમાળી બિલ્ડીગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલિકો/ ઉપભોક્તાઓ/ વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ દ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયોરીટી માટે મેટલ ડીટેક્ટર સાથે ફરજ ઉપર નિયુક્ત કરવાના રહેશે. પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના(માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. સીસીટીવીના રેકોડ'ગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક કાર્યરત રહે તે જોવાની જવાબદારી માલિકો/ઉપભોક્તાઓ/વહીવટકર્તાઓની રહેશે. કેમેરા તથા સિક્યુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ સાત દિનમાં ઉભી કરી દેવાની રહેશે. જ્યારે નવા શરૂ થતાં એકમોએ આ વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ જાહેરનામું તા.૦૪/૦૪/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

નમસ્તે ટ્રમ્પ : ૬૦૦થી વધુ સુરતી ઉદ્યોગકારો કાર્યક્રમમાં હાજરી આપશે

સુરત

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત અને તેમાંય અમદાવાદની મુલાકાતને લઈને ભારે ઉતેજના જોવા મળી રહી છે. દક્ષિણ ગુજરાતના સુરતમાંથી અંદાજે ૬૦૦થી વધુ ઉદ્યોગકારો ટ્રમ્પના કાર્યક્રમમાં હાજરી આપવા માટે અમદાવાદ જવાના છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઉદ્યોગકારોને અમદાવાદ લઈ જવા માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરા ખાતે યોજાનારા ટ્રમ્પના કાર્યક્રમમાં સુરતના ૬૦૦ ઉદ્યોગકારોને એસી વોલ્વો બસ મારફતે અમદાવાદ ખાતે લઈ જવામાં આવશે. ટ્રમ્પના સ્ટેજ સામે જ ઉદ્યોગકારો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી હોવાનું ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા ટ્રમ્પના કાર્યક્રમ માટે અગાઉ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પણ ચાલુ છે જે શુક્રવાર બપોર સુધી ચાલશે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ દિનેશભાઈ નાવડીયાએ જણાવ્યું હતું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સના રજીસ્ટ્રેશનમાં લગભગ ૬૦૦થી વધુ રજીસ્ટ્રેશન થયા છે. જેમ એન્ડ જવેલરીમાં ૬૭ ઉદ્યોગકારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. મોટેરામાં વચ્ચેના એરિયાની બેઠક વ્યવસ્થા ઉદ્યોગકારો માટે ફાળવવામાં આવી છે. જેમાં ઉદ્યોગકારોને શૂટના ફરજીયાત ડ્રેસ કોડમાં હાજર રહેવાનું રહેશે.

કતારગામના ડચ કબ્રસ્તાનમાં ઝેરી દવા પી યુવકનો આપઘાત

સ્યુસાઈડ નોટમાં આર્થિક સકડામણ મોતનું કારણ

સુરત

કતારગામ વિસ્તારમાં ઐતિહાસિક ડચ કબ્રસ્તાન ૩૮ વર્ષીય આધેડની લાશ મળી આવી હતી. જેની પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં આર્થિક સંકડામણમાં ઝેરી દવા પી આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હાલ તો પોલીસ દ્વારા સુસાઈડ નોટ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, કતારગામ વિસ્તારમાં આવેલી પારસ પોલીસ ચોકીની સામે ઐતિહાસિક ડચ કબ્રસ્તાન આવેલો છે. જેમાં કતારગામ વિસ્તારમાં જ રહેતા ૩૮ વર્ષીય સુરેશભાઈ વરીયાએ ઝેરી દવા પી લીધી હતી. ઐતિહાસિક ડચ કબ્રસ્તાનમાં મૃતદેહ પડ્યો હોવાની જાણ થતા પોલીસ દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. જેમાં યુવક પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી. સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, આર્થિક સંકડામણના કારણે ઝેરી દવા પી આપઘાત કર્યો છે.

કતારગામ પોલીસે મૃતકની લાશને પીએમ અર્થે સ્મીમેર હોસ્પિટલમાં મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

વલસાડની સરકારી ઈજનેરી કૉલેજ ખાતે મેગા પ્લેસમેન્ટ ફેર યોજાયો

વિનય, વિવેક તથા વર્તણુંક આ ત્રણ ગુણોને પોતાનો સ્વભાવ બનાવી લક્ષ્ય પ્રાપ્ત કરો- વન અને આદિજાતિ રાજ્યમંત્રીશ્રી રમણલાલ પાટકર

વલસાડ

વલસાડ જિલ્લાના સરકારી ઈજનેરી કોલેજ ખાતે વન અને આદિજાતિ રાજ્યમંત્રીશ્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાયેલા મેગા પ્લેસમેન્ટ ફેરમાં ૨૮૦૦થી વધારે ઉમેદવારો તથા ૧૨૧ વિવિધ ક્ષેત્રની કંપનીઓ તથા ઈન્ડસ્ટ્રીઓ આવ્યા હતા.

કાર્યક્રમમાં વન અને આદિજાતિ રાજ્યમંત્રીશ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ભારત દેશ યુવાનોને પ્લેસમેન્ટા આપવામાં વિશ્વમાં પાંચમાં ક્રમે છે, જે ગર્વની બાબત છે. દેશના યુવાનો વિવિધ ક્ષેત્રોમાં નોકરી મેળવી દેશની પ્રગતિમાં સાથ આપી રહ્યા છે. જીવનમાં વિનય, વિવેક તથા વર્તણૂંક આ ત્રણ વસ્તુઓને પોતાનો સ્વાભાવ બનાવવો જોઈએ. આ ત્રણ ગુણ જેમાં હોય છે, તે કપરી પરિસ્થિતીમાં પણ પ્રગતિ સાધી શકે છે, અને પોતાનું નિર્ધારિત લક્ષ હાંસલ કરી શકે છે.

વલસાડ સાંસદ ડૉ.કે.સી પટેલે જણાવ્યું કે શિક્ષણએ અનંત પ્રક્રિયા છે. વિદ્યાર્થીઓએ સતત શિખતા રહેવાની વૃતિ કેળવવી જોઈએ એમ સમજાવી ઉમેદવારો તથા નોકરીદાતાઓને મેગા કેમ્પમાં ભાગ લેવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

વલસાડ કલેકટર સી. આર. ખરસાણે જણાવ્યું હતું કે, નોકરી મળ્યા બાદ તેમાં રસ લઈને કામ કરવું જોઈએ. કૉલેજ દરમિયાન જ વિદ્યાર્થીએ પોતાના જીવનનું વિઝન, મિશન અને ગોલ નક્કી કરી લઈ તેને મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

કાર્યક્રમમાં જોબ માટે પસંદગી પામેલા ઉમેદવારોને મંત્રીશ્રી અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે અપોઈન્ટમેન્ટ ઓર્ડર એનાયત કરાયા હતા. પ્લેસમેન્ટ ફેર બુકનું વિમોચન કરાયું હતું.

આ ફેરમાં પ્લેસમેન્ટ કેમ્પના ઝોનલ અફિસર અને કોલેજના આચાર્ય ડૉ.વી.એમ.પુરાણી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ વંદનાબેન ટંડેલ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

નવસારી જિલ્લા ડીડીઓ પારીક કુકેરી અને સુરખાઈ ગામની આકસ્મીક મુલાકાતે

જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસ કામોની ચકાસણી કરી

નવસારી

નવસારી જિલ્લા વિકાસ અધિકારી પ્રશસ્તિ પારીકે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સુરખાઇ તેમજ કુકેરી ગામની આકસ્મિક મુલાકાત લીધી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકે સુરખાઈ ગામે ઢોડીયા સમાજની વાડી ખાતે જિલ્લાકક્ષાની પશુપાલન શિબિરમાં હાજરી આપી હતી. ત્યારબાદ સુરખાઇ ગ્રામ પંચાયતની મુલાકાત, આંગણવાડી કેન્દ્ર, વર્ગશાળાની મુલાકાત લઈ બાળકો સાથે ગોષ્ઠી કરી હતી. શાળાના કંપાઉન્ડના પેવર, બ્લોકના કામની ચકાસણી, ધારાસભ્યશ્રી ફંડના રસ્તાઓ, ૧૪ મા નાણાંપંચ અંતર્ગત થયેલા કામોની ચકાસણી કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કુકેરી ગામની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશા વર્કર તેમજ આંગણવાડીની બહેનોને આપવામાં આવતી તાલીમની વિસ્તૃત માહિતી આપી, જરૂરી સૂચનો કર્યા હતાં. કુકેરી ગામે ચેકડેમના કામો, વોટરશેડના કામો, ૧૪ માં નાણાપંચના કામોના સ્થળની મુલાકાત લીધી હતી. ગામોની મુલાકાત દરમિયાન નાનામાં નાની ખુટતી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ચીખલી તાલુકાના પ્રવાસ દરમિયાન વિવિધ સરકારી સંસ્થાઓની મુલાકાત પણ લીધી હતી.

વાપીની અર્ચના બુટીક દ્વારા સુરતના વેપારી સાથે ઠગાઈ

રૂા. ૭.૫૯ લાખનો માલ ખરીદી પેમેન્ટ ચુકવ્યુ નહીં

સુરત

વાપીની અર્ચના બુટીકના માલિકો અને કાપડ દલાલે મળી સુરતના સાડી વેપારી પાસેથી રૂપિયા ૭,૫૯,૫૮૧ની કિંમતની સાડી-ડ્રેસ મટીરીયલ્સનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ જે.જે.એ.સી. માર્કેટમાં વેપાર કરતા દીપક પુષ્પરાજ ભંડારીએ આરોપી અર્ચનાબેન બંન્દુરે સુરેશ જૈન (અર્ચના બુટીક, શિવાજી પાર્ક વાપી), કાપડ દલાલ દીપકભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીનો વિશ્વાસ કેળવી સમયસર પેમેન્ટ ચુકવ્યાની ખાતરી આપી રૂપિયા ૭,૫૯,૫૮૧ની કિંમતની સાડી-ડ્રેસ મટીરિયલ્સનો માલ ખરીદી કર્યા બાદ પેમેન્ટની ચૂકવણીના ખોટા વાયદાઓ કર્યા હતા. ત્યારબાદ પેમેન્ટ ચુકવવાની ના પાી દઈ ફરિયાદી વેપારી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે વેપારી દીપક પુષ્પરાજ ભંડારીની ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ગણેશ નગર શાકભાજી માર્કેટમાં સ્ટોલ માટે ડ્રો

સુરત

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ ટી. પી. સ્કીમ નં.-૪૦, એફ. પી. નં.—૭૧/આર-૧૧ માં આવેલ ગણેશનગર શાકભાજી તથા ફળફળાદી માર્કેટના સ્ટોલની ફાળવણીની ડ્રોની કાર્યવાહી તા.૨૯૦૨/૨૦૨૦ (શનિવાર) ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરીના પાર્કિંગમાં રાખવામાં આવેલા છે. ડ્રો માં આમેજ કરેલ દાવેદારોની અંતિમ યાદી ગણેશનગર શાકભાજી માર્કેટ, ઉધનાયાર્ડ વોર્ડ ઓફીસ તથા સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન કચેરી ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે યાદી મુજબના દાવેદારોએ ડ્રો માં સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

તાપી જિલ્લામાં બોર્ડ પરીક્ષા માટે કુલ ૩૮ કેન્દ્રો નિર્ધારિત કરાયા

અન અધિકૃત વ્યક્તિ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરી શકશે નહીં

વ્યારા

આગામી તા. ૦૫/૦૩/૨૦૨૦ થી તા. ૨૧/૦૩/૨૦૨૦ દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી અને એચ.એસ.સી (સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષા માટે તાપી જિલ્લામાં ૩૮ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે એ માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનીયાએ જિલ્લામાં નિયત પરીક્ષા કેન્દ્રો આજુબાજુ તા. ૦૫/૦૩/૨૦૨૦ થી તા. ૨૧/૦૩/૨૦૨૦ સુધી પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના ઘેરાવના વિસ્તારમાં પરીક્ષાર્થી, પરીક્ષા સાથે સંકળાયેલ શૈક્ષણિક તથા અન્ય સ્ટાફ તેમજ પરીક્ષા સંદર્ભે સોંપવામાં આવેલ હોય તેવી કામગીરી સાથે સંકળાયેલ ફરજ પરના સ્ટાફ સિવાયની અન્ય અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે.

જિલ્લા બાળ સુરક્ષા એકમની યોજનાઓ અંગે

વલસાડ

સંકલિત બાળ સુરક્ષા યોજના હેળ વલસાડ જિલ્લા બાળ સુરક્ષા એકમ બાળકોની સુરક્ષા માટે કામગીરી કરી રહ્યું છે. યોજના અંતર્ગત બિનસંસ્થાનકીય સેવાઓ, જે બાળકને કુટુંબમાં પુનઃસ્થાપન કરવા માટે એક યોગ્ય ઉપાય કહી શકાય, ત્યારે જિલ્લામાં સંકલિત બાળ સુરક્ષા યોજના અને સમાજ સુરક્ષા વિભાગ દ્વારા કાર્યરત યોજના જિલ્લાના તમામ લોકો સુધી પહોંચે અને તે બાબતો લોકોમાં યોગ્ય જાગૃતતા આવે અને જિલ્લાના સાર સંભાળ અને રક્ષણની જરૂરિયાત ધરાવતા બાળકોને યોજનાકીય લાભ મળી શકે, તેવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં અનાથ અને એકલાપણું ધરાવતા બાળકોના ઉજ્જવળ ભવિષ્યો માટે સમાજ સુરક્ષા ખાતા દ્વારા પાલક માતા-પિતા યોજના અને ફોસ્ટાકેર યોજના કાર્યરત છે. આ યોજના અંતર્ગત ફોર્મ અને તેની સાથે જોડવાના થતા દસ્તાવેજો અંગે જિલ્લા બાળ સુરક્ષા એકમ, સેવાસદન-૧, પહેલા માળે, ધરમપુર રોડ, વલસાડનો રૂબરૂ અથવા ટેલીફોન નંબર ૦૨૬૩૨-૨૪૪૬૬૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

સુરતમાં રાષ્ટ્રીય સ્તરની બ્રેકીશ વોટર કોન્કલેવમાં ૭૦૦ જળ ખેડૂતો જોડાયા

ગુજરાત વિશ્વમાં શ્રેષ્ઠ ગુણવત્તાવાળા જીંગા નિકાલ કરતું એકમાત્ર રાજ્ય ગુજરાતમાં હેકટર દીઠ આશરે ૭.૫ ટન જીંગાનું ઉત્પાદન થાય છે

સુરત

સુરત કન્વેશન સેન્ટર સારસાણા ખાતે યોજાયેલી રાષ્ટ્રીય બ્રેકીશવોટર (ખારાપાણી) કોન્કલેવમાં ૭૦૦ જેટલા જળખેડૂતોએ જોડાયને જળચર ઉછેર અને ખાસ કરીને જીંગા ઉછેર પ્રવૃતિને વધુ વેગવાન બનવવા વૈજ્ઞાનિકો સાથે સંવાદ સાધી વિચારોનું આદાન પ્રદાન કર્યું હતુ. બ્રેકીશવોટર જળચર અને જીંગા ઉછેર ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરનારું રાજ્ય બન્યું છે.

આઈસીએઆર-સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેકીશવોટર એક્વાકલ્ચર (આઈસીએઆર-સીઆબીએ) એ સોસાયટી ઓફ કોસ્ટલ (એસસીએફઆઈ), ચેન્નાઈના સહયોગથી યોજાયેલી બે દિવસીય બ્રેકિશવોટર એક્વાફાર્મર્સ કોન્કલેવનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો, રાજ્ય વહીવટ, વૈજ્ઞાનિકો, શૈક્ષણિક અને જળચરઉદ્યોગ વચ્ચે રચનાત્મક સંવાદ દ્વારા વિચારોનું આદાન પ્રદાનનું પ્લેટફોર્મ મળી રહે તેનો છે. જેનાથી ખારા પાણીના ખેતીની હાલની સ્થિતિ અને તેના ટકાઉ વિકાસ માટે શું પધ્ધતિ વિકસાવી શકાય તેમાં મદદ મળી શકે.

ડો. જયકૃષ્ણ જેનાએ જણાવ્યું કે, બ્રેકીશવોટરમાં વર્ષ ૧૯૯૧માં ૩૦ હજાર ટન જેટલુ ઉત્પાદન થતુ હતુ જે આજે વધીને ૮ લાખ ટન જેટલુ થવા પામ્યું છે. ૩૦ વર્ષમાં ૩૦ ગણુ વધુ ઉત્પાદન વધ્યું છે જે અન્ય વ્યવસાયોની સરખામણીએ સૌથી વધુ છે. જેને વધારીને આગામી વર્ષમાં ૯ લાખ ટન પ્રોડક્શન કરવાનો લક્ષ્યાંક છે. છેલ્લાં ૨૦ વર્ષમાં મુશ્કેલ પરિસ્થિતીઓની વચ્ચે પણ આજે ફિશરીઝ વ્યવસાય વિકાસના પંથે ઉત્તરોતર આગળ વધ્યો છે.

આ પ્રસંગે ઉપસ્થિત મહારાષ્ટ્રના માત્સિયકી સચિવશ્રી અનુપ કુમારએ જણાવ્યું હતું કે, એક્વાકલ્ચરમાં શ્રીમ્પ પ્રજાતિ સિવાય એશિયન સીબાસ, કાલીન્દ્રી, બોઇ, મીલ્કફીશ, કોબીયા જેવી અન્ય માછલીની પ્રજાતિની વિદેશમાં ભારે માંગ છે. ૨૦૧૬-૧૭માં ઉત્પાદનની ટકાવારી ૩૧ ટકા હતી. ભારતથી અમેરિકામાં મોકલવામાં આવતી ફ્રોઝન શ્રીમ્પની ખુબ બોલબાલા છે. ભારતમાં ૭૦ ટકા ઉત્પાદન ફક્ત શ્રીમ્પનું કરવામાં આવેછે. આગામી ચાર વર્ષમાં ૧૮ હજાર કરોડનું રોકાણ બ્રેકીશવોટર એકવકલ્ચર ક્ષેત્રે કરવામાં આવી રહ્યું છે.

જીંગા ખેતીમાં ૨૫થી વધુ વર્ષનો બહોળો અનુભવ ધરાવનાર અને GAFDA (ગુજરાત એકવાકલ્ચર ફીડ ડીલર્સ એસોસિએશન)ના અધ્યક્ષશ્રી ડો. મનોજ શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ ૫૦ હજાર ટન જીંગાનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. વિશ્વભરમાં ગુજરાત સૌથી શ્રેષ્ઠ ગુણવત્તાવાળા જીંગા નિકાસ કરતુ એકમાત્ર રાજ્ય છે જે ખુબ ગર્વની વાત છે. અન્ય દેશોની સરખામણીએ ગુજરાતમાં હેક્ટર દીઠ આશરે ૭.૫ ટન જીંગાનું ઉત્પાદન મળે છે. હાલ રાજ્યમાં ૬૦૦ જેટલા ખેડુઓ જળખેતીમાં જોડાઈને બીનઉપજાઉ ખાર જમીનમાં મત્સ્ય ઉદ્યોગ દ્વારા વિદેશી હુંડીયામણ મેળવી રહ્યા છે. રોજગારીની તકોની આ ક્ષેત્રમાં વાત કરીએ તો એકવાકલ્ચર વ્યવસાયમાં હેક્ટર દીઠ ૪૦ લોકોને રોજગારી પ્રાપ્ત થાય શકે છે. ગુજરાતમાં ૩.૭૫ લાખ હેક્ટર એકવાકલ્ચર જમીન છે જે રાજ્ય માટે મોટી ઉપલબ્ધી છે.

SGCCIના અધ્યક્ષશ્રી કેતન દેસાઈ એ જણાવ્યું હતું કે, સુરત નજીકના ભવિષ્યમાં ડાયમંડ અને ટેક્ષટાઈલ સિટીની સાથે એકવાસીટી તરીકે પણ ઓળખાશે. ભારતમાં ૭૫૦૦ કિમી જેટલો દરિયાકિનારાનો વિસ્તાર છે જેના મત્સ્યઉછેર માટે આદર્શ છે જેના ઉતરોતર વધી રહેલ ઉત્પાદને અન્ય વ્યવસાયોને સ્પર્ધા આપી છે. જયારે ગુજરાતમાં આશરે ૧૮૦૦ કિમી જેટલા દરિયાકાંઠાના વિસ્તારમાં જળખેતી પર કેન્દ્રિત થાય એ પ્રાથમિક ધ્યાન બની રહ્યું છે. ફિશરીઝ માટે આગામી પાંચ વર્ષ માટે ભારત સરકાર દ્વારા ૪૫ હજાર કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

CIBA (સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બ્રેકીશ વોટર) ના નિર્દેશકશ્રી કે.કે.વિજયને પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભારતભરના ખેડૂતોને એકત્ર કરીને આ કાર્યક્રમ થકી અમે રાષ્ટ્રને કુદરતી ક્ષેત્રે અને આર્થિક રીતે સક્ષમ બનાવવાની અપેક્ષા સેવીએ છે. બ્રેકીશવોટરએ બહોળો પ્રમાણ ધરાવતું સંશાધન છે જેથી કરીને ભારતમાં 'બ્રેકીશવોટર' આર્થિક એન્જીન બની ગયું છે. એક્વાકલ્ચરનો રાષ્ટ્રભરમાં વિકાસ ૧૦ ટકાથી વધુ થવા પામ્યો છે. ગુજરાત જડપથી ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ પામી રહ્યું છે જેથી આ કોન્કલેવ દ્વારા સહુ જળખેડુઓ સાથે મળીને જળખેતી ક્ષેત્રે વિકાસ કરી જાગૃતતા તથા રોજગારની સીધી તકો પ્રાપ્ત કરે એજ સંદેશો પહોચાડવા માંગીએ છે.

બે દિવસીય આ પરિષદમાં મહારાષ્ટ્ર, ગોઆ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાંથી ૭૦૦ જેટલા જળખેડુતોએ મુલાકાત લીધી હતી. આ વેળાએ ગુજરાત એક્વાકલચર ફાર્મર્સ એસોસિએશન વલસાડના અધ્યક્ષશ્રી નરેન્દ્ર ટંડેલ, ગુજરાત એક્વાકલચર ફાર્મર્સ એસોસિએશન સુરતના અધ્યક્ષશ્રી રાહુલ ભગવાગર, સર્ધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ શ્રી કેતનભાઈ પટેલ, BAFACના આયોજન સચિવ ડો. એમ કુમારન તથા વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યાં હતા.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

નર્મદા જિલ્લા વનવિભાગના રોજમદારો સાથે અન્યાયથી કર્મચારીઓમાં રોષ : ઉગ્ર આંદોલનની વકી



રોજમદારો માંથી કાયમી કર્યાને ૧૦ વર્ષ થયા પણ હજુ સુધી તેમને મળવા પાત્ર હક્કો મળ્યા નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં વન વિભાગમાં કામ કરતા ચોકીદારોથી ડ્રાઈવર, ટાઈપિસ્ટ, ઓફિસ કામગીરી, કરતા કુશળ રોજમદારો ૧૯૯૦ પહેલાથી કામ કરે છે અને જેમની કેટલીય રજૂઆત બાદ રાજ્ય સરકારે ૨૯ ઓક્ટોબર ૨૦૧૦ ના રાજ્યના તમામ રોજમદારો સાથે જિલ્લાના ૩૦૦ જેટલા રોજમદારોને કાયમી કર્યા અને ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૪ ના ઠરાવ કરી કાયદેસર રીતે GR થી આ તમામ રોજમદારોનો વન વિભાગના કર્મચારીઓમાં સમાવેશ થયો. છતાં તેમના માટેનું મહેકમ હજુ બોલાતું નથી.વર્ષોથી નોકરી કરતા હોય જેમને જુના કર્મચારીઓ ગણી પેન્શન યોજના આપવી જોઈએ એના કરતા નવી પેન્સન સ્કીમ ગણી CPF ના ખાતા ખોલાવ્યા,વચ્ચે નિયમિત પગાર પણ ન થતા હતા ત્યારબાદ હડતાલો કરી ત્યારે પગાર થયો પણ હજૂ અમુક માંગણી તેમની સ્વીકારાતી નથી અને નર્મદા વન વિભાગની મુખ્ય કચેરી ની કામગીરી અને સ્થાનિક આધિકારીઓ સામે રોજમદારો ગંભીર આક્ષેપો લગાવી રહ્યા છે માટે આગામી દિવસોમાં એક જુથ થઈ આંદોલન કરવાની તૈયારીઓમાં હોવાનું જણાઈ રહ્યું છે.

વન વિભાગની ૯ રેન્જોમાં વિવિધ ટેબલ પર કામ કરાતા કર્મચારીઓ ની માગ છે કે ૨૦૧૦ થી ૨૦૧૭ સુધીના ઈજાફા તફાવત ના ૨૫ % રકમ આપી પણ ૭૫ %રકમ આજદિન સુધી મળી નથી, ૨૦૧૮ થી ૨૦૧૯ ના ઈજાફા તથા મોંઘવારી તફાવત ની રકમનો ચુકાદો કર્મચારીઓ તરફેણ માં આવવા છતાં આજ દીન સુધી છોડવામાં આવ્યો નથી.,વન વિભાગ ગાંધીનગર દ્વારા અને સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ડ્રાઇવર,ટાઈપિસ્ટ,ઓફિસ કામગીરી,કરતા કુશળ રોજમદારોને ૫૨૦૦-૨૦,૨૦૦ નો ગ્રેડ આપવાનું જણાવવામાં આવ્યું છતાં નર્મદા વન વિભાગ દ્વારા રોજમદારોની કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

સરકાર દ્વારા દર વર્ષે ચુકાદા બાબતે રોજમદારોના ખર્ચ માટે બજેટ આપવામાં આવે છે પણ કચેરી વાળા બીજા કામોમાં ખર્ચ કરી દે છે. આમ સૌથી વધુ કામ કરતા હોવા છતાં અમારા અધિકારીઓ જ અમારી સાથે અન્યાય કરે છે તેમ કહી સ્થાનિક અધિકારીઓ સામે રોષ ઠાલવ્યો હતો.

ભરૂચ ખાતેથી રોકડા રૂપિયા ૧૨,૫૦૦/-ના મુદામલ સાથે જુગારીયાને ઝડપી લેતી ભરૂચ સર્વેલન્સ ટિમ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તથા ના.પો.અધિ, ડી.પી.વાઘેલા ભરૂચ વિભાગ ભરૂચ ની સુચના અને માર્ગદર્શન હેઠળ ભરૂચ જીલ્લામાં પ્રોહી જુગાર અંગેની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા કેશો શોધી કાઢવા જણાવેલ જે અનુસંધાને આજ રોજ પીઆઈ જી.આર.શર્મા સર્વેલન્સ ટિમ સાથે મોટા ચાર રસ્તા,મુંશી મીઠાઈવાળની દુકાનની પાછળ, ભરૂચ ખાતે રેડ કરતા એક ઈસમ નામે એહશાન ખાન સમીઉલ્લાખાન પઠાણ રહે-ફુરજા રોડ,બરકતવાડ ભરૂચ પોતાના ફાયદા સારૂ આંક ફરકના આંકડા એક બુકમાં લખી લઈ સાધનો તથા રોકડા રૂપિયા ૧૨,૫૦૦/-ના મુદામલ સાથે પકડાઈ ગયેલ અને અત્રેના પો.સ્ટે.માં જુગાર ધારા કલમ-૧૨(અ) મુજબ ગુનો રજી.કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

નર્મદા જિલ્લાના શિવાલયોમાં મહા શિવરાત્રી નિમિત્તે ભક્તોની ભારે ભીડ,ઠેર ઠેર મેળાનું આયોજન



દેવમોગરાના પારંપરિક મેળામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના શ્રધ્ધાળુઓ આવે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના શિવાલયોમાં મહા શિવરાત્રી નિમિત્તે ભક્તોની ભારે ભીડ જોવા મળી ભમ ભમ ભોલે ના નાદ થી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા.

સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે મહા શિવરાત્રીનો મેળો શરૂ થતા આદિવાસી સમાજની કુળદેવી પાંડોરી માતાજીના મંદિરે દર વર્ષે યોજાતા પારંપરિક મેળામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ લાખોની સંખ્યામાં આદિવાસી સમાજના શ્રધ્ધાળુઓ ઉમટી પડશે.

મહાશિવરાત્રીના પવિત્ર દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ની ભીડ જોવા મળી હતી જેમણે શ્રદ્ધા પૂર્વક પૂજા અર્ચના કરી મેળાનો આનંદ માણ્યો હતો.સાથે સાથે રાજપીપળાના શિવ મંદિરો સહીત રાજપીપળાને અડીને આવેલા મણી નાગેશ્વર મહાદેવ મંદિરે અને જીતનગર ખાતેના મહાદેવ મંદિરે મેળાનું આયોજન થયું જેમાં પણ રાજપીપળા સહીત આસપાસના ગામોના ભક્તો ખુબ મોટી સંખ્યામાં દર્શનાર્થે પોહ્ચ્યા હતા.અને ભાંગની પ્રસાદીનો પણ લાભ લીધો હતો. નાંદોદના ધમણાચા નજીક સુખદેવ બેટ પાસે પાણીમાં આવેલા જલેશ્વર મહાદેવે પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

દામકાના બુટલેગર વિશાલ પટેલના ઘરમાં એસઓજી પોલીસનો છાપો

રૂા. ૭.૩૫ લાખનો મુદ્દામાલ ઝડપી પડાયો

સુરત

દામકાગામ દરજી ફરિયામાં ઈચ્છાપોર પોલીસે દરોડા પાડી દારૂનો જથ્થો, કાર, મોબાઈલ ફોન મળી કુલ્લે રૂપિયા ૭,૩૮,૫૫૬ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઈચ્છાપોર પોલીસે મળેલી બાતમીના આધારે દામકા ગામ દરજી ફળિયામાં દરોડા પાડ્યા હતા. આરોપી ભાવેશ જગદીશ પટેલ અને દિવ્યાંગ ભગવતી પટેલના કબજામાંથી બે દારૂની બોટલ, બે મોબાઈલ ફોન મળી રૂપિયા ૧૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ આરોપી વિશાલ વ્રજલાલ પટેલના ઘરની ઝડતી દરમિયાન રૂપિયા ૧૫,૯૪૦ની કિંમતની ૧૨૨ નંગ બોટલ, કારમાંથી રૂપિયા ૧૧,૬૧૬ની કિંમતની ૪૮ બોટલળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો, મોબાઈલ ફોન, કાર મળી કુલ્લે રૂપિયા ૭,૩૮,૫૫૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઈચ્છાપોર પોલીસે ભાવેશ જગદીશ, દિવ્યાંગ ભગવતીની ધરપકડ કરી હતી. જ્યારે નાસી જનાર વિશાલ વ્રજલાલ પટેલ, ક્રિષ્ના વ્રજલાલ પટેલને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પાંડેસરામાં ચપ્પુના ઘા ઝીંકી જીવલેણ હુમલો

સુરત

પાંડેસરા ગોપાલનગરમાં એક વ્યકિતની હત્યા કરવા માટે અજાણ્યા વ્યકિતએ છ જેટલાં ચપ્પુના ઘા ઝીંકયા હતા. પાંડેસરા પોલીસે હત્યાની કોશિષનો ગુનો દર્જ કર્યો હતો. પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાંડેસરા લિમન પોઈન્ટની બાજુમાં ગોપાલનગરમાં રહેતા સુજીત જગમાલ ચૌધરીએ આપેલી ફરિયાદ મુજબ કોઈ અજાણ્યા વ્યકિતએ ગોપાલનગરના ગેટ પાસે ફરિયાદીના ભાઈ ઉંમ્ય જગમલ ચૌધરી (ઉ.વ. ૩૩) ઉપર ચપ્પુના ઘા ઝીંકી જીવલેણ ઈજા પહોંચાડી નાસી ગયો હતો. બનાવ અંગે પાંડેસરા પોલીસે ફરિયાદ નોંધી પોસઈ જે.યુ. કલોત્રાએ તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીને લીધે નર્મદા જિલ્લામાં મેડિકલ કોલેજની ફાળવણી

(ભરત શાહ દ્વારા) રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું પીએમ મોદી દ્વારા લોકાર્પણ કરાયા બાદ ત્યાં રોજે રોજ હજારોની સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે.કેવડિયા વિસ્તારમાં પ્રવાસીઓ માટે અન્ય પ્રોજેક્ટો પણ આકાર લઈ રહ્યા છે.સાથે સાથે ભવિષ્યમાં ત્યાં મોટી મોટી હોટેલો પણ બનવાની સંભાવનાઓ રહેલી છે.તો સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓ અને સ્થાનિક આદિવાસી ઓને ત્વરિત સારવાર મળી રહે એ હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા નર્મદા જિલ્લાના રાજપીપળામાં ૩૦૦ બેડ વાળી હોસ્પિટલ અને મેડિકલ કોલેજની ફાળવણી કરાઈ છે. રાજપીપળાની સાથે નવસારી અને પોરબંદર ખાતે પણ મેડિકલ કોલેજની ફાળવણી કરાઈ છે.જેમાં ભારત સરકારના ૬૦% અને રાજ્ય સરકાર ના ૪૦% મળી પ્રત્યેક મેડિકલ કોલેજ માટે ૩૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે.આ માટે ૫/૧૨/૨૦૧૯ ના રોજ સૈદ્ધાંતિક મંજૂરીની સાથે રાજપીપળા હોસ્પિટલ માટે વડોદરા સરકારી મેડિકલ કોલેજ, નવસારી માટે સુરત સરકારી મેડિકલ કોલેજ અને પોરબંદર માટે જામનગર ની એમ.પી.શાહ મેડિકલ કોલેજના ડિનની નોડલ ઓફિસ તરીકે નિમણુંક પણ કરાઈ છે.



ટ્રમ્પનાં કાર્યક્રમમાં સુરતના ૮૪૬, નવસારીના ૧૯૩ અને ડાંગના ૧૧૦ પોલીસકર્મી ખડેપગે રહેશે

અમદાવાદ

૨૪ ફેબ્રુઆરીના રોજ અમદાવાદની મુલાકાતે યુએસએના રાષ્ટ્રપ્રતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે. તેમના બંદોબસ્તમાં આખા રાજ્યમાંથી પોલીસને અમદાવાદ બંદોબસ્તમાં બોલાવવામાં આવ્યા છે. તેના ભાગ રૂપે સુરતના ૮૪૬, નવસારીના ૧૯૩ અને ડાંગના ૧૧૦ પોલીસ કર્મી ત્રણ દિવસ ખડેપગે રહેશે.

સુરતના ૮૪૬ પોલીસ કર્મચારીઓ અમદાવાદ ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી સુરક્ષા માટે જશે. તેમાં ત્રણ ડીસીપી, પાંચ ડીવાયએસપી, ૧૦ પોલીસ ઈન્સ્પેક્ટર, ૫૪ પીએસઆઈ, ૨૬ એએસઆઈ, ૬૪૧ પુરુષ કોન્સ્ટેબલ અને ૧૦૭ મહિલા કોન્સ્ટેબલોનો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓ અમદાવાદ ખાતે પહોંચી ગયા છે. અમદાવાદમાં આવનારા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાઈ સિક્યુરિટ સુરક્ષા માટે નવસારી જિલ્લામાંથી ૧૯૩ પોલીસકર્મીઓ સુરક્ષા બજાવવા માટે ગયા છે. મળતી માહિતી મુજબ ૨ પીઆઈ, ૬ પીએસઆઈ અને ૧૮૫ પોલીસકર્મીઓ અમદાવાદ પહોંચી ગયા છે. ડાંગ જિલ્લામાંથી એક ડીએસપી, એક ડીવાયએસપી અને છ પીએસઆઈ સહિત ૧૧૦ પોલીસ કર્મચારીઓ બંદોબસ્ત માટે ફાળવવામાં આવ્યા છે. ડાંગ જિલ્લાનું કુલ પોલીસ મહેકમ ૩૦૯ છે, જેમાંથી ૪૦ ટકા જેટલું મહેકમ બંદોબસ્ત માટે ફાળવવામાં આવ્યું છે.

જયપુર-દિલ્હીથી આવતી ફ્લાઇટને સુરત એરપોર્ટ પર ધુમ્મસ નડ્યું, રેલ વ્યવહાર પર અસર

ધુમ્મસભર્યા વાતાવરણથી સુરત-ભરૂચમાં ઝીરો વિઝિબિલિટી, વાહનચાલકોને ભારે હાલાકી

સુરત

ભરૂચ અને સુરતના વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો હતો. સુરત અને ભરૂચમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. ધુમ્મસને કારણે વિઝિબિલિટી થઈ ગઈ હતી. અને તેને કારણે વાહનચાલકો અટવાઈ ગયા હતા. અને ધુમ્મસની અસર ટ્રેન વ્યવહાર ઉપર પણ પડી હતી. ધુમ્મસને કારણે ૫ જેટલી ટ્રેન નિયત સમય કરતાં મોડી પડી હતી.

ગુજરાતમાં અત્યારે પાનખર ઋતુ શરૂ થઈ રહી છે અને શિયાળો વિદાય લઈ રહ્યો છે. તેવામાં દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં ફેરફાર આવતાં વહેલી સવારે ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ભરૂચમાં ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઝિરો થઈ ગઈ હતી. ભરૂચ-સુરત વચ્ચે ધુમ્મસભર્યા વાતાવરણના કારણે રેલ વ્યવહારને અસર પહોંચી



હતી. મુંબઈ વડોદરા એક્સપ્રેસ, ગાંધીધામ એક્સપ્રેસ,રાજધાની અને ગરીબ રથ સહિતની ૫ જેટલી ટ્રેન નિયત સમયથી ૨૦ મિનિટ જેટલી મોડી પડી હતી.

તો સુરતમાં પણ ધુમ્મસને કારણે રસ્તા પર વાહન ચલાવતાં લોકો અટવાઈ ગયા હતા. સવારના સમયે હેડલાઈટ સિવાય કાંઈ દેખાય નહીં તેવા દ્રશ્યો સર્જાયા હતા. સુરત એરપોર્ટ ઉપર શુક્રવારે સવારે ભારે ધુમ્મસ હોવાને કારણે જયપુર અને દિલ્હીથી આવતી ફ્લાઈટને અસર થઈ હતી. દિલ્હીથી આવતી ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરવામા આવી હતી, જે બાદમાં ૯:૩૦ કલાકે સુરત આવી હતી. દિલ્હીથી સુરત આવતી ફ્લાઈટનો સમય ૭:૩૦ કલાકનો છે.

શિયાળો વિદાય લઈ રહ્યો છે, તેમ છતાં સુરત એરપોર્ટ આસપાસના ખુલ્લા ખેતરોમાં ગાઢ ધુમ્મસ હોવાને કારણે ફ્લાઈટના લેન્ડિંગમા તકલીફો પડે છે, શુક્રવારે સવારે ૭:૨૫ કલાકે જયપુરથી સુરત આવતી ફ્લાઈટને ૩૫ મિનિટ મોડી કરવી પડી હતી.

